હ. શાહ તૂરેલ પછીના પીર

# પીર પંદિયાતે જવાંમર્દી

યાને

## હક મૌલાના ઈમામ મુસ્તનસિરબિલ્લાહનાં પવિત્ર ફરમાનો

This Page intentionally left Blank

હ. શાહ તૂરેલ પછીના પીર

# પીર પંદિયાતે જવાંમર્દી

યાને

## હક મૌલાના ઈમામ મુસ્તનસિરબિલ્લાહનાં પવિત્ર ફરમાનો

ઉર્દુ તરજુમો
મીશનરી નસીરૂદ્દીન હુંઝાઇ

ગુજરાતી તરજુમો
એ. એ. ગીલાની

ઇસમાઇલી પ્રિન્ટીંગ પ્રેસ
ઇ. સ. ૧૯૦૧

This Page Intentionally left Blank

# આમુખ

ઈમામે ઝમાન હઝરત નુર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઈમામના અપરંપાર. અહેસાનો અને ફઝલો કરમના ગુણગાન ગાવા અને શુક્રાના અદા કરવા માટે બંદાની ઝબાન તથા કલમ બહુ ટુંકી છે. એ મૌલાએ પોતાની અનહદ કૃપાની નવાજિશ દ્વારા અમને એ તૌફીક તથા હિમ્મત ઈનાયત ફરમાવી કે અમે આ પવિત્ર કિતાબનો ગુજરાતીમાં તરજુમો કરી શકયા.

આ પુસ્તક ઈલ્મ, હિદાયત, હિકમત અને શનાખતનો મહા સમુદ્ર છે અને આપણા ૩૨માં ઈમામ હઝરત મૌલાના ધણી સલામત દાતાર સરકાર શાહ મુસ્તનસિરબિલ્લાહે પોતે તસનીફ ફરમાવી તેને પીરનો દરજ્જો આપ્યો હતો. પીર પંદિયાતે જવાંમર્દી ઈસમાઈલી તરીકાના પીરોની પવિત્ર યાદીમાં ૨૯માં પીર ગણાય છે.

ઈસમાઈલી ઉસુલો મુજબ હકના ઈમામો કે જેઓ મોહમ્મદ અને અલી અ. ની આલ પાકનાં અતુટ વંશવેલાના પવિત્ર ફળો છે તેમને સાહેબુલ અમ્ર અને ઉલિલ અમ્ર પણ કહેવામાં આવે છે, જેનો અર્થ થાય છે હુકમના માલિક અથવા ઈમામે ઝમાન.

હઝરત ઈમામુલ ઔલિયા સરદારે ઔસિયા અમીરૂલ મોમેનીન મૌલા મુર્તઝાઅલી ઈમામતના આદિ પિતા છે અને તેઓ પોતાના ફરઝંદ હ.મૌલાના ઈમામ હુસેનની નસ્લે પાકમાં થનારા એક પછી એક ઈમામમાં નુર સ્વરૂપે જલ્વાગર રહ્યા છે અને સદાકાળ રહેવાના છે. એ મૌલા જેમના નામનો હંમેશા જયજયકાર હોજો અને જેમના નામ પર સેંકડો હજારો દરૂદો અને સલવાતો તથા સિજદા હોજો. તેવણ ઈમામ હર હંમેશા પોતાનાં મોમિનોને દીની તેમજ દુન્યવી પ્રગતિ તથા તરક્કીને માટે પોતાના પવિત્ર ફરમાનો ફરમાવે છે જેમાં ઈસમાઈલીઓને માટે સદ્ભાગ્ય, ઈમાન, બંદગી, દીની તેમજ દુન્યવી દૌલત અને ભક્તિ તથા મુક્તિના ભંડાર ભરેલા હોય છે.

અગર મોમિનને રૂહાનિયતનું દુધપલ બાળક કલ્પવામાં આવે, તો હઝરત ઈમામ અલયહિસ્સલામનાં પવિત્ર ફરમાનોને હેત વાત્સલ્ય ભરી માતાના દુધની ઉપમા આપી શકાય છે. આથી મોમિનોએ એ રૂહાની માતાનું દુધ ઉત્સાહ અને ઉલ્લાસથી પીવું જોઈએ કે જેથી તેની આત્મજ્ઞાન ઉછરીને પરવાન ચઢી શકે.

અગર કમજોર મોમિનને રૂહાની રોગી સમજવામાં આવે તો હ. ઈમામનાં પવિત્ર ફરમાનોને એક ઉમદા દવાની ઉપમા આપવી જોઈએ. જેમ કે મૌલાના ઈમામ સુલતાન મોહમ્મદ શાહે ફરમાવ્યું છે કે "અમે હકીકતીઓના હકીમ છીએ."

જેમ દર્દી પોતાની તંદુરસ્તી પાછી મેળવવા માટે ડૉકટર જે દવા આપે તે નિયમિત પીએ છે તથા ડૉકટર જે પરહેજી બતાવે છે તે બરાબર પાળે છે. તેમ મોમિનોએ પોતાના રૂહાની તબીબ, ઈમામે ઝમાનને સમજવા જોઇએ અને તેમનાં ફરમાનોને ઉમદા દવા સમજીને તેનું વાંચન મનન ચિંતન અને અનુસરણ કરવું જોઇએ.

અગર કોઈ પછાત રહી ગયેલ મોમિનને તેનાં દિલ અને દિમાગને અણખેડાઉ જમીનની ઉપમા આપીએ. તો ઈમામે ઝમાનનાં પવિત્ર ફરમાનોને પાણીની ઉપમા ઘટે છે. જેમ પાણી સુકી ધરતીને સયરાબ કરે છે. પછી તે જમીન ફળદ્રુપ બને છે તેમાં જે બીજ વાવવામાં આવે છે તે એકનાં અનેક ગણાં ફળ આપે છે અને ફળફુલ તથા ધનધાન્યના ભંડાર ભરાઇ જાય છે એજ પ્રમાણે મોમિન પોતાના દિલો-દિમાગને મૌલાના હાઝર ઈમામનાં પવિત્ર ફરમાનોનું ચિંતન મનન તથા પાલનથી સયરાબ કરે તો તેમાં પણ ઇલ્મ, ઈમાન નુર નેકી બંદગી અને ભક્તિ તથા મુક્તિના ખુબસુરત બાગ બગીચાઓ ઉગી નીકળે છે. જેમ કે પીરોએ ગિનાનમાં ફરમાવ્યું છે કે :-

**ખેતી બોવે પ્રેમકી,**<br>**પાણી દીજે ગિનાન,**<br>**નુર તજલ્લી ફૂલ ફળે,**<br>**જો લાગે પિયાસું ધ્યાન.**

હવે, પાણીના ત્રણ પ્રકાર છે. એક આસમાનમાંથી વરસે છે, બીજું પહાડો પર જામેલો બરફ સુરજના તાપથી પીગળીને નીચાણમાં વહેળા આકારે વહેવા લાગે છે ને આગળ જતાં મોટી નદીનું સ્વરૂપ ધારણ કરી લે છે અને સમુદ્રને મળવા માટે ધસમસતી જઇ-જતાં જતાં રસ્તામાં તેના બંને કાંઠે આવતાં ખેતરોને તથા બાગ બગીચાઓને સયરાબ કરતી જાય છે. ત્રીજું કે કુવા અથવા તળાવોમાંથી મળી આવે છે જેને માણસો પીવા, નહાંવા, ધોવા તથા ખેતરમાં સીંચાઇ કરવા માંટે ઉપયોગમાં લ્યે છે. મુળ પાણી તો એકજ છે પણ માણસોને તે જુદા જુદા પ્રકારે મળે છે. એજ પ્રમાણે ઇમામે ઝમાનનાં ફરમાનોનો ફૈઝ પણ મોમિનોને જુદા જુદા પ્રકારે મળે છે. મૌલા મોમિનોના મજમામાં બીરાજીને રૂબરૂ ફરમાનો ફરમાવે તે ધરતી પર સીધા વરસતા વરસાદના પાણી માફક છે, હવે જે મોમિનો તે સ્થળે હાજર ન હોય તેમને એ પવિત્ર હિદાયતનો લાભ આપવા માટે મૌલાના મહાન દાઇઓ તથા ભક્તો જેઓ પહાડ સમાન છે, તેઓ પોતાના મસ્તકમાં આવેલા મગજમાં તે ફરમાનો યાદ રાખી લ્યે છે. મતલબ કે બરફ માફક જમાવી રાખે છે. પછી જ્યાં જ્યાં મજલિસો થાય છે ત્યાં એ દાઇઓ મૌલાના હાઝર ઇમામ રૂપી સુરજની પ્રેરણાના તાપ વડે એ ફરમાનો રૂપી બરફને પિગળાવીને હાજર મિજલસને સંભળાવે છે યાને કે તેઓના દિલોને હરિયાળાં કરે છે. ત્રીજું કે એ પવિત્ર

ફરમાનોને કલમબદ્ધ કરીને પુસ્તક આકારે પ્રગટ કરવામાં આવે છે. તે કુવા અથવા સરોવરમાં સચવાયેલા પાણી માફક છે. જેનો વર્ષો સુધી મોમિનોને લાભ મળતો રહે છે. તે એક ઉમદા પ્રકારનો સવાબે જારિયા છે.

મીશનરી નસીરૂદ્દીન હુંઝાઇ સાહેબે આ પવિત્ર પુસ્તકનો ફારસીમાંથી ઉર્દુમાં તરજુમો કર્યો હતો અને તેમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. જો કે આ પહેલાં પીર પંદિયાતે જવાંમર્દિનો ફારસીમાંથી સિંધી ખોજકી લીપી તથા અંગ્રેજી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો હતો, અને એ ખિદમતનું માન મહાન ઇસમાઇલી દાઇ સૈયદ દાદુપીર રહેમતુલ્લાહોના વંશજ બુઝુર્ગ ઇસમાઇલી વિદ્વાન સફદરઅલી બાવા ખાટી ગયા હતા. મુંબઇની જમાત તેમને સફદર બાવાના લાડ ભર્યા નામે ઓળખતી હતી તેઓ ફારસી ભાષા પર સારો કાબુ ધરાવતા હતા અને હ. ઇમામ સુલતાન મૌહમદ શાહ દાતાર જ્યારે ફારસીમાં ફરમાનો ફરમાવતા ત્યારે તેનો તરજુમો ગુજરાતી અથવા કચ્છી ભાષામાં જમાતને સંભાળવાની સેવા આપતા હતા. તેમને અનુવાદિત કરેલી આ પવિત્ર કિતાબ આજથી પચાસ વરસ પહેલાં મુંબઇમાં પ્રગટ કરવામાં આવી હતી. પણ તે અત્યારે અલેપ્લબ્ધ થઇ ગઇ હોવાથી અત્યારે બહાર પડતી આ પવિત્ર કિતાબ જમાતને અને રસ ધરાવતા વિવેકી સજનોને બહુ ઉપયોગી નિવડશે.

-એન. એન. ગૈન.

# પીર પંદિયાતે જવાંમર્દી

**પીર તે જે સાહેબે થાપ્યા;**
**નીમ જુગાજુગ પીરોને આપ્યા.**

(ગિનાન)

ઉસ્તાદ પીર સદરદીન પછી તેમના સપુત શાહઝાદા ઉસ્તાદ ગુરપીર હસન કબીરદીન સાહેબે ઉપખંડમાં મઝહબે ઈસમાઈલીયાનો બહોળો ફેલાવો કરવા ઉપરાંત આગલા પીરોએ રોપેલા સતપંથના સુવાસિત બગીચાના કુમળા છોડને ઈલ્મ, ઈશ્ક, ઈમાન અને હિદાયતનાં પાણી સીંચીને ઘટાદાર અને રસભરિત ફળોથી લચી પડતાં વૃક્ષો બનાવ્યાં. એ પછી તેમના ભાઈ પીર તાજદીનને એ ઝમાનાના ઈમામ મૌલાના શાહ મુસ્તનસિર બિલ્લાહે પીરાતનનો જામો ઈનાયત ફરમાવ્યો પણ તેમની વફાત ૨૧ વરસની ભરજુવાન અવસ્થામાં થતાં તેમના જામા વિસર્જન પછી કોઈની પણ પીર તરીકે નીમણુંક કરવાનું એ વખતના હાઝર જામાના ધણીને યોગ્ય ન લાગ્યું. કારણ કે ઉસ્તાદ પીર હસન કબીરદીન સાહેબના ૧૮ ફરઝંદોમાંથી ૧૭ ફરઝંદોએ પોત પોતાની જુદી જુદી મઝહબી દુકાનો માંડી, મુરીદો બનાવીને પોતાનો સ્વતંત્ર ઉદ્યોગ શરૂ કરી દીધો હતો. તેઓ સતપંથ મઝહબનો ચીલો ચાતરીને ગુરનાં ગિનાનોની પારેભાષામાં કહીએ તો "ઉવાટે" ચડી ગયા હતા. ફકત એક સૈયદ ઈમામ શાહ

બાવા મઝહબે ઇસમાઇલીયાના પ્રકાશિતપંથ પર મુકમ્મિલ રહ્યા હતા પણ તેમની હેયાતીમાં કે તેમની વફાત પછી તેમના દીકરા નુરમોહમદ શાહે પોતાના નામના પહેલા અક્ષરમાંથી "હરસ્વઉ" ઉડાડી નર મોહમ્મદ શાહ તરીકે પોતાને ઓળખાવી અલગ ઇમામશાહી પંથની બુન્યાદ નાખી દીધી. તેનો દાવો ખોટો હતો. સતપંથ ઇસમાઇલી મઝહબમાં "નર" ઇમામને કહેવાય છે અને "ગુર" તેમના સ્થાપેલા પીર સાહેબને કહેવાય છે. એ બંને બુઝુર્ગવારો હ. અલી-નબીના જ નુરના મઝહરો હોય છે. મૌલા મુશ્કિલ કુશાની ગાદી પર ઇમામુલ હાઝેરીન વ કાએમીન બિરાજે છે. અને હઝરત નબી મોહંમદ મુસ્તફાના મુસલ્લા પર જોમાના પીર બિરાજે છે. ઇમામનું જાહેર હોવું જરૂરી છે પણ પીરનો જોમો ક્યારેક પ્રગટ હોય છે તો ક્યારેક ઇમામના જોમા સાથે જ સમાવિષ્ટ હોય છે. આવી રીતે ગુર-નર અથવા શાહપીર અથવા અલી-નબી ક્યારેક એક રૂપે તો ક્યારેક બે જુદા જુદા જોમામાં હર ઝમાનામાં જલ્વાગર હોય છે.

દીને ઇસમાઇલીની દ્રષ્ટિએ કુર્આને કરીમની ગવાહીથી ઇમામે ઝમાન ઉલીલઅમ્ર મિન્કુમ હોવાથી તેઓ હુકમના સંપૂર્ણ સત્તાધીશ હોવાની હેસિયતથી તેઓ જેને ચાહે તેને પીરનો જોમો ઇનાયત ફરમાવી શકે છે. અવ્વલ પીર હઝરત નબી મોહમ્મદ મુસ્તફાથી લઇને અત્યારના મૌજુદા દૌરના ઇમામે ઝમાન, કુલ્લ પીરોના પીર હઝરત

મૌલાના ધણી સલામત દાતાર સરકાર નુર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઈમામ સુધી કુલ પચાસ પીરો થયા છે. તેમાં એક મહિલા, એક બાળક અને એક કિતાબને પણ પીરાતનનો જોમો મળેલો છે.

મહિલા પીર તે આપણા ૪૫ માં ઈમામ હ. મૌલાના ધણી સલામત દાતાર સરકાર આકા શાહ ખલીલ્લુલ્લાહનાં પુનિત બીબી સાહેબા પીર સરકાર માતા સલામત જેંઓ સામાન્ય રીતે બીબી સરકારના નામથી જાણીતાં થયાં હતાં. બાળક પીર તે આપણા ૪૭ માં ઈમામ આકા અલી શાહના પુત્ર પીર શહાબુદ્દીનશાહ માબાપના ફરઝંદ હ. પીર અબુલ હસન શાહ માબાપ, કે જેમણે ત્રણ કે ચાર મહીનાની ઉમરમાં પીરાતનનો દરજ્જો મળેલો હતો અને કિતાબ પીર તે પીર પંદિયાતે જવાંમર્દી.

હઝરત સૈયદના પીર તાજદીન માબાપના જોમા વિસર્જન પછી જ્યારે મુરીદોએ મૌલા પાસે પીરની માંગણી કરી ત્યારે ખુદાવંદ નૂર મૌલાના શાહ આગા મુસ્તનસિરબિલ્લાહ માબાપે પોતાના હસ્તમુબારકથી પોતાનાં પવિત્ર ફરમાનોની એક કિતાબ લખી અને એવણ ઈમામ સાહેબના પવિત્ર સપુત આપણા તેત્રીસમા ઈમામ હ. મૌલાના શાહ આગા અબ્દુસ્સલામ માબાપે તેને ૨૯ માં પીર તરીકે પ્રચલીત કરી મુરીદોને આપી. તેમાં લખેલી હિદાયત પ્રમાણે સતપંથ સિરાતીલ મુસ્તકીમ પર ચાલવાનો આદેશ આપ્યો. તેથી આ

કિતાબમાં મૌલાના શાહ અબદુસ્સલામ માબાપનું મુબારક નામ પણ નજરે પડે છે.

મઝકુર કિતાબ હઝરત પીર પંદિયાતે જવાંમર્દી ફારસી ભાષામાં લખાયેલી છે. તે આપણા બદખશાની, ખાલુ અને અન્ય ફારસીભાષી ઈસમાઈલી દીનદારોમાં ઘણીજ મશહુર અને મકબુલ છે અને તેની સેંકડો હસ્તપ્રતો તેઓ પાસે મૌજુદ છે. તેનો તરજુમો ઉપખંડના ઈસમાઈલી આખુંદ બુઝુર્ગોએ સિંધીમાં પણ કરેલો હતો અને તેને સૌ પ્રથમ છાપીને પ્રસિદ્ધ કરવાના સવાબનો સહેરો મુંબઈના જુના ઈસમાઈલી પ્રન્ટીંગ પ્રેસ "અલાદીન છાપખાના"ના શીરે છે.

આજથી લગભગ ૭૦ વરસ પહેલાં એટલે ૧૯૦૦-૦૧ની સાલમાં અલાદીન છાપખાના તરફથી બહાર પાડવામાં આવેલ આ પવિત્ર કિતાબની પ્રસ્તાવના અહિં અક્ષરશ પેશ કરવામાં આવે છે, જેથી વાંચક બિરાદરો અને મઝહબી પ્રણાલિકાગત દસ્તાવેજના મહત્વને સમજી શકશે.

આશા છે તથા નમ્ર વિનંતી પણ છે કે આ કિતાબ, કે જે એક જમાનામાં જેમાના પીરનો દરજ્જો ધરાવતી હતી તે પીર પંદિયાતે જવાંમર્દીનું મુરબ્બી દીનભાઇ બહેનો પ્રેમથી અને અકીદતથી વાંચન કરે અને જતનથી સન્માનથી અને અકીદતથી જાળવી રાખે.

–પ્રગટકર્તા

# અનુક્રમ


વિષય — પાના નંબર

૧) હકીકી મોમનનાં ગુણો ........................ ૧
૨) ખુદાનો સાચો બંદો ........................ ૧૦
૩) સખાવત અને કંજુસી ........................ ૧૭
૪) બદનજરી ........................ ૨૬
૫) ઝિકર અને ફિકર ........................ ૨૯
૬) મુનાફિકની ઇલ્મની દુશ્મની ........................ ૩૪
૭) દિદારને માટે કુરબાનીઓ-૧ ........................ ૩૮
૮) ખુદાનો મહેલ અને તખ્ત ........................ ૪૨
૯) હાઝર અને નાઝરનો મતલબ ........................ ૪૪
૧૦) હકીકી મોમનનો દરજ્જો ........................ ૪૬
૧૧) પીર અને શિક્ષક ........................ ૪૯
૧૨) નજાતની કિશ્તી ........................ ૫૫
૧૩) સાચી ખુશીનું સ્થાન ........................ ૫૯
૧૪) બુરાઇનો અંજામ ........................ ૬૧
૧૫) ઝિન્દા સમુદ્ર ........................ ૬૨
૧૬) દિદારને માટે કુર્બાનીઓ - ૨ ........................ ૬૪

૧૭) ઈસરારે ઈમામત ........................ ૬૬

૧૮) પરસ્પર ભાઈચારો ........................ ૬૭

૧૯) આખરતની ખેતી ........................ ૭૧

૨૦) ખુદાની મારેફત ........................ ૭૩

૨૧) અનુકરણના પરિણામો ........................ ૭૯

૨૨) સૌથી મોટી દૌલત ........................ ૮૩

૨૩) માલે વાજબાત ........................ ૮૫

૨૪) ઈમામની શનાખત ........................ ૮૬

૨૫) નૂરાની દિદાર ........................ ૮૭

૨૬) બુનિયાદી ગલતી ........................ ૮૮

૨૭) ફરમાંબરદારીની બરકતો ........................ ૯૦

૨૮) હલાલ ભોજન અને લિબાસ ........................ ૯૩

૨૯) નાફરમાનીનું પરીણામ ........................ ૯૬

૩૦) આખેરત પર યકીન ........................ ૧૦૦

૩૧) રૂહાની તરક્કીનો ભેદ ........................ ૧૦૪

૩૨) બાર જવાંમર્દીઓ ........................ ૧૦૬

૩૩) રૂહાની દીદારની શરતો ........................ ૧૨૬

૩૪) ફિંદિયાતે જવાંમર્દીઓ ........................ ૧૨૭

This Page Intentionally left Blank

# પીર પંદિયાતે જવાંમર્દી
# હકીકી મોમનના ગુણો

જાણી લ્યો કે આપણા આકા ઈમામે ઝમાન હઝરત મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ અલયહિસ્સલાતો વસ્સલામે પોતાના મુખ મુબારકથી ફરમાવ્યું કે :-

હકીકી મોમન તે છે કે જે પોતાના માલ યાને કમાઈમાંથી દસમો ભાગ, જે ઈમામે હાઝિરનો હક છે તે સિદ્દક દિલથી અને પુરેપુરો અલગ કરીને પોતાના ઈમામે ઝમાનને હવાલે કરી દ્યે છે, તે એ ઉસુલથી કે તે તમામ આર્થિક લાભ તથા કમાઈ જે એને પ્રાપ્ત થાય તેના દસ ભાગ કરે છે અને પોતાની એ રિઝક અને રોજી જે અલ્લાહતઆલા પોતાના બંદાને ઈનાયત ફરમાવે છે અને તે દસ ભાગોમાંથી એક ભાગ ઈમામે ઝમાનની માલિકીનો છે તેને હકીકી મોમન જુદો કરી દ્યે છે. અને તે હિસ્સો હઝરત શાહે મર્દા મૌલા મુર્તઝાઅલી જે હયાત અને હાઝર છે તેમની હુઝુરપુરનુરમાં જરાય વધઘટ વગર પહોંચતો કરે છે.

હકીકી મોમન તે છે કે જે શરીઅતથી તરીકતમાં અને તરીકતથી હકીકતમાં-જે શરીઅતનું બાતિન છે, તેમાં દાખલ થઈ જાય છે. શરીઅત એક દીવા મીસાલ છે અને તરીકત રસ્તા માફક છે. અને હકીકત તે

મંઝીલે મકસુદ માફક છે. મોમનને એવી કોશીશ કરવી જોઇએ કે તે દીવાના અજવાળામાં સીધા રસ્તા પર ચાલી શકે અને હકીકતના ઘરમાં દાખલ થઇ જાય. અને હકીકતની બુનિયાદ ઇમામે ઝમાનને ઓળખે અને દરેક ચીજનો મકસદ તેની આંતરિક અસલિયત છે. કેમકે ચીજનો નીચોડ મગજ અને રસ તો એ જ છે. તો શરીઅતથી પયગમ્બર સલ્અમની આંતરિક બુઝુર્ગી છે જેનું નામ હકીકત છે અને ઇમામે વક્તની ઓળખાણ મારફત પર કાયમ છે.

---

(દસોંદ તે કુર્આને શરીફ મુજબ "ઉશ્રઅલ્લાહ" યાને અલ્લાહનો દસમો ભાગ અને ઝકાત તે ૪૦મો ભાગ યાને અઢી ટકા એમ મેળીને સાડાબાર ટકા થાય છે. પીરોએ એનો ખુલાસો આ પ્રમાણે ફરમાવ્યો છે :-

એજી દસોંદ તે દસમી પાંતી કહીયે
અને કહીયે તે નરજીનો આહાર,
ચાલીસો પીર મુખે આલીયે
પીરી મુરીદીનો એ છે વહેવાર... ચેતો
એજી તે શાહ પીરની પાંતી અળગી કરો,
અને બીજો કરો પોતાનો આહાર,
તે માંહે તો બરકત થાશે ઘણી,
તેમાં સેંસો મ આણજો લગાર... ચેતો.

મોમન તે છે કે જે બુલંદ હિમ્મતવાળો હોય છે અને તે દરેક વરસના બારેય મહીના યાને આખું વરસ સારા કામ અને નેક આમાલ કરે છે. હંમેશા હકતઆલાની યાદમાં રહે છે તે સાચી વાત કહે છે અને સાચી વાત જ સાંભળે છે. સચ્ચાઇ પર કાયમ રહે છે, સચ્ચાઇ પર ચાલે છે. તેનું અંતર પાક હોય છે અને તેનું દિલ સાચું અને સાફ હોય છે.

મોમન તે છે કે જેનું મન પાક અને સાફ હોય તેમજ તે એવું ઉત્તમ હોય કે હરામખોરીનાં ખરાબ કામો પાછળ ન જાય.

મોમન તે છે કે જે પોતાની આંખોથી સારૂં અને સાચું જુએ. નાહકની નજર ન કરે, શું પરાયા માલ તરફ કે શું પરાઇ ઓરત તરફ તે બદનજર ન કરે.

મોમન તે છે કે જેની જબાન સત્ય હોય તે કદી ગાળ ન કાઢે અને ખોટું પણ ન બોલે. તેમ ગીબત પણ ન કરે તે જે કાંઇ પોતાને માટે યોગ્ય નથી સમજતો તે બીજાને માટે પણ યોગ્ય ન સમજે.

મોમન તે છે જેનું વચન એકજ હોય તેની વાત સીધી હોય, વાંકુ ન બોલે.

મોમન તે છે કે જે વાયદો કરે તો તેને વાજબ છે કે પોતાનો વાયદો સાચો કરી દેખાડે. તેના પર બરાબર અમલ કરે યાને વાયદા ખીલાફી ન કરે.

મોમન તે છે જે હલાલનું ખાય; મોમન કદી હરામનું ખાવાવાળો ન હોય ને પોતાના મોઢામાં લુકમો હલાલનો ખાય ને હરામનું ન ખાય.*

મોમન તે છે જે દિલનો સાફ હોય અને અદેખાઇ તથા પોતાના દિલમાં દુશ્મની ન રાખે ને જલદી ગરમ ગુસ્સે ન થાય તે પોતાનું દિલ સાચું અને પોતાની દ્રષ્ટિ સાફ રાખે.

---

(*હરામનું ખાવાથી એજ ઘડીએ મોમન મૌલા મુશ્કિલકુશાના દોસ્તોની ગણત્રીમાંથી બાતલ થઇ જાય છે. આ માટે એક મશહુર રિવાયત છે. જે ૪૮મા પીર શાહબુદીન શાહે રિસાલા દર હકિકતે દીનમાં ફરમાવેલ છે કે એક વખત મૌલા મુર્તઝાઅલીની હુઝુરમાં કોઇ બેદીન મુનાફિકે અરજ કરી કે સાહેબ, તમારા શીઆઓ દુનિયામાં ગુનાહનાં કામ કરે છે અને હરામખોરી કરે છે. જવાબમાં મૌલાએ ફરમાવ્યું કે અમારા શીઆઓ (દોસ્તો) કદી પણ હરામખોર નથી હોતા. અલબત તેઓ ક્યારેક નાના મોટા ગુન્હાઓમાં ગિરફતાર થઇ જાય છે, પણ અમારી મોહબ્બતની અમર જ્યોતની જ્વાળામાં તેઓના ગુનાહો બળીને ભસ્મ થઇ જાય છે. હરામખોર તેઓ છે કે જેઓ અમારો હક નથી ઓળખતા અમારા હક ગસબ કરી ગયા છે અને અમારી દુશ્મની કરે છે.)

મોમન તે છે કે જેનું દિલ ચોકખું હોય અને સાચું હોય. તેના હાથ પણ સાચા હોય, પરાઇ ઔરત કે પરાયા માલ તરફ તેનો હાથ ક્યારેય નાહકને રસ્તે લાંબો ન કરે.

મોમન તે છે જે પોતાના દિલને પરાઇ ઔરતથી હરામખોરી કરવાથી અટકાવે અને તે તરફ ન જાય. જે કોઇ પરાઇ ઔરત પાસે બદ ઈરાદાથી જાય તો તે પોતાની સગી માતા પાસે ગયો એમ નક્કી સમજવું.

મોમન તે છે જેનો પગ સચ્ચાઇ ઉપર હોય. શું પારકા માલ પાછળ કે શું પારકી ઔરત પાછળ તે ખોટે રસ્તે ન જાય.

હકીકતી મોમન તે છે કે જે માથાથી પગ સુધી સાચો અને સાચો જ હોય અર્થાત તે સાચું બોલનારો, સાચું સાંભળનારો હોય સાચે જ રસ્તે ચાલનારો હોય. સાચી સંગતમાં બેસનારો અને સચ્ચાઇને માટે જ ઉઠનારો હોય છે.

હકીકતી મોમન તે છે કે જે સાચ અને જૂઠને ઓળખી શકે છે. હલાલ અને હરામ વચ્ચેના તફાવતને સમજી શકે છે. અને તેઓને તરત એક બીજાથી જુદાં કરી શકે છે.

હકીકતી મોમન તે છે કે જે વધુ પડતો હસતો નથી, કેમ કે ઠઠ્ઠા મશ્કરી તે ગફલત યાને ખુદાને વિસરી જવાથી પેદા થાય છે. અને અટ્ટહાસ્ય એ તો શયતાનની જ સુરત છે અને વગર કારણે હસવું હરામ છે. કોઈ હલાક કરી દેનાર જોખમમાંથી ઉગરી ગયા હો તો એ વખતે હસવું તેમાં વાંધો નથી નહીંતર જે માણસને મરી જવું છે, અને જે દરવેશ છે તેને તો હસવું આવેજ શાનું ? અને કદાચ તે ભુલમાં હસી પણ લ્યે છે તો એ શા કામનું છે ? જેના વિષે ખબર હોય કે તેના પછી ગમગીની આવવાની જ છે. વળી એવા એશ આરામમાં પણ શો ફાયદો છે જેના પછી પડતી આવવાની જ છે.

હકીકતી મોમન તે છે કે જે હંમેશા ખુદાની યાદમાં મશ્ગુલ હોય અને હંમેશા ખુદાના ડરથી અથવા તેના દિદારની તમન્નામાં ગિરિયાઝારી યાને અશ્રૂપાત કરતો રહે.

હકીકતી મોમન એ છે કે તે જ્યાં પણ હોય અને જે પણ નેક કામ કરતો હોય તો સૌથી પહેલાં તેણે મહાન દયાવંત ખુદાવંદતઆલાને યાદ કરવા જોઈએ. હંમેશાં ખુદાવંદતઆલાના ખ્યાલમાં રહેવું જોઈએ. લોકોની સ્ત્રીઓ તથા દીકરીઓને પોતાની માતા તથા બહેન સમાન સમજવી જોઈએ.

હકીકતી મોમન તે છે કે જે હંમેશા ઝિકર ફિકર અને ખુદાવંત ઝુંલજલાલની શનાખતને માટે કોશીશો કરવામાં મશ્ગુલ હોય. તે કયામતના દિવસનો ડર રાખે છે અને મહાદનની ભયંકર તકલીફોથી હંમેશા જાણકાર રહે છે અને તેનાથી ડરે છે.

હકીકતી મોમન તે છે કે રોઝે કયામતનો હિસાબ જે હકતઆલા તેનાથી લેવાનો છે તેનાથી બહુ ડરે છે અને એ હિસાબથી પહેલાં દરરોજ તે પોતે પણ પોતાના આમાલનો હિસાબ કરતો રહે છે.

હકીકતી મોમન તેજ છે કે જે હંમેશા પોતાના મોતને યાદ કરે છે અને કયામતના દિવસને પોતાની નજીક જ જુએ છે અને તેનાથી બહુ ડરતો રહે છે.

હકીકતી મોમન તે જ છે કે જે ખુદાથી ડરે છે એનાથી શરમાય છે કુફ્રની વાતો નથી કરતો અને હકતઆલાની યાદથી જરાપણ ગાફલ નથી રહેતો.

હકીકતી મોમન તે જ છે કે જે આખરતથી જાણકાર રહે છે અને પોતાનું મોત ભુલી જતો નથી.

હકીકતી મોમન તે છે કે જે હંમેશા ઈમામે ઝમાનના ફરમાન અને તેના હુકમની તાબેદારી કરે છે.

હકીકતી મોમન તે જ છે કે જે ખુદાવંદે ગફ્ફારને હમેશાં પોતાની સામે હાજર નાજર રૂબરૂ અને પોતાના શરીરથી પણ વધારે નજીક સમજે છે.

હકીકતી મોમન તે જ છે કે જે કોઇ પણ કામકાજ કરે તેમાં પોતાના ખુદાવંદને તે પોતાની પાસે હાજર સમજે છે.

હકીકતી મોમન તે જ છે કે જે પોતાના ખુદાવંદને ઓળખે છે સચ્ચાઇથી ચાલે છે અને પોતાના દિલ અને જબાનમાં એક વચની હોય છે.

હકીકતી મોમન તે જ છે કે મોમનોની અને નેક લોકોની સોબતમાં રહીને ઇલમની વાતો સાંભળે છે અને તેને યાદ રાખે છે.

હકીકતી મોમન તે છે કે જે પોતાને મુરદા અને કંઇ નહીં સમજે છે અને સચ્ચાઇ અને કમાલિયત સાથે માથાથી લઇને પગ સુધી પોતાનાં બધાં જ અવયવોને હકતઆલાના ફરમાનમાં રાખે છે.

હકીકતી મોમન તે છે કે જે પોતાના ગુનાહો પર નજર કરી ખુદાથી ડરે છે અને તૌબા કરે છે.

હકીકતી મોમન એ છે કે જફાકશ; મહેનતુ, ખામોશ અને ઓછું બોલવાવાળો હોય છે.

હકીકતી મોમન એ જ છે કે હંમેશા સાબિર, સાચો અને પરહેઝગાર હોય છે. બુરા કામોથી દૂર રહે છે. તે ચારિત્રશીલ, પવિત્ર અને સાફદિલ તથા કિન્ના વગરનો હોય છે.

હકીકતી મોમન તે છે કે જે પોતાના આમાલ અને અહેવાલથી હંમેશા પરિચિત રહે. ગાફલ ન રહે. મોતની તકલીફ અને જીવ નીકળવાની પીડાથી હંમેશા સાવધાન રહે. કબરનો આઝાબ અને નકીર મુનકીરના સવાલ જવાબથી પણ ડરતો રહે અને તેને ભૂલી ન જાય.

હકીકતી મોમન તે છે કે જે ઇમામે ઝમાન હાઝર જોમાના ધણીને ઓળખે. કેમ કે એવણ જનાબ આ દુનિયામાં સદાય હાજર છે. તેમને ઓળખવા જોઇએ. અને તે મૌલાનો હક માલેવાજબાત તેમની હુઝુરપુરનુરમાં પહોંચાડી દેવો જોઇએ, તેમને સમર્પણ કરી દેવો જોઇએ અને તેમની મોહબ્બત અખત્યાર કરવી જોઇએ.

હકીકતી મોમન તે છે કે જે હંમેશા રાતદિન ખુદાની યાદમાં રહે અને તેની ઝબાન પર ખુદાના નામના રટણ સિવાય બીજું કંઇ હોતું નથી યાને ઝિક્રે ઇલાહી સિવાય તે બીજી કાંઇ પણ વાત કરતો નથી.

# ખુદાનો સાચો બંદો

હ. મૌલાના ઈમામ મુસ્તનસીરબિલ્લાહ એ ફરમાવ્યું કે જાણી લ્યો,

ઓ ઈમાન વાળાઓ અને ઓ સદાકત વાળાઓ, જે માણસનું દિલ સાફ અને કિન્ના વગરનું હોય. તે હંમેશા ખુદાના ઝિકર અને ફિકરમાં રહે છે. અને તેની ઝબાન દરેક વખતે ખુદાની તારીફમાં મશ્ગુલ રહે છે અને ખુદાનો સાચો બંદો એ જ છે જે ખુદાના ડરથી હંમેશા ગિરિયાઝારી વ અશ્રુપાત તથા આધીનતાથી વિનંતી કરતો રહે છે તો ખરેખર તેના ગુનાહ એવી રીતે ખરી પડે છે જેવી રીતે પાનખર રૂતુમાં કોઈ ઝાડનાં પાંદડા ખરી પડે છે અને જેમ આકાશમાંથી બરફ પડે છે અને તે સૂરજના તાપથી પીગળી જાય છે. જે માણસ કયામતથી ડરી જાય છે તો તેના ગુનાહ પણ એવી જ રીતે ઓગળી જાય છે.

જે શખ્સ ઢંગધડા વગરની અને કટાણે તેમ્જ વગર વિચાર્યે વાત કરે છે, ખરાબ અને ભુંડા શબ્દો તેમજ નકામી વાતો કરે છે, ઠઠ્ઠા મશ્કરી તેમજ ગફલત કરતો હોય, અથવા બીજાઓની સ્ત્રીઓની બુરાઈઓ બયાન કરતો હોય અથવા તેના એબો ગણતો હોય અથવા લોકોની સ્ત્રીઓ તરફ જોયા કરતો હોય યા તેમનો આશિક બનતો હોય અથવા એવી સ્ત્રી કે જે પરાયા

મરદ સાથે દોસ્તી રાખતી હોય તો તૌબા નૌઝુબિલ્લાહ એવા શખ્સે પોતાની જિંદગી આખી જે કંઇ ઇબાદત બંદગી કે દુઆ ગુઝારી હશે અને જે કંઇ નેકીઓ કરેલી હશે તે બધી બરબાદ થઇ જશે. જેવી રીતે એક સ્વાદીષ્ટ ખાણામાં કોઇ ઉંદરની લીંડી પડી જાય અથવા ગંદકી પડી જાય તો તે ખરાબ થઇ જાય છે તેમ એ નેકી બંદગી બધું બરબાદ થઇ જશે. ખુદાવંદતઆલા એવા શખ્સથી નારાજ થઇ જાય છે અને તે શખ્સના કામમાં નુકશાન થાય છે અને તે દરબદર તથા હેરાન પરેશાન થાય છે. દુનિયા અને આખરતમાં તેને માટે અંધારૂં અને ઝુલ્મતો હશે અને આખરતમાં તેને માટે આઝાબ હશે. તે દોઝખમાં પડશે અને નિરાશાની આગમાં તે સળગતો રહેશે. બદફેલી તથા ભુંડા કામની એવી જ સજા છે આવા લોકો દુનિયામાં હેરાન પરેશાન દરબદર અને આખરતમાં કાળા મોંઢાવાળા તથા દોઝખી થઇ જાય છે.

હકીકતી મોમન હંમેશા સાબિર, ધીરજવાળો, ક્ષમાશીલ, સાચો દીનદાર પરહેઝગાર, સાફ દિલનો અને કિન્ના વગરનો, હસદ વગરનો અને દરેક કામમાં ખુદાવંદને પોતાની સામે હાજર નાજર સમજનાર હોય છે. અને હંમેશા હકતઆલાની યાદમાં રહે છે. જે બંદો એવો હોય તો તેને માટે દુનિયામાં નૂર અને ખુશાલી હોય છે. અને

આખરતના દિવસે તે બહેશ્તમાં પોતાના આકા મૌલા મુર્તઝાઅલીના દિદારમાં મશ્ગુલ હશે.

હકીકતી મોમન તે છે જેનાં વાણી અને વર્તન એક અને સાચાં હોય છે. એ બંદાના દિલના ખ્યાલ પણ સાચા હોય છે. તેનો વાયદો પણ સાચો હોય છે. તેની મોહબ્બત અને મૌલા ઉપરનો પ્રેમ પણ સાચો હોય છે. અને તે બંદો માથાથી પગ સુધી સાચો હોય છે. તે મધુરભાષી અને વિનયી તેમજ નરમાશથી વાત કરનારો હોય છે. તેનો રૂહ સચ્ચાઈથી શોભાયમાન હોય છે. તેની ઝબાન પર સતત ઝિકર ચાલુ હોય છે હંમેશા ખુદાની ઝિકર અને ફિકરમાં રહે છે. તેના સીફત, તારીફ તથા મારેફતમાં મસરૂફ હોય છે. તેના આમાલ તથા ચાલચલગત ઉત્તમ હોય છે. તે પોતાના ખુદાવંદ અને પીરની ફરમાબરદારી કરે છે તેની ઝબાન પર પંજતન પાકનાં મુબારક નામ હોય છે. ખુદાની યાદમાં તસ્બીથી તેને મોહબત હોય છે પોતાના આકા હઝરત સાહેબુલ અમ્ર ઈમામે ઝમાનને તે ઓળખે છે. અને તેમની નઝદીકી, ફરમાંબરદારી તથા ઈતાઅતને માટે કોશીશ કરે છે તે પોતાને તથા પોતાનાં તમામ દીની તથા દુન્યવી મામલાઓને મૌલા અલી ઈમામે ઝમાન જેઓ દુનિયા તથા દુનિયાની તમામ ચીજોના માલિક છે. તેમને હવાલે કરી દે છે.

હકીકતી મોમન તે છે કે જે પોતાનો ધંધો રોજગાર તથા આવક જાવક અને નફાનો હિસાબ કરે છે અને તેમાંથી દસમો ભાગ અલગ કાઢીને માલેવાજબાત તરીકે સાચા દિલથી મોહબ્બતથી તથા અકીદતથી દસોંદનો માલ હઝરત સાહેબુઝમાનની હઝુરપુરનુરમાં પહોંચતો કરે છે. તે જો સિદક દિલથી તથા સાચા ઈમાનથી આમ કરે છે તો તેને દુનિયા તથા આખેરતમાં ખુશનસીબી તથા સુખ સંપત્તિ પ્રાપ્ત થાય છે. ખુદાવંદતઆલા તેનાથી રાજી થાય છે કેમ કે તેણે ખુદાનો હક અદા કરી દીધો હોય છે. અને એ જ મોમન ખુદા દોસ્ત તથા ઇખ્લાસમંદીની નિશાની હોય છે. માત્ર એવો માણસ જ સાચો સાબિર, સંસ્કારી પાક સ્વભાવનો, પરહેઝગાર તથા ચારિત્ર્યવાન અને દરવેશ સિફત હોય છે, તે પોતાને કંઇ નથી સમજતો તે પોતાને બહુ ગુનેગાર સમજે છે, તે પોતે અભિમાન કે આપવડાઇ નથી કરતો.

હકીકતી મોમન તે છે જેના દિલમાં કિન્નો ક્રોધ કે અદાવત નથી. હમેશાં પોતાના પરવરદિગારના ઝિકર ફિકરમાં રહે છે. તેનાં દિલ અને ઝબાન એક જ હોય છે. તમામ મોમિનો સાથે તે મેળમિલાપ અને મોહબ્બત રાખે છે. તે આખરની ફિકરમાં રહે છે અને ઇલમની વાતોને યાદ કરે છે. હકતઆલાની રાહમાં તે રોજ બરોજ આગળ વધતો રહે છે. ખુદાની રાહમાં ચાલવાથી

તે ક્યારે થાકતો નથી. સતપંથને રસ્તે ચાલવામાં તેને જે તકલીફો પડે છે તેનાથી તે દિલગીર નથી થતો અને દીનમાં તે નાશુકરી કે સુસ્તી નથી કરતો બલકે શોખ અને મોહબ્બતથી દીનનાં કામો કરતો રહે છે. રોજ બરોજ તેનો પ્રેમ અને શોખ વધતો જાય છે. દિન પ્રતિદિન તેનાં વાણી વિચાર અને વર્તન ઉત્તમ થતાં રહે છે તેમજ તેનું ઈમાન પણ વધુ ને વધુ મજબુત તથા પ્રકાશીત થતું રહે છે. ત્યાં સુધી કે તેનું દિલ અરીસા જેવું સાફ થઈ જાય છે. તે હંમેશા ખુદાની રાહમાં હોશિયાર રહે છે, ખુદાની મોહબ્બતમાં તે રૂદન કરે છે અને ઓછું હસે છે દરેક વખતે તેનું ધ્યાન ખુદામાં જ લાગેલું રહે છે હકતઆલાને સતત યાદ કરે છે કયામતના દિવસથી ડરે છે ખુદાએ ગફફાર તથા પોતાના ઈમામે ઝમાન કે જે સાહેબુલ વક્ત છે તેમને તથા પોતાના પીરને હંમેશા યાદ કરે છે, તેણે પોતાના પીરનો દામન પકડેલો હોય છે કેમ કે એજ પીર કયામતને દિવસે મોમિનોની ફરિયાદ સાંભળશે અને મુશ્કેલી આસાન કરશે. બીજું કોઈ દાદ ફરિયાદ નહીં સાંભળે.

ઓ મોમિનો ઓ સત્યવાદીઓ ખાસ બંદાઓને માટે દીનનુ કામ આસાન છે. યાને ખુદાવંદતઆલાની મોહબ્બત અને ઈશ્ક, મોમીનોને માટે આસાન અને અત્યંત સુખકારક તથા સ્વાદિષ્ટ છે. ખુદાવંદે બુઝુર્ગનો ઈશ્ક મોમિનોને

માટે સહેલો પણ છે, અને આનંદકારિ પણ છે. પરવરદિગારે પોતાના પ્રેમને પરહેઝગારો તથા પાક મોમિનોને માટે રૂહાની ખોરાક તરીકે નકકી કર્યો છે. પરંતુ ગાફિલો અને સુસ્ત લોકો દુનિયવી ઇશ્કમાં ડૂબેલા હોય છે. તેઓ કોઇને કોઇ દુન્યવી ચીજની મોહબ્બતમાં પાગલ જેવા બની ગયા હોય છે જો કે દુનિયવી ઇશ્ક હકીકતમાં ઇશ્ક છે જ નહીં, તે એક ખરાબ વસ્તુ છે, બલ્કે તે એક હંમેશની બીમારી છે, અને એવો ઇશ્ક માણસને જહન્નમમાં લઇ જાય છે, પણ જે કોઇ પોતાના પરવરદિગારનો ઇચ્છુક તથા તેની મુલાકાતનો આશિક હોય છે તો ખુદાવંદતઆલા પોતાના ઝિક્રથી તેની ઝબાન તથા દિલને કરાર આપે છે. અને એવો બંદો હકતઆલા તરફ ધ્યાન ધરનારો બની રહે છે.

ઓ મોમિનો, સતપંથ મઝહબજ સિરાતિલ મુસ્તકીમ છે યાને ઇમામે વક્તની મારેફત અને પૈરવી એજ સીધો માર્ગ છે. તો જેટલું બની શકે એટલું તમે એ પવિત્ર પંથ પર આગળ વધવાની કોશીશ કરો કે જેથી તમે ઇમામે ઝમાનની મારેફતરૂપી મંઝીલે મકસુદને પહોંચી જાઓ. તમે જુવાનીમાં જ એવાં કામ કરો કે જેથી તમારો દીન અને તમારૂં ઇમાન મુકમ્મિલ તથા મજબુત બની જાય અને તમે મંઝીલે મકસુદ સુધી પહોંચી જાઓ. કેમ કે બુઢાપામાં લોભ લાલચ વધારે અને

અકલ ઓછી થતી જાય છે. એ વખતે ઘણાખરા લોકો દુનિયાની લાલસામાં ગિરફતાર થઇ જાય છે અને દીન તરફ ગાફલ રહી જાય છે. તો તમે અત્યારે તમારી ફરજ સમજી શકો છો અને તે બજાવી શકો છો પણ એ વખતે તમે તમારી ફરજ સમજવાને કે બજાવવાને લાયક નહીં રહી શકો. પણ જે વખતે તમે તે સમજવાને લાયક નહી રહી શકો. તો એ વખતે તમે કંઇ પણ કરી નહીં શકો અને કરશો તો પણ તેમાં તમને કંઇ પ્રાપ્તિ નહીં થઇ શકે.

ઓ મોમિનો ખુદા તમને ગફલતથી બચાવે કારણ કે ખુદાથી ગાફલ રહેવું એ મોટી આફત સમાન છે. માટે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી તમે ઝીક્રે ઇલાહીથી ગાફલ ન રહેજો અને હકતઆલાની યાદથી ગફલત ન કરતા કેમ કે જેણે ગફલત કરી તે હારી ગયો અને જે માણસ હકતઆલાને ભૂલી ગયો તો ખુદા તેની રોઝી તંગ કરી દે છે અને ક્યામતને દિવસે તેને ભૂલી જાય છે માટે ગાફલ ન થતા બલ્કે તમારા બધા કામમાં સાવધાન અને હોશિયાર રહેજો.

# સખાવત અને કંજુસી

ઓ મોમિનો ઓ અઝીઝો સખી અને ઉચ્ચ હિમ્મતવાળા શખ્સ તથા કંજુસ આદમીની નિશાનીઓ સાંભળો અને યાદ રાખો કે ઉચ્ચ હિમ્મતવાન અને ચારિત્ર્યવાન શખ્સ તે છે કે જે હંમેશા સચ્ચાઇને રસ્તે મક્કમતાથી પગલાં ભરે છે. જેના બાતિનમાં જાહેરના મુકાબલામાં હકીકી મોહબ્બત વધારે હોય છે અને તે દરેક માણસ સાથે દોસ્તી એ માટે રાખે છે કે ખુદાની પ્રસન્નતા તેથી હાંસિલ થાય. દુનિયાના કોઇ લાભ કે સ્વાર્થ માટે નહીં.

ઉચ્ચ હિમ્મતવાન અને બહાદુર શખ્સ તે છે કે જે નેક કામોમાં સૌથી આગળ રહે છે. ભલાઇનાં કામો માટે હંમેશા કોશીશ કરે છે અને ભલાઇનાં કામોને ટેકો આપે છે. તે પોતાના કામ ઉપર પોતાના દીનભાઇના કામને સરસાઇ આપે છે યાને પોતાનું કામ પછી કરે છે અને પોતાના દીનભાઇનું કામ પહેલાં કરે છે. અને બીજાના ખાવા પીવાનો તેમજ આરામનો પહેલાં ખ્યાલ કરે છે. તે બની શકે ત્યાં સુધી આપે છે, કોઇનું લેતો નથી. અગર તેનો દીનભાઇ ખાય તો તે સમજે છે કે જાણે મેં પોતે જ ખાધું. પોતાના મોમિનભાઇની પ્રસન્નતામાં તે રાજી થાય છે અને તેની ગમગીનીમાં ગમગીન રહે છે.

ઉચ્ચ હિમ્મતવાન અને જવાંમર્દ તે છે કે જે દુન્યવી ફાયદાઓથી રાજી નથી થતો તેમ નુકશાનથી દિલગીર નથી થતો. પથ્થર અને હીરા ઝવેરાત તેની નજરમાં એક સરખાં જ હોય છે, તેની નજરમાં ખાવું અને ન ખાવું એ બન્ને સરખું જ હોય છે કારણ કે તે સમજદાર અને જ્ઞાની હોય છે.

જવાંમર્દ અને ઉદારચરિત્ર શખ્સ તે છે કે જે મહેમાન નવાઝ હોય છે. તે હંમેશા બીજાનો મહેમાન બનવા નથી માગતો પણ સિંહની માફક બીજાઓને પણ પોતાના ભોજનમાંથી ખવડાવીને રાજી થાય છે. શિયાળની માફક બીજાનું ખાવાવાળો નથી હોતો. તે હંમેશા હસમુખો હોય છે. તેના દિલમાં ઝમાનાના ઈમામનો સાચો પ્રેમ અને પુરો ભરોસો હોય છે તે ઈમામે ઝમાનની મારેફત રૂપી અમર સંપત્તિ મેળવવાની કોશીશ કરતો રહે છે. બીજાઓનું ભલુ ઇચ્છનારો અને સદ્‌ગુણી હોય છે અને જનાબે મૌલા અલીના દોસ્તો અને આશિકોના હકમાં બની શકે એટલી ભલાઇ અને મહેરબાની કરતો રહે છે.

જવાંમર્દી અને ઉદારતાની બરકત એવી હોય છે કે એવા મોમનનાં બધાં કામ સમયસર જ પુરાં થાય છે. તમામ બલા આફતો તેનાથી દુર રહે છે. દુશ્મન તેના પર કાબુ નથી મેળવી શકતા. રિઝક અને રોઝીનાં

દરવાજા તેને માટે ખુલ્લા રહે છે. તે ભલાઇ અને બરકતથી ભરપુર રહે છે તેના બધા કામ તેની ઇચ્છા અને ઉમેદ પ્રમાણે પુરાં થાય છે. તેના ફરઝંદો સલામત રહે છે. અને નેક ચારિત્ર્યશીલ હોય છે. તેનું ઘર આબાદ રહે છે દરેક નેક કામને માટે તેને મોકા મળતા રહે છે. અને ખુદાએ ગફફાર તેનો મદદગાર હોય છે. અને ખુદાનું મદદગાર થવું એ છે કે તેના દિલનો અરીસો સાફ અને નુરાની બની જાય છે. તેનું ઇમાન મજબુત અને સંપુર્ણ હોય છે. તેની કમાણી અને આવક હલાલની હોય છે. અને હલાલ કમાણીની નિશાની એ છે કે તે ખુદાની રાહમાં ખર્ચાય છે. જેનો સવાબ હકીકતી મોમિનો અને પવિત્ર રૂહાનીઓને મળે છે. અને હલાલ માલ મુનાફિકોના નસીબમાં નથી હોતો અને હરામ માલ ખર્ચ કરવાથી તે મુનાફિકોના નાપાક રૂહો ને પહોંચતો નથી. ઇમાનવાળા અને હકીકતી મોમિનોનો હલાલ માલ હાઝર ઇમામની હુઝુરપુરનુરમાં તથા તેમની દરગાહમાં પહોંચી શકે છે. ખુદાવંદે આલમીન એવા બંદાઓથી રાજી હોય છે. અને તે બંદાને બધી રીતે ભલાઇ અને બરકત પ્રાપ્ત થાય છે. મહાન સર્વશક્તિમાન ખુદાવંદતઆલા એ બંદાથી રાજી રહે છે. એ માણસનો દીન સંપૂર્ણ હોય છે. તેના દિલનો અરીસો પ્રકાશીત અને ચમત્કારીક હોય છે. તેનું હૃદય અને તેનો રૂહ

રોશન હોય છે તેમ તેની અક્કલ અને સમજદારી પણ રોશન હોય છે અને આખરતમાં ઇઝતવાન ખુદા તેને પોતાનો અઝીઝ દીદાર ઇનાયત ફરમાવે છે.

ઉચ્ચ હિમ્મત અને જવાંમર્દીની સિફાતથી હકીકતી મોમિનોને માટે આટલા દરજ્જા અને સદગુણ સંપત્તિ હાંસિલ થાય છે. એવા જવાંમર્દે ઓછું બોલવાનું, સાચું બોલવાનું અને ધીરજવાન થવું જોઇએ તેને પોતાનાં બધા કામોમાં સબ્ર અને મક્કમતા તેમજ ખુદા ઉપર ભરોસો રાખવો જોઇએ. તેણે બધા કામોમાં ધીરજવાન અને હિમ્મતવાન રહેવું જોઇએ પણ બે કામમાં સબર ન કરવી જોઇએ અને તે જલ્દી પૂરાં કરવા જોઇએ અને તેમાં ઢીલ કે ધીરજ ધરવી ન જોઇએ બલ્કે એ પ્રસંગે સબ્ર કરવો હરામ અને કુફ્ર છે. તેમાં પહેલું તો પરવરદિગારના દિદારની તમન્ના અને આરઝુ કરવામાં અને તેની મુલાકાત સુધી પહોંચી જવામાં જે તમામ કામોથી વધુ મહત્વનું અને લાઝમી છે તેમાં સબર કરવો એ કુફ્ર છે. કેમ કે એ કામોમાં સબર કરવો એ મુસીબત અને ગુમરાહીની બુનિયાદ અને હંમેશનું નુકશાન થવાનું કારણ છે. બીજું કે હકતઆલાના મુબારક આદેશ અને ફરમાન બજાવી લાવવામાં, કેમકે ખુદાની ઇતાઅત વાજિબ છે અને તેમાં સબર ઢીલ કે સુસ્તી કરવી એ કુફ્રની પુંજી છે.

ઉપરોકત બન્ને કામોમાં સબ્ર કરી શકાય એમ નથી અને કરવી પણ ન જોઇએ. તો ઓ બંદે ખુદા, મૌલાની મોહબ્બત પર એકાગ્રતા કરી લે અને તેની મોહબ્બત સિવાયની બધી ચીજોથી તું દૂર થઇ જા. કેમકે બીજી ચીજોની મોહબ્બત ચમત્કારીક રીતે તારા દિલને હકીકત તરફ નથી લઇ જઇ શકતી. જ્યારે હકતઆલાની ઇબાદત અને બંદગીનો વખત આવે તો તું જે કંઇ દુનિયવી કામમાં મશ્ગુલ હો અને જે કંઇ કામ તારા હાથમાં હોય, ચાહે તે જરૂરી હોય કે બિનજરૂરી તરત જ એને છોડીને જલ્દીથી હકતઆલાની બંદગી તરફ ચાલ્યો જા અને જરાય ઢીલ વગર અલ્લાહતઆલાના ઝિક્ર અને ઇબાદતમાં મશ્ગુલ થઇ જા. આ બધી જવાંમર્દીની નિશાનીઓ છે.

હવે કંજુસોની નીશાનીઓ સાંભળો કે જેઓ બખીલ હોય છે તેઓનું દિલ હંમેશા તંગ અંધકાર ભર્યું અને કાળું હોય છે. બખીલ દુર્ગુણી અને ખરાબ હોય છે તેનું ધ્યાન હમેશાં ખાવામાં જ હોય છે તે હંમેશા તકલીફો અને મુશ્કેલ કામોમાં સંડોવાયેલો રહે છે તે દરેક વખતે દુન્યવી નફા નુકશાનની ગણતરી કર્યા કરતો હોય છે. હંમેશા તેના દિલનો દીવો ઠરી ગયેલા અને તેનાં દિલ તથા દિમાગ સમજશક્તિ કે પ્રસન્નતા વગરના સાવ કોરાં રહી જાય છે. તેની બુદ્ધિ ટૂંકી અને

સમજ વેડફાઇ જાય છે અને તે વાસનાના અંધકારમાં જ ગોથા ખાતો રહે છે અને જહાલતના કૂવામાં ફસાયેલો રહે છે. તે પૈસા ભેગા કરવા, કમાવું અને તેને સાચવી રાખવા સિવાય તેમજ દુનિયવી રીતે પોતાને જ જોવા સિવાય બીજું કંઇ જાણતો નથી. તે ફક્ત આજ દુનિયાને જાણે છે બીજી દુનિયાથી તે સાવ બેખબર હોય છે. તે એક એવા કીડાની માફક છે જે ધૂળ કે ગંદકીમાં રહેતો હોય છે અને તે પોતાની એ મર્યાદિત જગ્યા સિવાય બીજી કોઇ જગ્યાને જાણતો નથી હોતો અને જે રિઝક તે ખાય છે તેના વિષે તે એવું ધારે છે કે બસ આના સિવાય બીજું કંઇ ખાવાનું છે જ નહીં. અને બખીલ, કે જેનું દિલ કંટાળેલું અને શોકગ્રસ્ત હોય છે, તે હંમેશા મોઢું બગાડીને અને તોબડો ચડાવીને રહેતો હોય છે. તેની દુઆ ખુદાના દરબારમાં કબુલ કે મંજુર નથી થતી. રૂહ અંધકાર અને ઝુલ્મતમાં હોય છે. બખીલના દિલમાં દયા કે મહોબ્બત નથી હોતી. બખીલ મોમિનથી દોસ્તી નથી રાખતો અને અલ્લાહતઆલા એવો સબબ બનાવે છે કે બખીલને ઝાલિમો તથા ભૂંડાં કામ કરનારાઓ સાથે ભાઇબંધી હોય છે કેમ કે તેની રૂહાની ત્યાંથી જ હોય છે.

બખીલ હેરાન પરેશાન અને ખુવાર હોય છે, તેનો ખર્ચ ધાર્યા કરતાં બમણો હોય છે તેને કંઇ સવાબ

નહિં મળે ગુનાહ વગર તેનો કોઇ સમય પસાર નથી થતો. કેમ કે ખુદાવંદતઆલા તેનાથી રાજી નહિં પણ નારાજ છે. તેથી તેને ઝાલિમો સાથે દોસ્તી કરાવી દે છે અને એ બધું એ કારણે છે કે બખીલ પોતાના પરવરદિગારને નથી ઓળખતો. જ્યારે બખીલના દિલમાં હકીકી મહેર મોહબ્બત અને ઇશ્ક નથી, અને તેનો માલ ખુદાની રાહમાં ખર્ચાતો કે વપરાતો નથી તો ફરજીયાત તે કોઇ મુનાફિકના રૂહને માટે જ વપરાય છે.

બખીલનું દિલ શયતાનનું ઘર છે અને શયતાન લઇન મુનાફિકના દિલમાં છે, અને જ્યારે મુનાફક રાજી થાય તો સમજવું કે શયતાન રાજી થયો. કેમ કે મુનાફક એ ચીજથી ખુશ થાય છે જે ચીજથી શયતાન ખુશ થાય છે. શયતાન અને મુનાફકના દિલ એક છે. એ બન્ને એક બીજાના સુખ દુઃખમાં ભાગીદાર હોય છે, તો જ્યારે પણ તમે કોઇ મુનાફિકને આનંદમાં જુઓ તો સમજવું કે શયતાન પણ ખુશી ખુશી થઇ રહ્યો હશે. અને જે માણસ કોઇ એવું કામ કરે કે જેમાં શયતાનની ખુશી હોય, તો એવા માણસના દિલમાં અંધકાર અને ગુમરાહી પેદા થાય છે અને તેના દિલના મકાનમાં અંધારૂં છવાઇ જાય છે અને તેની અકલ અને સમજદારી પણ અંધારી થઇ જાય છે. અને તેના બધા કામ મુશ્કેલ

થઇને તેને પરેશાની અને મુસીબતમાં જ અટવાયેલો રાખે છે તેનું મોઢું ઉદાસ થઇ જાય છે.

મુનાફિક એ માણસ છે જે પોતાના "વલીએ નેમત" યાને બખ્શીશના માલિક ઇમામે ઝમાનને નથી ઓળખતો અને જે માણસ પોતાના સાચા વલીએ નેમતને ન ઓળખતો હોય, લોકોને તકલીફ દેતો હોય, મોમિનોનાં દિલ દુભાવતો હોય અને લોકોનું ભુંડું ઇચ્છતો હોય તો એ જ મુનાફિક છે.

અગર કોઇ માણસ હજારો નેક કામ કરે અને હંમેશા ખુદાની યાદ અને ફિકર, તારીફ અને સ્તુતિ કરે, હંમેશા તૌબા કરતો રહે અને હજારો ઇબાદતો અદા કરી નાખે પણ જ્યાં સુધી તે પોતાના ઇમામે અલી મુકામને જે દુનિયામાં હાજર નાજર હોય છે તેમને ન ઓળખે તો ન તેની નમાઝ કબુલ થાય કે ન તેની ઇબાદત કબુલ થાય કે ન તો તેની નેકી.

ઓ મોમિનો, ઓ સદાકતવાળાઓ તમે મુનાફિકોની નીશાનીઓ સાંભળી લીધી કે મુનાફકનું રાજી થવું તે તેના અંધકાર અને કાળા મોઢાનું કારણ બની જાય છે, એટલે કે મુનાફકના ખુશ થવાથી અંધારૂ પેદા થાય છે અને મોમનની પ્રસન્નતાથી નૂર હાંસિલ થાય છે. કેમ કે મુનાફિક શયતાનનો સિપાહી છે અને મોમિનો રહેમાનના સૈનિકો છે.

ઓ મોમિનો, તમો બરાબર ધ્યાન રાખો અને હોશિયાર રહો કે જેથી તમે ખોટે માર્ગે ચઢી ન જાઓ. ઓ મોમિનો ઓ સદ્‌ભાગીઓ ઓ અઝીઝો બખીલ અને સખીની નિશાનીઓ એવી છે કે જે ઉપર બયાન કરવામાં આવી અને તે તમે વાંચી કે સાંભળી હવે તમે સાચા રસ્તા પર કે જે સિરાતિલમુસ્તકીમ છે તેના પર સાબિત કદમ રહેવાની કોશીશ કરો કે જેથી તમે તમારો રસ્તો ભુલી ન જાઓ. બખીલ અને મુનાફિક ખુદાના દુશ્મનો છે અને સખી મોમિન ખુદાનો દોસ્ત છે.

## ૨૬

# બદનજરી

ઓ મોમીનો, ઓ સાદિકો, બીજાની પત્નીઓ તરફ તાકીને જોનાર માણસ એવો છે કે જાણે તે પોતાની મા બહેન તરફ તાકે છે. અમે કહી ચુક્યા કે જ્યારે કોઈ માણસ બીજાની ઔરતો તરફ ખરાબ નજરથી જુએ છે તે જાણે એવો છે કે તેણે પોતાની મા બહેન તરફ બદનજર કરી. નિશંક બીજાની ઔરતો આપણી મા બહેન સમાન છે તેથી તમારે બદનજર ન કરવી જોઈએ નહીંતર તમારી આંખ નાપાક અને ગંદી થશે. લોકોની ઔરતોને તમારી મા બહેન કરીને સમજો.

બદનજરનો અર્થ એ છે કે તે પરસ્ત્રીને વાસનાની ઈચ્છાથી જુએ છે અને એ નથી જાણતો કે અગર તે બીજાની ઔરતોને બુરી નિગાહથી તાકે છે તો તે એવો છે કે તે જાણે પોતાની મા બહેનને તાકી રહ્યો છે, અને તેના જેવો પાપી અને બેહુદા શખ્સ પેદા થઈ શકે છે જે તેની ઔરતને પણ બુરી નજરથી જોયા કરશે. આ લક્ષણ બદ અમલનું છે. અને બદનજર એને જ કહેવાય છે. હકતઆલા તે નાપાક માણસ પર કહેરની નજરથી જુએ છે. દુનિયામાં તેના કામ તબાહ થતા આખરતમાં તે પોતે કાળા મોઢાં વાળો થશે. તે માણસ ગિરફતાર, ઝલીલ અને દરબદર થશે. તે હંમેશા દુનિયામાં તંગદિલનો લોકોની નજરમાં ખુવાર અને

શરમીંદો થાય છે. તેનું કામ મનધાર્યું નથી બનતું અને તેનો ચહેરો ઉદાસ અને ઝાંખો થઇ જાય છે. માટે ઓ મોમિનો, તમે હરગીઝ લોકોની સ્ત્રીઓ સામે નફસાની ખ્વાહીશથી ન જુઓ કારણ કે એ બદઅમલી છે. અને તે શયતાનનાં વસવસાને કારણે થાય છે. એ બધાં કામ શયતાનના છે. એવું કરનાર માણસ જહન્નમી છે. બદનજર બહુ ખરાબ ચીજ છે. નૌઝુબિલ્લાહ મિન્હા. એ કામ અને એવું કામ કરનાર માણસથી દુર રહેવું જોઇએ.

ઓ મોમિનો ઓ અઝીઝો અગર કોઇ છોકરી ખરાબ નજરથી પરાયા પુરુષને જુએ તો તે એવી છે કે જાણે તેણે પોતાના બાપ અથવા ભાઇને બદનજરથી જોયો. કેમ કે પરાયો પુરુષ તેના બાપ અથવા ભાઇ સમાન છે. તેથી તેના દિલની કેફીયતમાં કોઇ ફરક ન થવો જોઇએ. કેમ કે અગર તેમાં ફેરફાર થશે તો તે નાદાન, હકતઆલાને રસ્તેથી ભટકીને દૂર અને બેઇજ્જત થઇ જાય છે અને તે પોતાની દીની મકસદને નથી પહોંચી શકતી. અગર તે મર્દો પર બદનજર કરે છે તો તેણે જાણે પોતાના બાપ અને ભાઇ પર બદનજર કરી અને એવી ઓરત પર ખુદાવંદ કહેરની નજરે જુએ છે અને તે ખુવાર હેરાન અને દરબદર અને મુરખ બની જાય છે. તેના દિલનો અરીસો કાળો અને ઉદાસ બની

જાય છે. તે મુફલીસ અને દારિદ્રી થઇ જાય છે તેની કોઇ ઉમેદ પુરી થતી નથી, હંમેશા તેનાં કામોમાં મુશ્કેલીઓ ઊભી થાય છે અને તે દુનિયામાં કોઇ મકસદને પહોંચી નથી શકતી. તેને કયાંય ચેન કે રાહત નથી મળતી અને આખરમાં તેનું ઠેકાણું દોઝખમાં થાય છે. નૌઝુબિલ્લાહ બદનજર અને બદ અમલનો અંજામ આવો જ હોય છે. ચાહે તે કોઇ પુરૂષથી થઇ હોય અથવા સ્ત્રીથી અને જે માણસ બદઅમલી કરે છે, હકતઆલા તેના પર બહુ નારાજ થાય છે. એવા માણસો દુનિયામાં પણ દુ:ખી અને હારેલા હોય છે અને આખરતમાં પણ તેઓ પોતાનું કાળું મોઢું લઇને દોઝખમાં જાય છે. ક્યામતની સખ્તીમાં તેઓ સાતમાં દોઝખની આગના આઝાબમાં સપડાઇને સળગતા રહે છે. જે ઘરમાં એવા બદનજરીવાળા સ્ત્રી પુરૂષના પગ પડે છે તો તે ઘર વેરાન અને તેમાં રહેવાવાળા હેરાન પરેશાન થઇ જાય છે. અને તે ઘર ફરી ક્યારેય આબાદ નથી થઇ શકતું.

ઓ મોમિનો, ઓ સાદિકો, ઓ અઝીઝો જાણી લ્યો કે જે ઘરમાં ભૂંડા કામ થાય છે તે ઘરવાળાઓના સંજોગો અંધકાર ભર્યા અને તબાહ થઇ જાય છે. અને તેઓ બધા ખુવાર, દુ:ખી અને ઝલીલ થઇ જાય છે. તેઓ દુનિયાવાળાઓની નજરમાં તુચ્છ અને ધિક્કારપાત્ર બની જાય છે અને તેઓ એમ જ ખુવાર થઇ જાય છે.

# ઝિકર અને ફિકર

ઓ મોમિનો, ઓ સાદિકો, ઓ અઝીઝો, હકીકતી મોમન એ જ છે કે જે હંમેશા હકતઆલાના ખ્યાલમાં રહે છે અને હંમેશા નેક કામની ફિકરમાં રહે છે.

હકીકી મોમન તે જ છે કે જે ઈલ્મ અને મારેફત રાખે છે. પોતાના ઈમામે ઝમાનની ઈતાઅત કરે છે. ના ફરમાની અને વિરોધ નથી કરતો. હંમેશા નેક ખસ્લત, ખુશ, હસમુખો, ચારિત્ર્યશીલ અને મળતાવડો હોય છે. તે હંમેશા ખુદાવંદે કરીમની યાદમાં રહે છે અને દરેક વખતે પરવરદિગારના ઝિકર ફિકરમાં રહે છે. ખુદાની સનાખત સીફત, ગુણગાન અને યાદમાં મશ્ગુલ રહે છે, અને પોતાના ગુનાહોની તોબા કરી રૂદન કરતો રહે છે તે ખુદાવંદતઆલાના દીદારની તમન્નામાં હર વખત બંદગી અને ગિરિયાઝારીમાં લાગ્યો રહે છે. તેનું રૂદન વસંતનો વરસાદ કે જે બાગ બગીચાઓને હરિયાળા કરી દે છે, તેના જેવું હોય છે.

હકીકતી મોમનના દિલમાં હંમેશા ખૌફે ખુદા હોવા જોઈએ અને તેણે જીંદગીના માર્ગે બહુ સંભાળપૂર્વક ચાલવું જોઈએ એમ ન થવું જોઈએ કે તેનાથી કોઈ ગુનાનું કામ થઈ જાય. અથવા કોઈ ખરાબ વાત કે શબ્દ તેને મોઢેથી બહાર પડી જાય. હકીકી મોમને

હંમેશા શયતાનથી બચીને ચાલવું જોઇએ. તેના દિલમાં વસવસો ન થવો જોઇએ, તેણે આખર ઝમાનાના ફીત્નાથી બહુ ડરવું જોઇએ શયતાનના સાગરીતોથી પણ દૂર રહેવું જોઇએ. અને જે પણ શયતાનની મદદ કરે છે તેને શયતાનઇન્સમાં ગણવામાં આવે છે કેટલાક શયતાને જિન્ન અને શયતાનેઇન્સ એક બીજાને પ્રોત્સાહન આપે છે અને તેથી જહાલતને પ્રોત્સાહન મળે છે. તેથી તેઓ સાથે દોસ્તી કે મોહબ્બત ન રાખવી જોઇએ.

ઘણા લોકો એવા છે જેઓ દેખાવમાં માણસ જેવા લાગે છે પણ બાતુનમાં તેઓ રાક્ષસો એટલે શયતાનો છે અને લોકોનો પીછો કરી રહ્યા છે. એ શયતાનોએ ઘણા લોકોને ગુમરાહ કરી દીધા છે. પણ જે મોમિનો પોતાના પરવરદિગાર અને પયગમ્બર અને પીરને પીછાણે અને તેઓના હક્કો અદા કરે તથા પોતાની જાતને ખુદા પયગમ્બર તથા પીરને હવાલે કરી દે અને જે કંઇ આદેશ મળે તે પર અમલ કરે તો ડાકુ યાને શૈતાન તેને હરાવીં કે ફસાવી નહીં શકે. જે માણસ ખુદાવંદતઆલા, પયગમ્બર અને પોતાના પીરની ફરમાનબરદારીમાં રહે તો હરગીઝ તે ડાકુ અને દુશ્મન યાને શયતાન એવા મોમનોની નજીક નહીં આવી શકે. પરંતુ એ ડાકુઓ એવા લોકોની પાછળ પડેલા છે જેઓ પોતાના ખુદાવંદ, પયગમ્બર અને પીરને પોતાની સમક્ષ

નથી દેખતા અને તેઓ જે કંઇ કરે છે તે પીરના અમ્ર અને ફરમાન વગર કરે છે, તો એ ડાકુઓ એવા લોકોનો પીછો પકડે છે.

ઓ મોમિનો ઓ સદચારિત્ર્યવાળાઓ હવે એ વખત આવ્યો છે કે તમે દીનની મદદ કરો. એક બીજાની દોસ્તી કરો ઇલ્મ મેળવવા માટે કોશીશ કરતા રહો. દીનની તરક્કીને માટે મહેનત કરો. ઈમાનને મજબુત બનાવવા માટે પ્રયત્ન જારી રાખો અને ઈમાન ઈમામે વક્તની ઇતાઅત તથા પૈરવી કરવાથી સંપુર્ણ થાય છે. સારા કામો કરો અને સર્વોત્તમ કામ એ છે કે તમે ઈમામના ફરમાનબરદાર બંદા બની રહો અને જે કંઇ વખતના ઈમામની જબાન મુબારકથી સાંભળો તે જરા પણ ઢીલ વગર બજાવી લાવો તોજ છૂટકારો મળશે.

તમારા પીર અને પયગમ્બરનો દામન પકડો અને પોતાના પરવરદિગારની ઇતાઅત તથા ઈમામે વક્તનો પવિત્ર પાલવ પકડો કે જેથી ઈમામે ઝમાન તમને પોતાની પનાહમાં રાખીને મદદ તથા ફતેહ અને સફળતા ઇનાયત ફરમાવે અને પોતાના પીરનો દામન પકડો અને પીરની નઝદીકીને ગનીમત સમજો.

પીર અને ઈમામના ફરમાનને યાદ રાખો અને તેના પર અમલ કરો જ્યાં સુધી પહોંચવું એ મોટી નિયામત છે. એ ફરમાનો દવા માફક છે. પીર મુર્શિદ તથા ઈમામનાં

વચનો સાંભળી તથા તેની તાલીમ હાંસિલ કરી અને અમલ કરવાથી બાતુની બીમારીઓ દૂર થાય છે, તંદુરસ્તી મળે છે અને દિલ રોશન થાય છે. અને જ્ઞાનીઓનું શિક્ષણ હૃદયના અરીસાને સાફ તથા રોશન કરી દે છે.

ઓ મોમિનો, ઓ સદાકતવાળાઓ, ઓ અઝીઝો, જ્યારે કોઇ મોમિન ખુદાવંદના ઝિકરમાં મશ્ગુલ થાય છે અથવા પોતાના ઘરમાં અથવા બીજી કોઇ જગ્યાએ ખુદાવંદને યાદ કરવા લાગે છે એ વખતે એક નાદાન, જે ખુદાની ઇબાદતમાં શક લાવનારો હોય તેને એમાં કંઇ રસ પેદા થતો નથી, તે તો કહે છે કે તમે કઇ ચીજમાં મશ્ગુલ છો ? એમ કહીને તે પેલા ઝાકિર બંદાને ઝિકર કરવા નથી દેતો, અથવા મજાકમાં કહે છે કે ફલાણો માણસ તો મોટો ભગત થઇ ગયો છે અથવા ભારે બંદગી કરવા માંડ્યો છે. આવા મેણાં ટોણાં મારે છે તો એવા કાળા મોઢાવાળા હસદખોરો પર ખુદાવંદ ગુસ્સાની નજર નાખશે કેમ કે એવા નાદાન માણસે પેલા અઝીઝ બંદાની ઠેકડી ઉડાડી છે અને ખુદાવંદ એવા નાદાન ગધેડાને માટે કહેર કરે છે અને કહે છે કે ઓ નપાવટ, પાખંડી, ગાફલ, મારા વ્હાલા મોમિન બંદાને મારી ઇબાદત કરવામાં તેં શા માટે મેણાં માર્યાં, અને મારા બંદાના દિલને દુઃખ પહોંચાડી

તેની ઝિકર ઈબાદતમાં શા માટે ભંગ પાડયો? અને જ્યારે તું પોતે ઈબાદત નથી કરતો તથા મુનાફક અને કાળા દિલનો થઇ ગયો છે, તો તારે ખુદાથી ડરવું અને શરમાવું જોઇએ. કેમ કે સર્વ શક્તિમાન અને મહાન ખુદાવંદ તારા કામથી બહુ નારાજ થાય છે.

હકતઆલા ફરમાવે છે કે મેં લોકોને એ માટે પેદા કર્યો છે કે તેઓ મને યાદ કર્યા કરે અને દિલ તથા ઝબાન પર મારું નામ જારી રાખે અને બોલતો રહે તો તેં શા માટે મારા એ બંદાની મઝાક મશ્કરી કરી એ બંદાની ઈબાદતમાં ભંગ પાડયો ? જ્યારે તેં મારા એ નિખાલસ બંદાને ઈબાદત માટે તાનું માર્યું તો તું શયતાનનો અવતાર બની ગયો અને તું દોઝખી છે કારણ કે એવાં લક્ષણો શયતાનનાં છે.

આ વર્ણન શયતાનના અનુયાયીઓ વિષે છે જેઓ ખુદાની રાહથી ભટકી ગયા છે અને ગુમરાહ થઇને શયતાનના તાબેદાર થઇ ગયા છે. જેઓ રહેમાનની નેમતો ખાય છે અને શયતાનની ઇતાઅત કરે છે પણ જે લોકો અલ્લાહવાળા છે તેઓ તો ખુદાવંદને ઓળખે છે.

# મુનાફિકની ઈલ્મની દુશ્મની

ઓ મોમિનો, ઓ અઝીઝો, બીજો બોલ એ છે કે જ્યારે કોઈ આલિમ એક મિજલસમાં વાયેઝ કરતો હતો; તેમાં અચાનક કોઈ મુનાફક ભંગ પાડવા ઊભો થયો, એ જાહેલ મુનાફિક ખુદા અને તેના ઈલ્મથી બેખબર હતો, તેણે કંઈ પૂરૂં સાંભળ્યું નહોતું. વળી તેને ભલા બુરાની કંઈ પણ તમીઝ નહોતી. એવો શયતાન સિફત અને ગુમરાહ શખ્સ મજલિસમાંથી બહાર નીકળી ગયા પછી પોતાની તરફથી થોડું જુઠું મિલાવીને પછી તે આલિમને નામે ચઢાવી ગેરસમજુતી ફેલાવવા અને એમ કરીને તે આલિમની મઝાક ઉડાવવા માગતો હતો, જો કે પેલો આલિમ તો નિખાલસ દિલે ઈલ્મની વાતો સંભળાવતો અને બયાન કરતો હતો. તેને પેલા શયતાન, મુનાફિક અને મુન્કર શખ્સના બદં ઈરાદાની કંઈ ખબર નહીં હતી.

અગર તે મુનાફિકે એ જ વખતે ઈલ્મનો કોયડો તે આલિમને પુછી લેત કે ગિનાનમાં આમ કહેવામાં આવ્યું છે તેનો શો અર્થ થાય છે ? તો વધુ સારૂં થાત અને પેલો આલિમ, તે નાદાનને તરત તેના પ્રશ્નનો ઉત્તર આપી દેત અને તે ગુમરાહ શખ્સના દિલને ઈલ્મથી રોશન કરી દેત. પણ એ માણસ બેવકુફ, નાદાન દ્વેષી

અને ગધેડો હતો, તેથી તેણે કોઇ વાત આલિમને પૂછવાને બદલે મિજલસ પૂરી થઇ ગયા પછી પોતાના જેવા જ બીજા કેટલાક નાદાન અને મૂર્ખ ગધેડાઓ ક્યાંક બેસીને બીજા કેટલાક નાદાન ગધેડાઓને પોતાની આસપાસ એકઠા કરીને પેલા આલિમની નિંદા કરવા લાગ્યા.

ઓ મોમિનો, ઓ અઝીઝો, જે માણસ વિધ્વાનોની નિંદા કરે છે તે એવો છે કે જાણે તેણે ખુદ ખુદાની બદગોઇ કરી અને એ કામ ગુનાહે કબીરામાં ગણાય છે. અને જે માણસ શ્રદ્ધાથી તે આલિમની વાણી સાંભળે છે તે જાણે ખુદાની વાણી સાંભળે છે અને જે માણસ આલિમની સાથે શત્રુવટ ધરાવે છે તેમજ દુશ્મનીથી તેની નિંદા બદગોઇ કરે છે એવા શખ્સો પર ખુદાની લાનત ઉતરે છે કારણ કે તેઓ શયતાનના જેવા લાનતી છે.

ઓ અઝીઝો, અગર એ નાદાન અને બેવકુફ દિલમાં હસદ ન રાખતે અને સચ્ચાઇ તરફ આગળ વધતે તો એજ ઘડિએ વિધ્વાનને ઇલ્મની હકીકત પૂછી લેત અને માલુમ કરી લેતે, અને તેનો ખુલાસો સાંભળી એ નાદાન મૂર્ખ દ્વેષી મુનાફકનું દિલ રોશન, મુલાયમ અને સત્ય શોધક બની જતે અને તે હકીકતથી જાણકાર થઇ જાત. તેના દિલને તસલ્લી અને શાંતી થઇ જતે અને તે સાચો હકીકતી મોમન બની જાત. પણ એ તો

નાદાન ગધેડો હતો. તેને કંઇ ભાન નહોતું, તેમ હકીકત વિષે કંઇ સાંભળ્યું ન હોતું તેથી તેણે આલિમના ચાલ્યા જવા પછી તેની ગીબત શરૂ કરી દીધી અને તે દિલમાં હકીકતી પંથની દુશ્મની તથા કિન્નો રાખતો હતો, એ કારણે એવા લોકો ગુનાહે કબીરામાં ગીરફતાર થઇ દોઝખ તરફ દોટ મુકનારા હોય છે. એ લોકો નાદાન અને ગધેડા હતા અને જહાલતને કારણે સતપંથથી ભટકી ગયા હતા. નહીંતર શરૂ શરૂમાં બધા લોકો સાચા માર્ગ પર હતા પણ જહાલતને કારણે દરેક જમાનામાં એક એક ફિરકો અલગ અલગ થઇને અવળે માર્ગે આથડવા માટે ભટકી ગયો. ખાતેમુન નબી સ. ના પહેલાં અને પછી અત્યાર સુધી પણ એવા લોકો સીધા રસ્તાથી ભટકી ગયા છે. તેનું કારણ જહાલત, હસદ અને દુશ્મની છે. તેઓ કેટલીયે વખતે સાચા ઈમામે ઝમાનને છોડીને કોઇ ભળતા જ માણસને માનવા લાગ્યા અને કેટલાય ફિરકા ફિરકાઓ વચ્ચે વહેંચાઇ ગયા. એ લોકો હજી પણ આવી જહાલતમાં ગોથાં ખાધા કરે છે.

તેઓ સચ્ચાઇને છોડીને જુઠના મુરીદ થઇ ગયા અને એ ડાહ્યા લોકોનો માર્ગ નથી. સમજદાર માણસો તો ઈમામને જ માર્ગે ચાલે છે, તે એ કે તમે પોતાના ઈમામે વક્તના હુકમ અને ફરમાનની તાબેદારી કરો

ઈમામે વક્તની મારેફત હાંસિલ કરો વળી ઈલ્મની હકીકત જાણો, દીનની વાતો તમારા મઝહબી આલિમોને પૂછતા રહો. અને ઈલ્મની મજલિસમાં બેસતા રહો. બુઝુર્ગોને પૂછો, સાંભળો અને તેના પર અમલ કરો, ત્યારે ઈલ્મની હકીકત જાણનારાઓ તમને જણાવી શકે છે સમજાવી શકે છે અને કામ ધાર્યા પ્રમાણે થાય છે અને કોઈ ગુમરાહ થતું નથી.

ઓ મોમિનો ઓ અઝીઝો ઓ સાદીકો તમારે ગાફલ ન થવું જોઈએ સાચી વાત તરફ ધ્યાન આપો. સીધો રસ્તો અને સાચી વાતના તલબગાર રહો યકીન અને ખાતરી કરી સાચા રસ્તાને કબુલ કરો. સાચી અને સરળ વાતોમાં વાદ ન કરો. કુરાનનો અર્થ તથા તેની હકીકત સમજી લીધા કરો અને તેની તાલીમ લીયો સાંભળો અને શીખો.

ઓ મોમિનો ઓ અઝીઝો જેઓ ઈમાનમાં પૂરા હોય છે તેઓ દીનદારીને લગતાં કામો કરે છે. તેમની બોલચાલ, વાણી વિચાર અને વર્તન ઉમદા પ્રકારનાં હોય છે. આ બધું તેઓ સાચા દીની આલિમો પાસેથી શીખે છે કારણ કે પહેલાં ઈલમ અને પછી અમલ છે. અને જેઓ હકના માર્ગના તલબગાર હોય છે તેઓ રોજ બરોજ સત્યપંથથી વધુને વધુ વળગતા જાય છે અને આગળ વધતા જાય છે.

# દીદારને માટે કુરબાનીઓ - ૧

આ મોમિનો, જેઓ મોમિન છે તેઓ આખરતને માટે જુલ્મ અને કઠણાઇ સહન કરે છે. મોમિનો પર આ જુલ્મ અને સખ્તી મુનાફિકો તરફથી આવે છે. મોમિન મુનાફિક લોકોની વચ્ચે બહુ દુઃખી અને હેરાન પરેશાન થાય છે દીનના દુશ્મનો મોમિનોને ત્રાસ આપે છે પણ મોમિનો હર હાલતમાં ધીરજ ધારણ કરે છે, તેઓ ન તો તકલીફથી ગમગીન થાય છે કે ન હિમાયતથી ખુશ થાય છે. તેઓ પર દુનિયાના ગમ અને આનંદની અસર નથી થતી કેમ કે દુનિયાનો ગમ હંમેશા રહેવાવાળો નથી તેમ દુનિયવી ખુશી પણ હંમેશા રહેવાવાળી નથી. મોમિન તો માત્ર પરવરદિગારની પ્રસન્નતાનો જ તલબગાર હોય છે. મોમિનોએ આખરત અને નજાત માટે મહેનત મશક્કત અને તકલીફો ઉપાડી છે અને ગિરિયાઝારી કરી છે.

મોમિનોએ ખુદાવંદના દિદારને ખાતર પોતાની આવકમાંથી દસમો ભાગ જે ઇમામ અ.નો હક છે તેને વાજબ સમજીને જરાયે ઓછું કર્યા વગર તે પુરેપુરો, મૌલાની હુઝુર પુરનુરમાં પહોંચાડયો છે, મોમિનોએ ઇમામ અ.ના દીદારને ખાતર પોતાના માલ, ઓલાદ અને જીંદગી સુધ્ધાંનો ત્યાગ કરી દીધો છે. મોમિનોએ

દિદારને ખાતર પોતાનું માથું, પોતાની ઔલાદ, માલ મિલ્કત કે મુલ્કને પણ મૌલાની રાહમાં કુરબાન કરી દીધાં છે. મોમિનોએ દીદાર મેળવવાને માટે દૂર દરાજના ખુશ્કાં અને દરિયાઇ માર્ગો પર મુસાફરીઓ કરી, તેઓ તોફાનોમાંથી પસાર થયા, મોટા ખર્ચા અને દુઃખો બરદાસ્ત કર્યા ત્યાં સુધી કે છેવટે મૌલાના દીદારને પહોંચી ગયા. મોમિનો પોતાના મૌલાના દીદારને માટે કેવી કેવી દૂર દેશાવરો ખેડીને આવ્યા, કેવી તકલીફો ઉઠાવી, કેટલા કેટલા ખર્ચ અને દુઃખો બરદાસ્ત કરતા કરતા આવ્યા અને સાથે માલેવાજબાત પણ લેતા આવ્યા ! મોમિનોએ દિદારને ખાતર નેક કામો અખત્યાર કર્યા અને શુભેચ્છાઓ કરી. મોમિનોએ દીદારને ખાતર નેકી, સચ્ચાઇ, સાદગી, પ્રમાણીકતા, પાક નજરી, સાફ દિલી, અને દીનદારી અખત્યાર કરી. મોમિનોએ દીદારને ખાતર ઇબાદત, બંદગી, અને રિયાઝતો કરી. તપ કર્યા. જેથી તેઓ મકસદને પહોંચી ગયા.

મોમિનોએ દિદારને ખાતર ખુદાવંદની યાદમાં કોશીશો કરી. સતત ઝિક્ર જાગૃત રાખ્યાં, તેઓ દિનરાત એક પળવારને માટે પણ ખુદાની યાદથી ગાફલ ન રહ્યા અને પુરા ઉમંગ તથા ઉત્સાહથી બંદગી કરી. મોમીનોએ દીદારને ખાતર પોતાના મસ્તક અને પ્રાણની કંઇ પરવા ન કરી.

મોમીનોએ દીદારને ખાતર હકતઆલાના હુકમ અને ફરમાન પર અમલ કર્યો. મોમીનોએ દીદારને માટે હકીકતી મોમનોની મજલિસમાં હાજરી આપી અને દીની આલિમોથી જ્ઞાનની વાતો પુછી અને સાંભળીને તેના પર અમલ કર્યો. મોમિનોએ દીદારને ખાતર પોતાના ગરીબ દીનભાઈઓની આર્થિક મદદ કરી તેઓને તવંગર બનાવ્યા. મોમિનોએ દીદારને ખાતર ભલમનસાઈ તથા ઉદારતા અપનાવી અને દીનની રાહમાં કેટલાંય સખાવતી કામો કર્યા મોમિનોએ દિદારને ખાતર પોતાના માલમાંથી પોતાના મોમિન ભાઈને ભાગ આપ્યો. તેની સાથે ભાઈ જેવો વર્તાવ કર્યો, તેને સ્નેહભાવે જોયો, મોહતાજ મોમનોને માટે સખાવતના દરવાજા ખોલી દીધા અને તેમના પર કોઈ દુનિયવી સ્વાર્થ કે લોભ લાલચ વગર મહેરબાની કરી અને મોમિનોએ દીદારને ખાતર મોમિનો અને ગરીબ દીનભાઈઓનાં દિલ રાજી કર્યા.

ઓ મોમિનો ! હકીકતના રસ્તાની કદરદાની કરો કે આ નજાતનો રસ્તો છે. જે માણસ આ રસ્તા પર ચાલે છે તે મંઝીલે મકસુદ પર પહોંચી જાય છે, જે દીદારની ભૂમિકા છે, તો જ્યાં સુધી તમે બની શકે ત્યાં સુધી પ્રયાસો કરતા રહો કે જેથી તમે મંઝીલે મકસુદ પર પહોંચી શકો જે હાઝર ઈમામના પાક દીદાર છે

અને જે માણસ હાઝર ઈમામનો તલબગાર હોય તો હાઝર ઈમામ પણ તેના તલબગાર હોય છે. અને જે કોઈ ઈમામે ઝમાનને આખી દુનિયા કરતાં વધારે પ્યારા ગણે તો હાઝર ઈમામ પણ તેને સર્વશ્રેષ્ઠ કરી દે છે. જે માણસ હાઝર ઈમામને માટે કબુલ કરે છે તો હાઝર ઈમામ પણ તેને કબુલ કરે છે. પણ જે માણસ હાઝર ઈમામને કબુલ ન કરે તો હાઝર ઈમામ પણ તેની લોકપ્રિયતા કરતા નથી તે ન દુનિયામાં કે ન આખરતમાં.

જે માણસનું દિલ અને આંખ પાક હોય અને તે હાઝર ઈમામના દીદારનો તલબગાર હોય અને તે ઇચ્છાને કારણે તમામ દુનિયવી ખ્વાહિશોને છોડી દે તો હાઝર ઈમામ તેને દીદાર આપે છે ચાહે તે દુનિયામાં કયાંય પણ હોય.

# ખુદાનો મહેલ અને તખ્ત

હઝરત મૌલાના ઇમામ મુસ્તનસિરિબિલ્લાહ એ ફરમાવ્યું, ઓ મોમિનો તે ઉપરાંત એ પણ જાણી લ્યો કે જ્યારે કોઇ મોમન દીનદારનું દિલ પ્રસન્ન, આનંદી અને રાજી થઇ જાય છે તો સમજી લ્યો કે ખુદા પણ રાજી થઇ ગયો. કેમ કે મોમનનું દિલ ખુદાનું ઘર છે અને ખુદાવંદ કરીમની નજર કરવાની જગ્યા છે.

ઓ મોમિનો, ઓ પરહેઝગારો, ખુદાવંદ એવા દરેક પાકબાઝ મોમનના દિલમાં બિરાજે છે. કે જેના દિલમાં દ્વેષ દુશ્મની કે દુન્યવી તૃષ્ણા ન હોય.

ઓ મોમિનો, જે દિલમાં કિન્નો અને ગંદકી ભરી હોય, જેનું કારણ અંધકાર અને ખોટા વિચાર દ્વારા શંકા પેદા થવાનુ છે. એવાં દિલોમાં શયતાન અને જિન્નાતની જગ્યા છે, તેનાથી ઉલ્ટું જે દિલ પવિત્ર અને હકીકી મોહબ્બતવાળા છે જેના દિલમાં કોઇ પ્રત્યે દ્વેષ દુશ્મની કે દુનિયવી મોહબ્બત નથી અને ખુદાના ખ્યાલ સિવાય કોઇ પણ ખ્યાલ નથી તો એવું દિલ અર્શે ઇલાહી અને મુકામે મલાએકા યાને ફિરશ્તાઓનું સ્થળ છે.

હે મોમિનો ! તમારા દિલમાં જ ખુદાનો દીદાર કરતા રહો. પોતાના દિલને હંમેશા પાક અને સાફ રાખ્યા કરો. દિલના અરીસા પરથી શક અને કુશંકાના કાટ તથા ધૂળને યકીનના ઝાડુ વડે ઝાપટીને લૂછી નાખો અને ઈલ્મ તથા હિકમતના પાણી વડે તેને ધોતા રહો, કે જેથી તમે તમારા દિલના અરીસામાં ખુદાને જોઈ શકો.

અગર તમે ખુદાથી દોસ્તી કરવા માગતા હો તો તમે કાળા દિલના મુનાફીકો તરફ ખેંચાઈ ન જાઓ. એવું ન થાય કે ક્યાંક મુનાફિકો તમને તે તેમનાં પોતાના જેવા બનાવી દે અને અલ્લાહતઆલાએ મુનાફિકોથી પોતાનું મોઢું ફેરવી લીધું છે.

# હાઝર અને નાઝરનો મતલબ

જે કોઇ ખુદા સાથે દોસ્તી રાખે છે તેણે બેઈમાન મુનાફિકોથી દૂર રહેવું જોઇએ. જેવી રીતે મોમનો ખુદાથી દોસ્તી રાખે છે તેમ ખુદા પણ તે મોમિનોથી દોસ્તી કરે છે તથા તેમને મદદ કરે છે. અને જે કોઇ ખુદા સાથે દોસ્તી કરતો હોય અને તેને ઓળખતો હોય, અને ઈબાદત કરતો હોય તો ખુદાવંદ તેને બધી આફતોથી સુરક્ષીત રાખે છે અને દુનિયામાં ખુદાનો ખાસ બંદો તથા હકીકી મોમન બની જાય છે કેમ કે તે દરેક જગ્યાએ ખુદાને હાજર નાજર જાણે છે અને ગાફલ નથી રહેતો અને તે જાણે છે કે તેની તમામ પરિસ્થિતિને જાણે છે તે છૂપી હોય કે જાહેર, તેનાથી મહેરબાન ખુદાવંદ વાકેફ છે. તે જે પણ કામમાં ગુંથાયેલો હોય ત્યારે તેને ખાતરી હોય છે કે તે ખુદાની હુઝુરમાં અને તેની સન્મુખ છે અને ખુદા તેનાં છૂપા જાહેર કામોથી તેના દિલમાં ચાલતા વિચારોથી તેમજ તેની નિયતથી સારી પેઠે જાણકાર છે. તેની રજે રજ હકીકતને જાણે છે જો કે તું ખુદાને નથી દેખતો પણ ખુદા તને જોઇ રહ્યો છે. બંદાએ યકીન કરવું જોઇએ કે તે જે કંઇ કામ કરી રહ્યો છે દરેક સારો અથવા નરસો ખ્યાલ જે દિલમાં રાખતો હોય તેનાથી ખુદાએ આદિલ સિવાય

બીજાું કોઇ જાણકાર નથી અને ખુદાવંદતઆલા દરેક જગ્યાએ હાઝર નાઝર છે.

ઓ બંદે ખુદા, તું ગાફલ અને બેખબર છે અને જે માણસ બેખબર હોય તો તે ડરતો નથી અને ખુદાને ભૂલી જાય છે અને શયતાન તેના દિલમાં બૂરાં કામનો વસવસો નાખે છે એ વખતે તે ગાફલ ખુદાની નજર સામે જ કોઇ ખરાબ કામમાં મશ્ગુલ થઇ જાય છે. અથવા કોઇને તકલીફ આપે છે યા કોઇની ગીબત કરે છે, એવો માણસ આખરતમાં રૂસ્વા (બદનામ) થશે હઝરતે બારીતઆલા ફરમાવે છે કે, મારો મુખ્લિસ બંદો તે છે કે જે કોઇ પણ કામ કરે અને ક્યાંય પણ જાય, તે અમને પોતાની સામે હાઝર અને નાઝર જાણે છે અને અમારાથી શરમાયા કરે છે. અગર કોઇ માણસના દિલમાં કોઇ બુરો ખ્યાલ પેદા થાય અથવા તે હરામખોરી તરફ આગળ વધે અને એ વખતે તે અમારી તરફ આજીજી કરીને મદદ માગે તો અમે તેને એ શયતાની વસવસાથી અને તેને માટે આખરતના આઝાબનું કારણ બનનાર પાપ કર્મથી બચાવી લઇશું, અને તેના દિલમાં નેક કામની નિયત પેદા કરી દઇશું. જેથી કરીને તે સારાં કામ તથા નેક આમાલ કરવા પ્રેરાય અને તે ખુશીથી દુનિયામાં જીંદગી ગુજારી શકે તેમજ આખરતમાં પણ ખુશહાલ રહી શકે.

# હકીકતી મોમનનો દરજ્જો

મોમનને હંમેશાં ખુદાના ખ્યાલમાં રહેવું જોઇએ અને મોતને હંમેશા નજીક સમજવું જોઇએ તે આખરતની ફિકર તથા નેક કામમાં મશ્ગુલ રહે છે. તેનું ધ્યાન હંમેશા એ વાત તરફ હોય કે તે પોતાની આખરતને આબાદ કરે અને હંમેશા દુનિયા આબાદ કરવાની જંજાળમાં ન હોય. અલબત્ત શરીર ટકાવી રાખવા માટેની જરૂરત મુજબ દુનિયામાં કમાઇ કરે કે જેથી લોકોની વચ્ચે દીનદારી કરી શકે અને તે પોતાના દીનને મુકમ્મિલ કરે, ન કે દુનિયાને.

મોમનની ફરજ છે કે તે પોતાના વખતના પીરની પૈરવી કરે અને તેમનો દામન પકડે. ખુદાવંદ ઝુલજલાલે ફરમાવ્યું છે કે જે માણસ મને દુનિયામાં પોતાનો વડીલ અને મહેરબાન નિગેહબાન સમજે તો તેને હું આખરતમાં મારો નાનો ભાઇ ગણીશ અને તેને મારો દિદાર ઇનાયત કરીશ તે મારા નુરાની દીદારને જોઇ શકશે.

ઓ મોમિનો, તમારી કદર અને કિંમત સમજો કે તમે કાલે ભૂતકાળના મોમિનો તથા નેક શખ્સોની સમાન થઇ જશો. હુરોની મહોબ્બતમાં બહેશ્તની નિયામતોનો સ્વાદ લઇ શકશો અને તેમના સાથી બની જશો અને તેમને તમારા મૌલાની દોસ્તી તથા

મહેરબાની હાંસિલ થશે અને તે દરેક સ્થળે તમારો રક્ષણહાર તથા મદદગાર રહેશે.

ઓ મોમિનો, મેં તમને પેદા કર્યા છે અને એ માટે પેદા કર્યા છે કે તમે હંમેશા મારીજ યાદમાં રહો. એ હાલતમાં બીજા કોઈની યાદ તમારા માટે વાજબી નથી અને દરેક જાતની મુસીબતોમાં મારી જ તરફ આજીજી કરો અને મારી પાસે મદદ માંગો કેમ કે મારા સિવાય કોઈની પાસે આજીજી કરવી અને બીજા કોઈથી જરૂરત માંગવી યોગ્ય નથી. તમારે પૂરી રીતે બા અદબ રહેવું જોઈએ કે જેથી તમારાથી કોઈ ગલતી ન થઈ જાય અને મારું નામ તમારા દિલ અને તમારી ઝબાન પર જપવાનું ચાલુ રાખો કે જેથી હું તમારા પર રાજી રહું.

મેં મારી રહેમાની સિફતથી તમને નેસ્તીના વમળમાંથી છોડાવીને વજુદના કિનારા પર પહોંચાડી દીધા. જીંદગીના તમામ સાધનો પૂરાં પાડયા અને તમારી સગવડને માટે મેં તમને રાહત અને આરામ બકશ્યાં કે જેથી તમે મારી ઈબાદત કરી શકો અને જે કામોનો મેં હુકમ કર્યો તેના પર અમલ કરી શકો અને જેની મેં તમને મનાઈ કરી છે તેનો ત્યાગ કરી શકો, કે જેથી તમે પણ મારા જેવા થઈ જશો અને જીવંત તથા અમર બની જશો અને હું તમને ઈલ્મ અને કુદરત ઈનાયત કરીશ. તો અગર તમે જો મારી ફરમાંબરદારી કરશો તો તેનો ફાયદો તમને જ

મળશે મને નહીં. કેમ કે હું તો બેનિયાઝ છું અને તમે મોહતાજ છો. વળી તમે એ પણ જોઇ લ્યો અને વિચાર કરો કે હું તમારાથી પણ વધારે તમારો શુભેચ્છક છું તમે જેટલી તમારી કાળજી અને સંભાળ લ્યો છો તેથી પણ વધારે હું તમારી કાળજી અને ખ્યાલ રાખું છું તો અગર જેમ તમે ક્યારેય તમારા પોતાના દુશ્મન નથી બનતા અને તમારી કાયમી રાહતને માટે તલબગાર હો તો મને યાદ કરતા રહો અને મારી દોસ્તી કરો કેમ કે કોઇ બીજો માણસ તમને જોખમ અથવા મુશ્કેલીમાંથી ઉગારી શકવાનો નથી બલ્કે એ પોતે તો તમારા કરતાંયે વધારે લાચાર છે.

ઓ મોમિનો, જે કોઇ મારા દિદાર કરવા માગતો હોય તો તેની ફરજ છે કે તે મને તેની પોતાની જાત કરતાં પણ વધારે નજીક સમજે અને મને હાજર તથા નાજર સમજે. દરેક હાલતમાં અને દરેક સ્થળે મને હાજર અને મૌજુદ જાણે. રોઝે કયામતના હિસાબનો ડર રાખે અને પોતાના મોતથી ગાફલ ન થઇ જાય અને જે માણસ મારી ફિકરમાં રહે તો હું પણ તેની ફિકર કરતો રહું છું.

# પીર અને શિક્ષક

ઓ અઝીઝો ! સાંભળો તમને જ્ઞાન મેળવવા માટે કોશીશો કરવી જોઇએ. તમે જ્ઞાનીઓની વાતો ગ્રહણ કરો અને દિમાગમાં તેમજ દિલમાં જાળવી રાખો. ખુદાવંદે કરીમના ઇલ્મની હકીકત તમારા ઉસ્તાદ (શિક્ષક) પાસેથી શીખો અને તેના પર અમલ કરતા રહો કે જેથી તમે કમાલિયતના દરજ્જા સુધી પહોંચી જાઓ અને દુનિયા તથા આખરતની ભલાઇઓ તથા બરકતો હાંસિલ કરી શકો. શિક્ષક તમને જે કાંઇ તાલીમ આપે છે તે અમલમાં મુકતા રહો અને જુઓ કે ઇલ્મના મકાન પર પીરે શું ફરમાવ્યું છે. શિક્ષક તમને પીર શનાશી તેમજ દીન શનાશી શીખવે છે અને મારેફતની મંઝીલો સુધી પહોંચાડી દે છે. ઇમામે વક્ત જે કંઇ ફરમાવે છે તેના પર મક્કમ પણે અમલ કરો અને એવણ સરકારનાં ફરમાનો સંપૂર્ણ પણે લક્ષમાં રાખો. દરેક પળે તેમના આદેશની ઇન્તેઝારી કરો અને હરદમ તેમની ઇનાયતના ઉમેદવાર રહો.

ઓ મોમિનો ! અગર તમે ખુદા શનાસીમાં કામિલ થવા માંગતા હો અને ખુદાની મારેફત હાંસિલ કરવા ઇચ્છતા હો તો તમારા ઝમાનાના પીરનો હુકમ કબુલ કરો તેના પર અમલ કરો તેનાથી મોઢું ન ફેરવો

હંમેશા ફરમાંબરદાર રહો કે જેથી એહલે કશફ (મુક્ત અને દીદારી) લોકોમાં શામેલ થઇ જાઓ.

પીર એ છે કે જેમને ઇમામે ઝમાને એવો દરજ્જો ઇનાયત ફરમાવ્યો છે કે જેનાથી તે લોકોમાં સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ થઇ જાય છે. અને જ્યારે પણ ઇમામે ઝમાન કોઇ પીરની નીમણુંક ફરમાવે છે તો એ વખતે તેની ઝીણવટભરી ઓળખાણ જરૂરી થઇ પડે છે અને તમારે એજ પીરના દરજ્જા મારફત ઇમામ શનાસી સંપૂર્ણ કરવી જોઇએ. અને જ્યારે ઇમામ પીરની નિમણુંક ન કરે એ સંજોગોમાં ઇમામ વિધ્વાનોમાંથી જેને પણ હિદાયત અથવા દાવત માટે મુકરર કરે તો તમારે એ માણસ દ્વારા ઇમામની દાવત તથા દોરવણી અનુસાર ઇમામની મારફત હાંસિલ કરવી જોઇએ, કે જેથી તમે ગુમરાહીમાં ન રહો અને એ માણસના જ્ઞાનની રોશનીમાં તમે ઇમામની નઝદીક પહોંચી જાઓ અને પીરની મૌજુદગી વખતે એમ થાય છે કે પીર અને ઇમામના અમ્ર અને ફરમાન મુજબ અને પીરની પરવાનગીથી દીનની તાલીમ આપનારાઓ દાવતમાં મશ્ગુલ રહે છે.

તો ઓ મોમિનો, તમારા પર લાઝમ છે કે પીરની પેરવી કરતા રહો તેમની ફરમાંબરદારીથી દૂર ન જાઓ અને પીર તમને જે કંઇ આદેશ ફરમાવે તેના પાબંદ

રહો અને તેના પર અમલ કરતા રહો. પીર તમારી પાસેથી કોઇ ઇનામ કે બદલો નથી માગતા અને હું પોતે તેમને બદલો આપતો રહું છું અને તમે પીરની જેટલી પણ તાબેદારી કરતા રહેશો, ઇન્શાઅલ્લાહ, પીર કયામતને દિવસે તમારી સિફારિશ કરશે.

કયામતને દિવસે આગલા અને પાછલા તમામ લોકોનો હિસાબ મોલાના અલી ઝિક્રીહિશ્શફાના હાથમાં હશે અને એવણ જનાબ જ પોતાના બંદાઓને તેડાવશે, તેમની ઇન્તેઝારી કરશે, પુછપરછ કરશે અને સાચા મોમિનો પર નવાજિશ ફરમાવશે અને નાફરમાન મુનાફિકો એ વખતે કયામતના ધગધગતા રણમાં અને ધોમધિખતા તડકામાં ત્રાહિ ત્રાહિ પોકારશે. તેઓ ત્યાં કાળા મોઢાના અને શરમિંદા થશે. આઝાબ ભોગવશે અને દુઃખના આર્તનાદો કરશે. દરેક મુનાફિક ખુદ બખુદ ગિરફતાર થશે અને જે કોઇ દુનિયામાં પીરના ફરમાંબરદાર રહ્યા હશે તે એ ભયંકર સમયમાં પોતાના પીરની છત્ર છાયામાં રહેશે અને ખુશી મનાવશે.

રોઝે કયામત, દરેક માણસને માટે બેશુમાર લોકોની સામે પોતાનાં કર્તવ્યો જાહેર કરવાનો દિવસ છે. જે માણસ જે કંઇ સારી વસ્તુ એટલે નેકી કે સદ્‌ગુણો રાખતો હશે. તે પોતાનો માલ લઇને મહેશરની બજારમાં

હાજર થશે અને એ બજારમાં ખુદ અલ્લાહતઆલા જ એ ચીજોનો ઘરાક હશે. તો હવે તમે સમજી લીધું અને હિસાબ વિષે જાણી લીધું કે તમારો ખરીદનાર યાને ઘરાક કોણ છે, તો એવી ઉમદા વસ્તુઓ ભેગી કરવાની કોશીશ કરો તાકે કયામતના બજારમાં બહોળો નફો મેળવી શકો. ઉમદા અને અણમુલ વસ્તુઓ કઇ કઇ છે? પાક રૂહ, પવિત્ર દિલ, ઇમામે ઝમાનનો ઇશ્ક, તેમની સંપૂર્ણ ઓળખાણ, તેમની બીક અને ઉમેદમાં જીવ આપી દેવો અને તેમની પ્રસન્નતા માગવી વગેરે ઉમદા માલ અને ઉત્તમ આમાલ છે.

ઓ મોમિનો, કયામતને દિવસે પીર કામિલ સિવાયના બીજા બધા પીર ફકીર અમીરો અને એવા જ લોકો થરથર ધ્રુજતા ઊભા રહેશે. કોઇને બોલવાની હિંમત નહીં થાય કે પોતાની વાતને જાહેર કરી નહીં શકે, પણ તમારો પીર જ જેણે દુનિયામાં તમારો હાથ પકડયો છે તે આખરતમાં પણ તમારો હાથ પકડશે અને તમારી સિફારશ કરશે તો, તેમનો દામન હાથમાંથી છોડી ન દેતા કેમ કે તમે ખરી રીતે પેલી દુનિયાવાળા છો. તો ખરેખર તમે પેલી દુનિયામાં ખુશીઓ મનાવશો અને સુખ વૈભવ તથા શાંતિમાં રહેશો. માટે દુનિયાની ખુશી, દૌલત, ઇઝઝત, માન મરતબો વગેરેમાં તમે બંધાયેલા ન રહો તમે રોજ બરોજ વધુને વધુ એકબીજાની પોતાના

પીરની તથા ઇમામે ઝમાનની મોહબ્બત તથા ખિદમત કરતા રહો અને આ દુનિયામાં ફસાઇ ન જાઓ કેમ કે આ દુનિયા તો ફાની અને કંઇ કદર કે કિંમત વગરની છે. તમે દુન્યવી ગંદકીઓથી બચતા રહો કેમ કે એ તમને ગફલતમાં નાખી દેનાર છે. જ્યારે તમે ગફલતમાં પડો છો ત્યારે આપસમાં ઝઘડા ફિસાદ કરીને મરતાં દમ સુધી એક બીજાથી વેર વાળવા તૈયાર થઇ જાવ છો એ વખતે મુફલીસ, શરમિંદા અને હેરાન પરેશાન થઇ જાઓ છો. સારાંશ કે કોઇ ચીજ આખરતમાં કામ નથી આવતી માત્ર એટલું જં કે જો તમારાથી થઇ શકે તો તમારા માલનો તમારા ઇમામની પ્રસન્નતામાં ઉપયોગ કરતા રહો કેમ કે દુન્યવી રીતે તમે જે કંઇ ખર્ચ કરો છો અથવા ખજાનો ભેગો કરી રાખો છો તેને તમે બીજીવાર જોઇ શકવાના નથી બલ્કે એ તમારે માટે મહા દુઃખનું કારણ થઇ પડશે અને જે કંઇ તમે મૌલાની રાહમાં ખર્ચ કરો છો તે તમારે માટે આખરતમાં બાકી રહેનાર છે. એની મિસાલ ઘઉં જેવી છે કે તેનો ઉપયોગ કરવામાં આવે છે તે ખતમ અને ખલાસ થઇ જાય છે પણ જે તમે બીજ તરીકે વાવો છો તે ખલાસ થઇ જવાને બદલે એકના અનેક થઇને ફળે છે. તેમ આખરતમાં તમારે માટે તમારા વખતના પીર તમને ઉપયોગી તથા હમદર્દ સાબિત થશે. જે માણસ પોતાના જમાનાંના પીરની

ફરમાંબરદારી નથી કરતો અને તેમનો હુકમ નથી સાંભળતો તો તેને માટે અફસોસ કે તે દુનિયા તથા આખરતમાં હંમેશા પતિત અને ખુવાર થશે. માટે તમોને લાઝમ છે કે તમે પીરનો દામન પકડો, કારણ કે પીર જ તમને હાઝર ઈમામની સંપુર્ણ મારિફત સમજાવી શકે છે.

અગર તમે તમારા દિલને હકતઆલાના ઈશ્ક અને મોહબ્બતમાં જીવતું અને પ્રસન્ન રાખવા માગતા હો અને ખુદાવંદે આલમીનનો ઈશ્ક હંમેશાં તમારા હૃદયમાં તાજો ને તાજો રાખવા ઈચ્છતા હો, એવો ઈશ્ક કે જે તમને તમારા પરવરદિગારની મુલાકાત માટે બેકરાર અને તેના દીદારનો તલબગાર કરતો રહે (એવું તમે ઈચ્છતા હો) તો તમે તમારું દિલ બધી વસ્તુઓથી ફેરવી દ્યો. માત્ર ખુદા તરફ જ તમારું ધ્યાન લગાવી દ્યો. પરવરદિગાર, પીર અને હાદીએ બરહકથી વિનંતી કરીને મદદ માંગો. બાતલ અને જૂઠા ખ્યાલો તજી દ્યો અને દુનિયાની મોહબ્બતને સંપૂર્ણ પણે દિલમાંથી દૂર કરી દો. ત્યારેજ ખુદાવંદતઆલાનો ઈશ્ક તમારા દિલમાં જામી શકશે અને તમને હકીકી દીદાર માટે આકુળ વ્યાકુળ કરી દેશે.

# નજાતની કિશ્તી

ઓ મોમિનો ! તમારા જમાનાના નૂહની નૌકામાં સવાર થઇ જાઓ કેમ કે એ સિવાયની બીજી બધી કિશ્તીઓ ગરક થઇ જનારી છે. માટે તમે તમારા આકા અને સરદારનો દામન પકડી રાખો અને હકીકતના ઘરમાં રહો. અને તમારા નુહે ઝમાનની કિશ્તીમાં દાખલ થઇ જાઓ કે જેથી તમે સહી સલામતીથી નજાતના કિનારા પર પહોંચી જાઓ અને એ આકા તથા નુહે ઝમાન તમારા વખતના ઈમામની શનાખત હાંસલ કરી લ્યો અને કિશ્તીએ નુહમાં દાખલ થઇ જાવ યાને કે તેમના દાવતના તરીકા પર અમલ કરો. કે જેથી તમારું ઈમાન મુકમ્મિલ થઇ જાય અને તમારો રૂહ આફતોથી બચી શકે.

જે ઘર અજવાળિયાં અને બારીઓ વગરનું હોય તે અંધકારવાળું હોય છે. એ પ્રમાણે જે માણસનુ દિલ ઈમામે ઝમાન રૂપી સૂરજના તેજ વગરનું હોય તેમાં પણ અજ્ઞાનતાનું ઘોર અંધારૂં છવાયેલું હોય છે. એ અંધારામાં કોઇ ચીજ સાથે અથડાઇ પડવાનું અથવા ભટકીને ભૂલા પડી જવાનું જ થાય છે.

જે માણસ સીધે રસ્તેથી ભટકી ગયો તો એ પછી ચાલે કે ઊભો રહે એ બધું સરખું જ છે તે પોતાને

ઠેકાણે પહોંચી શકતો નથી અગર તમે તેને સીધો રસ્તો બતાવશો તો પણ તે કબુલ નહી કરે કારણ કે તે શક અને વસવસામાં ચડી ગયો હોય છે, રાન્યો ગયો છે. તે સાચું ખોટું પારખી નથી શકતો. જો કે એ માને છે કે હું સાચા રસ્તા પર છું. પણ તે અનુમાનના પડદામાં જ ફાંફાં મારે છે તેવા લોકો ખુવાર થાય છે અને જાણતા નથી કે સીધો રસ્તો કયો છે. તેઓને ભાન નથી કે સીધો રસ્તો તો એને કહેવાય છે કે જે દીનના માલિક ઇમામ હેયાત અને હાઝર નાઝર છે.

પયગમ્બરોના જમાનામાં પણ જે માણસ પોતાના જમાનાના નબીના તરીકા પર ચાલ્યો તો તે નજાત પામ્યો પણ જે માણસ આગલા નબીની શરિયતને વળગી રહ્યો અને જમાનાના પયગમ્બરની ફરમાંબરદારી ન કરી તો એવા લોકો પતિત થયા અને ભટકી ગયા. જો કે તેઓએ એ શરીયત પ્રમાણે ખુદાના આદેશો અને ભૂતકાલીન નબીઓના ફતવા પ્રમાણે અમલ કર્યો હતો, છતાં તેઓ ભટકી ગયા અને અત્યારે દૌરે વિલાયતમાં પણ એવા લોકો ભટકી જાય છે.

જ્યારે કોઇ માણસ પોતાના જમાનાના વલી યાને ઇમામે ઝમાનને નથી માનતો અને તેમનાં ફરમાનોની તે શરીઅતના જાહેરી અર્થ સાથે તુલના કરે છે અને

ઈમામ સાહેબની ઈમામત વિષે શરીઅતી મૌલવીઓને પોતાની શંકા કુશંકા પુછતો ફરે છે અને તેઓના કહેવા પર ક્યાસ બાંધીને અમલ કરતો રહે છે તો તેનો એ અમલ બાતિલ અને વ્યર્થ છે. છેવટે તે માણસ દોઝખમાં જશે. કેમ કે કુર્આન અને હદીસોના સહી અર્થ ઈમામ પાસે છે.

પયગમ્બરે ફરમાવ્યું છે કે જે માણસ મારી ઈતરત (આલ) અને ખુદાની કિતાબને પકડી રાખશે તે કદી પણ ગુમરાહ થશે નહીં. અને મારી ઈતરત તે ઈમામે ઝમાન છે. આ હકીકત બઅઝોહા મિમ્બ અઝ સંબંધે છે. વળી ઈમામ દ્વારા જ ઈમામને ઓળખી શકાય છે. ઈમામ પોતે જ પોતાની ઓલાદમાંથી જેને ઈમામ તરીકે નીમે તે જ ઈમામ થાય છે. તેમના સિવાય બીજો કોઈ ઈમામ થઈ શકતો નથી. લોકો ઈમામની નીમણુંક નથી કરી શકતા, બલ્કે આગલા ઈમામ જ પોતાની ઓલાદમાંથી જેને ઈમામતના નુરને માટે મુકરર કરે અને જેને ઈમામતના રહસ્યો સોંપે તેજ ઈમામ થાય છે અને એજ આલે નબી કહેવાય છે. અને બાકીના ફરઝંદો અગર ઈમામની ઈતાઅત કરે, તો તેઓ અહલે નજાત ગણાય છે.

ઈમામે ઝમાનની પૈરવી કરો કે જેથી તમે વંશ પરંપરા ઈમામના પંથ પર કાયમ રહી શકો અને જે લોકો ઈમામના પંથ પર નથી ચાલતા તેનું કારણ એજ છે કે તેઓ ઈમામની વિરૂદ્ધતા પર કમર બાંધી છે અને તેવણ સાહેબની અદાવત કરી છે તેથી ઈમામે પોતાને તેઓથી પડદામાં રાખ્યા છે, એવા લોકોએ જાહેરી મુલ્લા મૌલવીઓની પૈરવી કરી, એજ કારણે તેઓ ગુમરાહ થઈ ગયા અને એજ જાહેરી મુલ્લાઓની સાથે રહ્યા. એ લોકો અનુકરણની પધ્ધતીએ ઈબાદત તથા દીનદારી કરે છે. એટલે સુધી કે એ અનુકરણને જ તેઓ પોતાનો દીન બનાવી બેઠા છે, જેવું કે પયગમ્બર સલ્અમ પહેલાંના જહાલતના જમાનામાં થતું હતું.

જાહેરી મલ્લાઓ પણ જાણે છે કે દુનિયા ઈમામ વગર એક ક્ષણવાર પણ ખાલી રહી શકતી નથી કેમ કે અગર એક ક્ષણવાર પણ ઈમામે ઝમાન મૌજુદ ન હોય, તો જમીન અને તેના પર રહેતા તમામ પ્રાણીમાત્ર, જડ ચેતન સૃષ્ટી નાબુદ થઈ જાય. આ બધું જાણતા હોવા છતાં દુનિયાની લોભ લાલસાને કારણે તેઓ તમામ ઈમામે ઝમાનની શાનને છુપાવી મૌલાના મુન્કર થઈ ગયા છે. કેટલાક લોકોએ અંબિયા અને ઓલિયાનો વિરોધ કર્યો તેનું કારણ પણ એજ હતું કે તેઓ (વિરોધીઓ) લોકોમાં માન મોભો પામવા મથામણ કરી રહ્યા હતા.

# સાચી ખુશીનું સ્થાન

આ મોમિનો ! તાજુબ છે એ લોકો પર જેઓ ઇમામના રસ્તા પર નહીં હોવા છતાં હસી ખુશી કરી રહ્યા છે. અને એથી પણ વધારે તાજુબી એ લોકો પર થાય છે કે જેઓ ઇમામે વક્તથી ઇન્કાર અને દુશ્મની કરી રહ્યા છે. તેઓની મિસાલ એવાં નાના છોકરા જેવી છે કે જે કોઇ શકકીના થાળા પર અથવા ઘરના છાપરાને કિનારે અથવા હાથમાં સાપ લઇને ઉભા ઉભા ખુશ થઇ રહ્યા હોય. આ કટાણાનું હસવું અને પ્રસંગ વગરની ખુશાલી જે સર્વ સામાન્ય લોકો કરે છે તે એકા એક હલાકત, આઝાબ અને ગમગીનીનું કારણ બનનાર છે.

ઓ મોમિનો, ઓ સદાકત વાળાઓ હસી ખુશી એ વખતે કરો કે જ્યારે તમે ખતરા અને આફતોમાંથી નજાત મેળવી લીધી હોય અને ડૂબી મરવાથી બચીને કિનારા પર અને સફરથી સલામતી સહિત મંઝિલ પર પહોંચી ચુક્યા હો. આમ ત્યારે થઇ શકે છે કે જ્યારે તમે તમારા ઝમાનાના ઇમામની મારફતમાં પહોંચી ચુક્યા હો. ઇમામની બંદગી ગુલામી અને ફરમાંબરદારી કરી રહ્યા હો, આ જનાબની ફરમાબરદારી અને યાદથી તમે પળવારને માટે પણ ગાફલ ન રહેતા હો અને આ જનાબ ઇમામે ઝમાનની મારેફતથી તમારું દિલ રોશન

થઇ ચુક્યું હોય, એવો વખત જ તમારે માટે આનંદ અને ઉત્સવનો પ્રસંગ છે.

માટે અટ્ટહાસ્ય કરીને હસવું જે તકલાદી અને વ્યર્થ વસ્તુઓથી ઉત્પન્ન થાય છે. તેની મિસાલ બાળકોના તકલાદી રમકડાં જેવી છે માટે અલ્લાહથી બહુ ડરતા રહો કેમ કે એવું હસવું એ શયતાનની સુરત છે અને એ હસવું બેઈમાન શખ્સનું કામ છે. એવું હાસ્ય પોતાના કામને ખૂવાર કરી દે છે. તે માણસને લોકોની નજરમાં હલકટ અને બે આબરૂ કરે છે. એ હાસ્ય ગફલતથી પેદા થાય છે અને ગફલત બેવકુફીથી પેદા થાય છે. અગર હસવાવાળો બેવકુફ ન હોત તો તેને આ વાત સમજાઇ જાત કે અમીર ઉમરાવ અથવા હાકેમ સત્તાધીશો કે મોભાદાર માણસ સામે લોક હસી નથી શકતા તો પછી અલ્લાહતઆલાની હુઝુરમાં યાને તેની હાજરીમાં હસી મજાક, બેઅદબી, બદકામ, ગીબત અને પાપનાં કામો કરતો રહે છે તેને પોતાનાં કર્તુતોની સજા જરૂર ભોગવવી પડશે દુનિયામાં પણ અને આખરતમાં પણ.

# બુરાઈનો અંજામ

ઓ મોમિનો ! તમે તમારી વાણી વર્તન અને વ્યવહારમાં સાચા રહો અને હરગીઝ જુઠી નકામી કે મુર્ખાઇ ભરી વાતો ન કરો. ઓછું બોલવાની ટેવ પાડો જે વાતો તમને પૂછવામાં ન આવે તે સંબંધે કંઇ ન બોલો. હંમેશા ખુદાની રાહમાં રહો ખુદાના પંથથી દૂર થઇ ન જાઓ અને જે કંઇ હઝરતે ખુદાવંદ અને પીર ફરમાવે છે તે સાંભળો અને અમલમાં મુકો. અગર તમે હકતઆલાથી રહેમત ચાહતા હો તો ખુદાવંદતઆલાનાં કામમાં મશગુલ રહો દીનદારીમાં ઉત્સાહથી આગળ વધતા રહો કેમ કે તમારા માટે હકતઆલાના અદલ અને ઇન્સાફનો એક વખત આવશે અને ફસલ લણવાનો વખત આવવાનો છે જેમાં દરેક માણસને પોતાનાં વાવેલા બીજનાં ફળ પ્રાપ્ત થશે. અને દરેકને પોતાના કર્મોના ફળ મળશે. માટે આખરતના હિસાબની તૈયારીમાં રહો. જો કે ઘણાં કામ એવાં હોય છે કે જેનો બદલો લોકોને માત્ર કયામતના દિવસે જ મળશે તો પણ બદી યાને ગુનાહ દુનિયામાં પણ આ ત્રણમાંથી કોઇ પણ એકનો નાશ કરી નાખે છે એક તો માલ, બીજું ઉમર અને ત્રીજું ઇમાન, માટે બુરાં કામથી બહુજ સંભાળજો બહુ પરહેજી રાખો કારણ કે બૂરાઇ બહુ ભયંકર વસ્તુ છે અને એક બુરાઇમાંથી બીજી કેટલીયે બૂરાઇઓ પેદા થઇ જાય છે.

# ઝિન્દા સમુદ્ર

હકીકતી મોમનને સમુદ્ર મિસાલ થવું જોઇએ. જેમાં ભરતી ઓટ થવા છતાં કયારેય પાણી ઓછું અદકું થતું નથી. વળી તેમાં ગંદુગોબરું પાણી આવીને ભળે છે અથવા તેમાં ગંદકી નાખે છે તો પણ તેના પાણીના રંગ અને વાસમાં કે સફાઇમાં કંઇ ફરક પડતો નથી. એમ મોમને પણ દુન્યવી માલના વધારા ઘટાડા અથવા આવક કે જાવક અથવા તેની નિંદા કે તારીફ, કોઇનું સદવર્તન કે બદવર્તન નફો કે નુકશાન દરેક હાલતમાં સમતા રાખવી જોઇએ. તેનું દિલ તો પોતાના મૌલાની મોહબ્બતમાં બરકરાર લાગી રહ્યું હોય અને લોકોની બુરાઇ અથવા ભલાઇ પોતાની પરીક્ષા માટે હોય છે એમ સમજીને મોમન વધુ ઉદાર ક્ષમાશીલ અને વધુ વિશાળ દ્રષ્ટિનો થતો જાય છે. મોમન ક્યારેય ગાળ નથી દેતો.

મોમન ગંદી ગલીચ વાતો ક્યારેય નથી કરતો તે કોઇનું ભૂંડું ઇચ્છતો નથી. તેમ ભૂંડું બોલતો પણ નથી. મોમન ક્યારેય ચારિત્ર્યહીન નથી હોતો. મોમન ક્યારેય બખીલ નથી હોતો અને ઇમામે ઝમાનની યાદથી ક્યારેય ગાફલ નથી હોતો. હંમેશા તે પોતાના ઇમામનો ફરમાનબરદાર અને તેમની ખુશનુદીનો તલબગાર હોય છે. મોમન ગીબત નથી કરતો તે લોકોના માલ તથા પરાઇ સ્ત્રી તરફ બદનજર નથી કરતો અને તે શરમ

સંકોચ તથા લજ્જાના ગુણ ધરાવતો હોય છે.

ઓ મોમિનો ! ભૂંડી વાત કરવાથી ડરો, કેમ કે બુરાઈ માણસને બેઈમાન બનાવી દે છે બુરાઈ લોકોનાં ઈમાનને ખરાબ કરી નાખે છે અને તેઓને દોઝખી તથા બદનામ કરી દે છે.

ઓ મોમિનો, જે માણસના સ્વભાવમાં ગુસ્સો વધારે હોય તેના દિલમાં એક જાતની બળતરા થાય છે જ્યારે તે ગુસ્સામાં આવીને બહુ ગરમ થઈ જાય છે તો તેની ગરમીથી તેની હસ્તીમાં આગ લાગી જાય છે જેમાં તેનું ઈમાન, તેની નેકીઓ, સવાબ, બંદગી, દિલની રોશની, ચહેરાની રોનક, સમજદારી અને શાંતિ એ બધું બળીને ભસ્મ થઈ જાય છે. વળી આ આગની સાથો સાથ તેના મનોવિકારની આગ પણ ભડકી ઉઠે છે જે સ્વાદિષ્ટ ખાણાંઓ માલ, ઈઝઝત, સત્તા, પરસ્ત્રીગમનની ઈચ્છા સારાં વસ્ત્રો પહેરવાની લાલસામાં પરિણમે છે. અને એ બધી દોઝખની સામગ્રી છે જે તેને ખુવાર અને હેરાન પરેશાન કરી નાખે છે. અને અધોગતિનાં કૂવામાં ઉંધે માથે નાખી દે છે. માટે જેટલું બની શકે તેટલું તમારો ગુસ્સો અને વિષય વાસના કાબુમાં રાખો કે જેથી તે તમને છેતરીને દુઃખદ પરિણામો તરફ દોરી ન જાય. જે વખતે માણસ કામ અને ક્રોધને આધીન થઈ જાય છે ત્યારે એ માણસ જનાવર અને બેઈમાન બની જાય છે.

# દીદારને માટે કુરબાનીઓ - ૨

ઓ મોમિનો, ઓ અઝિઝો, હકીકતી મોમન આખેરતને માટે ખોટા રસ્તાનો ત્યાગ કરીને સાચો માર્ગ પકડે છે અને આડા માર્ગને છોડીને સીધા રસ્તા પર ચાલતો રહે છે. એવા મોમનો આખરતને ખાતર દીનદાર મોમનભાઈની ખિદમત કરતો રહે છે અને શુદ્ધ બુદ્ધિધન ધરાવતા પ્રકાશીત પીરોની ખિદમત કરતા રહે છે અને પોતાના ઉસ્તાદને ઈલ્મની વાતો પૂછીને તેના પર અમલ કરે છે. નેક લોકોએ આખેરતને ખાતર અને ઈમામે વક્તના દીદારને માટે હુકુમતના તાજો તખ્તને પણ છોડી દીધાં. આ બધું તેઓને માટે સ્વભાગવત હતું કેમ કે કેટલાક માણસોની બુદ્ધિ અને સમજદારી એટલી વિશાળ હોય છે કે તેઓ દુનિયવી થોડા દિવસની બાદશાહી સત્તા સંપત્તિ અને સરદારી અને ઈઝઝતનો ત્યાગ કરી શકે છે. અને એવા નેક લોકો ઈમામના દીદારને ખાતર જાહેરી માન મોભા વગેરેનો ત્યાગ કરીને સાચી અને કાયમી આખરતની સરદારી તથા મોટાઈ પર પહોંચી જાય છે, વળી કેટલીક ભૂંડી પ્રકૃત્તિઓ પણ હોય છે. જે ઈમામ અલયહિસ્સલામના દીદારને છોડીને દુનિયવી સરદારીની લાલસા ધરાવે છે. એવા લોકો નૂરને છોડીને અંધકાર ઈચ્છનારા હોય છે અને પાણી છોડીને આગમાં ચાલ્યા જાય છે.

નેક લોકો એ દીદારને માટે પોતાના સગા સ્વજનો, નાત જાત બધું છોડી દીધું. તેઓએ દીદારને ખાતર માલ મિલ્કત, સ્ત્રી બાળકો ઇઝઝત અને સત્તા બધું છોડી દીધું અને નેક લોકોના પગમાં ઇમામ અલયહિસ્સલામના ઇશ્ક અને દીદારની તલાશમાં ફરફોલા પડી પડીને ફુટી ગયા આટલી પીડા તેઓએ સહન કરી. વળી તેઓએ દીદારને માટે હકીકતીઓની મિજલસમાં આવી પોતાના દીનભાઇઓની ખિદમત કરી અને નેક લોકોએ પોતાના ઇમાન પરિપૂર્ણ કરવા માટે મોમિનોની મજલિસમાં હાજરી આપી, ઇબાદત બંદગી અને દીનદારી કરી પોતાના વિધ્વાનોને હકીકતી ઇલ્મ સંબંધે સવાલો કર્યા, ઇલ્મ સાંભળ્યું, ઇલ્મ યાદ કર્યું. સારી રીતે જ્ઞાન હાંસલ કર્યું. અને તેના પર અમલ કર્યો, આવા લોકો હકના દીનના આશિક હતા.

ઓ મોમિનો, તમે બધા ઇમામના પાક દીનના આશક બનો. કલામ અને ગિનાન ઇલ્મથી વાકેફ થઇ જાઓ અને પોતાના સમય અને સંજોગો ધ્યાનમાં રાખો ખુદાથી ગાફલ ન થઇ જાઓ કેમ કે ખુદાને ભૂલી જવો એ આફત સમાન છે.

# ઈસરારે ઈમામત

ઓ હકીકી મોમિનો, જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી પોતાના ખુદાવંદના ભેદ તથા રહસ્યને ગુપ્ત રાખો કે જેથી નાલાયક માણસો તે જાણી ન શકે. કારણ કે જવાહીરોને નાદાન લોકોથી છૂપાં રાખવા જોઈએ. ખુદાવંદતઆલાએ પયગમ્બર સલ્અમને ફરમાવ્યું કે હકીકતનાં રહસ્યો ઝમાનાના જાહિલો સામે જાહેર ન કરો.

ઓ હકીકતી મોમિનો, તમે મારૂં અને તમારા ભવિષ્યના ઈમામનું નામ બેઈમાન જાહિલો પાસે તમારી જબાનથી જાહેર ન કરો કે જેમને રિસાલત અને ઈમામત સાથે સ્વભાવિક દુશ્મની છે. તમારે અમારું નામ મનમાં અથવા બહું ધીમેથી પઢવું જોઈએ અને અમારા ભેદ બિનધર્મિઓથી છુપા રાખવા જોઈએ કે જેથી તમે ફેઝ અને પવિત્ર જિંદગીના કમાલિયતના દરજ્જા પર પહોંચી શકો અને ખુદાવંદ કરીમ તમો ઈખ્લાસવાળાઓ પર પ્રસન્ન થશે તમારા દિલો રોશન અને નૂરાની થશે અને તમે આનંદમાં રહેશો.

# પરસ્પર મદદ અને ભાઈચારો

ઓ મોમિનો, હકીકી દીનદાર એ છે કે જે આખરતની નજાત ઇચ્છતો હોય તો તેણે પોતાના હકીકી દીનદાર ભાઇઓની મદદ કરવી જોઇએ. કે જેથી તે નજાતવાળાઓમાંથી થાય. હકીકી મોમિનો તે છે કે જે પોતાના દીનભાઇઓમાં પરસ્પર મદદ કરતા હોય. એક બીજાની યારી કરે છે અને જે કંઇ મળે તે ભેગા મળીને ખાય છે. એક બીજાનાં દુઃખ સુખમાં ભાગ લ્યે છે. તેઓનાં દિલોમાં જરા પણ કિન્નો કે અદાવત નથી હોતી તેમનાં જાહેર અને બાતિન એક હોય છે. અગર પોતાના દીનભાઇનું પેટ ભરેલું હોય તો તે પોતાનું પણ પેટ ભરેલું સમજે છે અને જો પોતાનો દીનભાઇ ભૂખ્યો હોય, તો તે પોતાને પણ ભૂખ્યો સમજે છે. જ્યારે પેલો ખાય ત્યારે તે રાજી થાય છે અને જ્યારે એ ખાય તો પેલો ખુશ થાય છે. એવા મોમન દુનિયામાં તથા આખરતમાં સંગઠિત હોય છે અને પોતાના ખુદાવંદતઆલાની હુઝુરપૂરનૂરમાં એકઠા જ હોય છે.

જે માણસ ઇન્સાન છે તે પોતાના દીનભાઇઓ સાથે દોસ્તી ભાઇચારો અને મોહબ્બત રાખે છે કારણ કે ઇન્સાનની રૂહ સંગઠિત છે અને હેવાનની રૂહ વિખરાયેલી હોય છે અને હઠાગ્રહ તથા વિરોધ એ જનાવરની ખસ્લતો

છે. હેવાનની રૂહની જીંદગી ખોરાક પર આધાર રાખે છે તેને જો થોડો વખત ખાવાનું ન મળે તો તે થોડી વારમાં મરી જાય છે. અને ઇન્સાની રૂહ ઇમામે ઝમાનની મારેફત અને સંતપૂરૂષોની મોહબ્બત તથા દોસ્તીથી જીવંત રહે છે. અગર તેને આ ચીજો ન મળે તો તે હલાક થઇ જાય છે.

ઓ મોમિનો, અગર તમે બન્ને જહાનમાં જીવંત રહેવા માંગતા હો તો તમારા ઇમાનને મુકમ્મિલ કરી લ્યો. કેમ કે તમે ઇમાનના અજવાળા મારફત જ અમર જીંદગી સુધી પહોંચી શકશો. અને ઇમાન ઇમામે વક્તની શનાખત તથા મારેફત અને ફરમાંબરદારી તથા એવણ જનાબના મુરીદોની મહોબ્બત તથા દોસ્તીથી પ્રાપ્ત અને પરિપૂર્ણ થાય છે. માટે તમારા ઇમામની પયરવી કરો એક બીજાથી રાજી અને સંગઠિત રહો કે જેથી તમે બન્ને જહાનમાં જીવંત રહી શકો અને આખરતમાં તમને નેક લોકો તથા અંબીયા તથા ઔલિયાની સાથે અને ઇમામની હુઝુરમાં ઉઠાડવામાં આવે અને અત્યંત આનંદથી એક બીજાને જોશો.

ઓ મોમિનો, આખરતનાં કામ, ચાહે સારા હોય કે ખરાબ દુનિયામાં જ પરિપૂર્ણ થાય છે. માટે તમારે દુનિયામાં પરસ્પર નિખાલસ તથા મોહબ્બતથી વર્તવું જોઇએ અને એકબીજા સાથે દોસ્તી રાખવી જોઇએ કે જેથી કાલે કયામતને દિવસે તમે ઇમામે ઝમાન સાહેબુલ

અમ્રના મુકદ્દસ હુઝુર પુરનુરમાં અને એવણ જનાબના તખ્તની નજીક અત્યંત આનંદ તથા ખુશાલી સહિત એક બીજાની સાથે બેઠેલા હશો.

ઓ મોમિનો, જરાય શરમ રાખ્યા વગર એકબીજાની ખિદમત કરતા રહો અને તેમાં લાજ મેણું ન ગણો. કેમ કે વિના કારણે સંકોચ રાખવાને કારણે તમે ભલાઈથી વંચિત રહી જશો તમે એક બીજાના ખબર અંતર પૂછતા રહો. એક બીજાને ઘેર આવજા કરતા રહો પણ તમારો ખ્યાલ એકબીજાનો માલ ખાવાનો ન હોવો જોઈએ. એવું ન થાય કે તમે મુનાફિકો માફક એકબીજાની બુરાઈ કરતા રહો બલ્કે તમારે તમારા ભોજનમાંથી તમારા મોમિન ભાઈઓને ભાગ આપવો જોઈએ અને એનો પણ એવો ખ્યાલ હોય કે તે પોતાનું ભોજન તમને ખવડાવે અગર તમારાથી બની શકે તો પોતાના કામ પર પોતાના મોમિન ભાઈના કામને સરસાઈ આપો હંમેશા તમે જે કામ અથવા જે મામલામાં હો તેમાં જો તમારા મોમિન ભાઈને સંતોષ થાય તો જ તમે સંતોષ પામો. અગર તમારું કામ થઈ ગયું હોય અને મોમિન ભાઈનું કામ ન થયું હોય તો તમે પણ ચેનથી ન બેસજો. તમે એમ સમજો કે તમારું પોતાનું કામ અધુરૂં રહી ગયું. અગર તે મોમિન ભાઈનું કામ બની જાય અથવા તેના વેપારના માલનો સારો ભાવ

ઉપજે તો તમે વધુ રાજી થાઓ અગર તે મોમિન ભાઇને ફાયદો થાય તો સમજો કે જાણે તમને ફાયદો થયો. આમ કરવાથી તમને બધાને બરકત સલામતી અને ખુશહાલી હાંસિલ થશે. તમારું દિલ રોજ રોજ વધુ પ્રકાશિત અને પાક થતું રહેશે. તમારી ખુશી વધતી જશે. તમારો ઇત્તેકાદ પરિપૂર્ણ થતો જશે અને અગર તમે તમારા કામને તમારા મોમિન ભાઇના કામ પર સરસાઇ આપશો અને એ વિચારમાં રહ્યા કે તમારો પોતાનો નફો વધારે થાય અથવા દીનભાઇના માલને ખાવા અથવા લઇ જવાને તમે ગનીમત સમજો અને તેનો માલ લઇ તમારા માલમાં વધારો કરવા માગતા હો, તો તમારા માલમાંથી ખૈર અને બરકત ઉડી જશે અને તમે ખુદાની રહેમતથી પણ વંચિત રહી જશો.

જ્યારે પણ તમે દીનભાઇઓ એકબીજાના દોસ્તો તથા શુભેચ્છક થાઓ છો ત્યારે ખુદા પણ તમારાથી રાજી અને ખુશ રહે છે. અને તમે ખરાબી જરાપણ નહીં જુઓ. અગર તમે એકબીજાના દુશ્મન તથા બુરૂં ઇચ્છનારા હશો તો ખુદા પણ તમારાથી નારાજ હશે અને અગર બદી ફક્ત એક તરફી જ હોય તો માત્ર એ જ માણસ બુરાઇમાં ગિરફતાર અને ખુવાર તથા દુ:ખી થશે.

# આખેરતની ખેતી

ઓ ભાઈઓ, ઓ અઝીઝો અગર કોઈ માણસ બીજ નહીં વાવે તો તે શું ફળ મેળવી શકશે ? તમે જે કાંઈ વાવો છો તે જ ઉગે છે. માટે ભલાઈનાં બીજ વાવો યાને નેક કામ કરો કે જેથી આખરતમાં તમને સારો ફાયદો હાંસિલ થાય. તમે દુનિયાના મામલામાં જે કંઈ ખરચ કરો છો તે ફના અને ખતમ થઈ જાય છે અને રાહે ખુદામાં જે કંઈ આપો છો તો એનાથી જ આખરતમાં તમને આધાર મળે છે. જે કંઈ તમે પોતાના મૌલાને નામે આપો છો, તેનો બદલો દુનિયામાં સો ગણો અને આખેરતમાં હજાર ગણો તમને પ્રાપ્ત થાય છે.

કોઈ ખેતી કે કોઈ વેપાર એનાથી ઉત્તમ નથી કે તમે તમારી હલાલ કમાઈમાંથી મૌલાને નામે ખર્ચ કરો અને એનાથી વધારે બીજી કોઈ દૌલત નથી (એ જ તમારી સાચી અને સર્વોત્તમ સંપતિ છે.) અને તેમ કરવાથી જ તમે તમારા ઈમામે ઝમાનનો માર્ગ મેળવી શકશો.

તમે હંમેશા તમારા ઈમામે ઝમાનના ઝિકરમાં મશગુલ રહો. એથી વધારે ઉંચી કોઈ ઈબાદત નથી. એ માણસ કેવો સદ્‌ભાગી છે, જે એનો અર્થ સમજે અને તે અમર સંપત્તિ ને પામે અને તેને આવી બખ્તાર ન્યામત નસીબ થાય.

જે માણસનું દિલ અને ઝબાન એક હોય તો માત્ર એને જ ખુદાની હુઝુરમાં માન અને નઝદીકી હાંસિલ થઇ શકે છે. જેનું દિલ તથા ઝબાન એક ન હોય, તો તે કોઇ મુકામે પહોંચી શકતો નથી.

હકીકી મોમન તેજ છે જેનું દિલ અને ઝબાન એક જ હોય.

દીનદાર મોમન તેજ છે જે હંમેશા ખુદાવંદતઆલાના ઝિકરમાં લાગ્યો રહે. તેનું દિલ ખુદાતઆલાના ઇશ્કમાં અને તેની ઝબાન હકતઆલાની તારીફ અને સ્તુતિ કરવામાં મશ્ગુલ હોય. તે સતપંથના ભોમિયાઓની નસીહતો સાંભળતો રહે અને તેના પર અમલ કરતો રહે. પહેલાં તો નેક કામ પર પોતે અમલ કરે અને પછી બીજાઓને તેની શિખામણ આપતો રહે.

# ખુદાની મારેફત

ઇન્સાનને પોતાના પરવરદિગારની મારેફત ત્યારે હાંસિલ થાય છે કે જ્યારે તેણે પોતે પોતાને ઓળખી લીધો હોય. પહેલાં તો તું તારા શરીરનાં અંગે અંગનો અભ્યાસ કરીલે. એ પછી તારે જાણવું જોઇએ કે તું ખુદ બ ખુદ પેદા નથી થયો. કોઇ બીજાએ તને પેદા કર્યો છે. પછી તારે વિચાર કરવો જોઇએ કે કોણે તને પેદા કર્યો ? અને આ દુનિયામાં શા માટે મોકલવામાં આવ્યો છે ? અને તે તને ક્યાં લઇ જવા માગે છે ?

એ પછી તને ખબર પડશે કે અગર તારું શરીર બરાબર નિયમિત છે તો તે બિમારીઓથી સલામત રહી શકે છે અગર નિયમિત નથી, તો તું બિમાર પડે છે. એ વખતે ઇન્સાનને માફક ન આવે એવા ખાનપાનથી બચતો રહે છે તેણે પોતાને અનિયમિતતા તથા બેદરકારીથી બચવું જોઇએ તાકે તેનાં દરેક કામ નિયમિત થઇ જાય. અને તેણે પોતાને જાહેરથી બાતુન તરફ લઇ જવો જોઇએ યાને જિસ્મથી રૂહની મિસાલ લેવી જોઇએ. તેણે રૂહને તંદુરસ્ત રાખવા માટે પોતાના ચારિત્ર્યની સુધારણા કરવી જોઇએ. એટલે સુધી કે તેની જાતમાંથી હેવાની સ્વભાવ અને પશુભાવ બિલકુલ નીકળી જાય અને તેનામાં સાચા ઇન્સાની સદ્દગુણો

પ્રગટ થાય. તેણે પોતાના નફસને પાક અને સાફ કરી દેવો જોઇએ.

જ્યારે તેનું દિલ પાક અને સાફ થશે. શક અને વસવસા દિલમાંથી નીકળી જશે, પોતાના ઇમામે ઝમાનની મારફત પર યકીન કરશે અને દરેક સ્થળે પોતાની સામે મૌલાના હાઝર ઇમામને હાજર અને નાઝર દેખશે તે વખતે એ ઇલ્મુલ યકીનમાં પહોંચશે.

હકકુલ યકીનના મરતબા પર ત્યારે પહોંચશે કે જ્યારે તેનું દિલ યકીનના નૂરથી પ્રકાશીત થઇ જશે અને તે પોતાના જીવને નૂરૂલયકીનની રોશનીમાં જોવા લાગે છે એ પછી જે મરતબામાં તેનો પરવરદિગાર છે, તેને તે અયનુલ યકીન (યકીનની આંખ)થી જોઇ શકે છે.

આ તને બધું ત્યારે થાય છે કે જ્યારે તું તારા પીર અને ઇમામની આજ્ઞા પર અમલ કરે અને એવા લોકોની પૈરવી કરે કે જેઓ સાચા રસ્તા પર ચાલનારા છે. આ એવો રાહનુમા છે જેઓ ઇમામના માર્ગ સિવાય પોતા તરફથી બીજો કોઇ રસ્તો નથી દેખાડતા. તેઓ હકીકતના પંથમાં સાચા અને જાણકાર છે. તેઓ દુનિયવી તૃષ્ણાથી મુક્ત હોય છે અને મૌલાના ઇમામે ઝમાન, પીર અને ઉસ્તાદની દોરવણીમાં દોઢ ડહાપણ

કે શંકા કુશંકા નથી કરતા. કેમ કે દીની બુઝુર્ગો અને જાણકાર સત્યપુરૂષ યાને ઈમામે ઝમાન, હુજ્જત તથા દાઈઓ અને સત્યપંથના શિક્ષકોનું દ્રષ્ટાંત તબીબો, વિધ્વાનો અને ઉસ્તાદો જેવું હોય છે. અને બાકીના લોકો બીમાર અથવા નાનાં દુધપલ બચ્ચાંઓ જેવા હોય છે. દર્દીઓ અને બચ્ચાંઓએ પોતાના તબીબ અથવા પાલક માતાને શરણે રહેવું જોઈએ અને તેઓનો સૌથી મોટો ફાયદો એમાં જ છે. અગર તેઓ વિરોધ કરે, ઈન્કાર કરે તો એમ કરવાથી તેઓને ઘણું નુકશાન થાય છે અને છેવટે તેઓ હલાક થઈ જાય છે.

જેમ પંથે ચાલનારાઓની ફરજ છે કે તેઓ ભોમિયાની પયરવી કરે, કે જેથી તેઓ સલામતીથી પોતાની મંઝીલે મકસુદ પર પહોંચી જાય. એજ પ્રમાણે જે લોકો અમારી મહોબ્બતમાં રહેવા માગે છે તો તેઓની ઝબાન સાચી હોવી જોઈએ અને તેઓ જુઠું બોલવાવાળા અને ગીબત કરવાવાળા ન હોવા જોઈએ. તેઓની આંખો પાક હોવી જોઈએ, પરાઈ ઔરત કે પરાયા માલ તરફ તેઓની વાસના કે ખયાનત ભરી નજરે ન જોવું જોઈએ. તેઓનું દિલ પાક હોવું જોઈએ. તેઓના દિલમાં દુનિયા અને માલમત્તાની મોહબ્બત, ઈઝઝત કે પદવીની આરઝુ કે મિષ્ટાન્ન ખાવાનો શોખ ન હોવો જોઈએ. તેઓ અમલમાં સાચા હોય અને તેઓનું મોઢું પવિત્ર હોય.

હરામ લુકમો ખાવાથી અને દશોંદ, જે ઇમામે ઝમાનનો માલ છે તે આપવાથી અને યતીમના માલ પર કબ્જો કરી લેવાથી તેઓએ પોતાના મોઢાને ગંદું ન કરવું જોઇએ. તેઓ ખામોશ રહેવાવાળા હોય. તેઓનો ખ્યાલ દુનિયવી તૃષ્ણા તરફ ન હોય, બલ્કે પોતાના મૌલા ઇમામે ઝમાનના દીદાર સિવાય બીજી કોઇ ચીજ યા કોઇ તમન્ના તેઓનાં દિલોમાં કે નજરમાં ન હોય.

વળી તેઓનો ખ્યાલ દુનિયા કે આખરત એ બેમાંથી એકેય તરફ ન હોય બલ્કે ઇમામે જમાનના દીદાર અને એવણ જનાબની પ્રસન્નતા તરફ જ હોય. તેઓ સચ્ચાઇથી હકીકતને રસ્તે ચાલે અને પાકિઝ તથા પરહેઝગાર રહે યાને તમામ ચીજો તરફ દુર્લક્ષ કરી ઇમામે ઝમાનની મારેફત તરફ આગળ વધી જાય. એટલા માટે કે ઇમામની મહોબ્બત વગરની દરેક ચીજ ભલે તે સારી હોય કે નરસી આગ જેવી દુઃખદાયક છે.

જેવી રીતે તમે કાંટાની ઝાડી અથવા હિંસક જનાવરથી દૂર ભાગો છો અને બીજી બલાઓથી પોતાને બચાવો છો, એવી જ રીતે તમારે દુનિયા અને દુનિયાવાળાઓથી બચતા રહેવું જોઇએ. અને દુનિયાના માલિકની હુઝુરપુરનૂરમાં આશરો લેવો જોઇએ કેમ કે સંપુર્ણ અમનો અમાન તથા નિરાંતનું સ્થળ એ જ છે.

ઓ મોમિનો, હકીકી મોમન એ જ છે જે પોતાનું મ્હોં નાફરમાનીઓથી ફેરવી લ્યે અને હકીકી બાદશાહની ઇતાઅત કરતો રહે. હકતઆલા તરફ ધ્યાન આપે, પીરના આદેશ પર અમલ કરે. જેવી રીતે પીર, મૌલાના હુકમને આધીન રહે છે અને તેમાં જરા પણ ગફલત નથી કરતા એજ રીતે મોમિનોએ પણ પીરના આદેશ મુજબ ચાલવું જોઇએ તેમની આજ્ઞામાં રહેવું જોઇએ. તેમાં જરા પણ ગફલત ન કરવી જોઇએ કે જેથી તે પોતાની મુરાદને પહોંચી જાય. તેઓએ પીર દ્વારા ઇમામની મારેફત અને દીનના સિધ્ધાંતો શીખી તેના પર અમલ કરવો જોઇએ. મુર્શિદ અને રહેબર જે કંઇ તમને તાલીમ આપે છે, જે કંઇ ઉપદેશ, આજ્ઞા કે શિખામણ આપે છે તે તમને સહી સલામત ઇમામુલ હાઝિરની હકીકત તથા મારેફતમાં પહોંચાડી દ્યે છે. તમે દિલોજાનથી એ ઉપદેશ કબુલ કરો અને એ નિયામત બદલ શુક્રાના અદા કરો કે અગર ઇન્સાન એક સીધા માર્ગે ચાલી રહ્યો હોય અને વળી સાથે એક પ્રકાશીત દીવો પણ હોય, તો તે બહુ સહેલાઇ અને સલામતીથી પોતાના વતનમાં પહોંચી જાય છે.

દરેક કામ અને દરેક મામલામાં જ્યારે કોઇ ડાહ્યા કે અનુભવી માણસ મૌજુદ હોય તો તે ખામી કે ખુબીવાળા માલની પરખ કરી શકે છે. અસલી અને નકલી પારખી

શકે છે તે એમાં છેતરાતો નથી અને ખૂબીવાળી અસલી ચીજ ખરીદ કરે છે. તેમ મુર્શિદ ખોટા માર્ગેથી પાછા વાળીને સાચે રસ્તે દોરી જાય છે. ગુમરાહીના કૂવામાંથી કાઢીને, સર્વનાશની જંગલમાંથી કાઢીને સલામત આબાદી તરફ લઈ જાય છે તેઓ ગુમરાહીના તોફાની દરિયામાંથી બચાવીને નજાતના કિનારા પર પહોંચાડી દ્યે છે. અને આફતભરી જગ્યાએથી તેમજ હિંસક જનાવરો પશુઓ અને જિન્નાતના સકંજામાંથી છોડાવીને શાંતિભર્યા સ્થાનમાં કે જે ઈમામે ઝમાનની શનાખત છે ત્યાં લઈ જાય છે.

ઓ મોમિનો, જ્યારે કોઈ માણસ મઝાક અને વાહિયાત વાતો કરે છે અને કોઈની હાંસી ઉડાવે છે અને બીજા માણસો તેની સામે ઉભા ઉભા યા બેઠા બેઠા હસી રહ્યા હોય તો તે તમામે તમામ શયતાનો છે.

# અનુકરણના પરિણામો

આ મોમિનો, સાંભળો અને સાચી વાતને તમારા દિલ તથા દિમાગમાં સાચવી રાખો હકતઆલાના ફરમાનને યાદ રાખો અને હકીકી ઇલ્મની વાતો સાંભળતા રહો કેમ કે ઘણા લોકો આપવડાઇ અને આપમતીલાપણું તેમજ અજ્ઞાનતાને કારણે ગુમરાહ થઇ ગયા છે. તેઓ જુઠા વાદવિવાદમાં અને ફલાણો આલીમ આમ કહી ગયો છે ને ફલાણો આલીમ આમ કહી ગયો છે એવી ખેંચતાણમાં અથવા કોઇ કોઇના અનુકરણ અને દેખા દેખીમાં અટવાઇ ગયા છે. તેઓ આંખો મીંચીને એકબીજાની પાછળ ચાલ્યા જાય છે, પણ ખબર નથી કે અમે ક્યાં જઇ પહોંચીશું. આવા લોકોની સરદારી તેમજ કહેવાતી હોશિયારી તથા દુન્યવી સંપત્તિથી મગરૂર થઇ ગયા છે. કયામતના દિવસે ઉભો ને ઉભો સળગાવી દેનારો સૂરજ જ્યારે તેઓની માથે આવીને ઉભો રહેશે અને સખતમાં સખત હિસાબની જગ્યાએ જ્યારે તેઓને ઉભા રાખવામાં આવશે ત્યારે તેઓની હોંશિયારી, મોટાઇ, પદવી કે સંપત્તિ કે દેખા દેખી તેઓને કંઇ કામ નહીં આવે. કારણ કે એ લોકો હકીકી ઇલ્મથી કેટલાય દૂર છે. તેઓ પોતાની રીતે માની લીધેલા મોટેરા મુલ્લા મૌલવીઓનું આંધળું અનુકરણ કરીને કુમાર્ગે ચઢી ભટકીને ભૂલા પડી જાય છે. તેઓની નકીલ અથવા લગામ

વાટપાડુઓ અથવા ભૂતપલીતના હાથમાં હોય છે અને છેવટે એ બધાં ગુમરાહીના ઊંડા દરીયામાં ડૂબી મરે છે. પણ તેઓને પોતાની ગુમરાહીનું કંઇ ભાન નથી હોતું. બધા ફિરકાબાજીમાં પડી જાય છે તેઓ પોતાના ખોટા કામથી બેખબર છે તેઓ નથી જાણતા કે તેઓનાં કામોનું શું પરિણામ આવવાનું છે, બધા ગફલતમાં પડેલા છે. પણ મરવા પછી તેઓને ખબર પડશે, પણ એ વખતે ખબર પડવાથી કંઇ ફાયદો નથી અને ત્યાં દુઃખ, વેદના, અફસોસ અને સંતાપ સિવાય બીજું કંઇ નથી.

મોમનને તો દુનિયામાં જ કયામતથી અને પોતાના કામના પરિણામથી જાણકાર રહેવું જોઇએ. સામાન્ય લોકો અને તેઓના સરદારની મિસાલ ઘરડી ગાયો. અને ખાટકી જેવી છે જેમ ખાટકી છેવટે પોતાના છુરાથી એ ગાયોને કાપી તેમનાં ચામડાં ચીરી નાંખે છે, એજ પ્રમાણે બીજા દીની આગેવાનો પોતાની તકલીદ કરનારાઓનાં ચામડાં ચીરી નાખે છે અને એ ગાયોને પોતાના અંજામનું કંઇ ભાન નથી હોતું તેઓ તો ખાટકીને પોતાનો ગોવાળ સમજીને તેની પાછળ પાછળ ચાલી જાય છે.

ઓ મોમિનો તમે હરગીઝ કોઇ અન્ય મઝહબના મુલ્લા કે પેશવાની તકલીદ (અનુકરણ)માં અટવાઇ ન

રહેતા અને મુલ્લા મૌલવીઓ પાછળ ભમવા નીકળી ન પડતા કારણ કે તેઓ જાહેરી ઇલમમાં જ અટવાઇ ગયા છે. તેઓ ઇમામે વક્તની મૌજુદગીના તથા એવણ જનાબના પંથના અને તેમની હુઝુરપુરનુરના સદભાગ્યના મુનકર છે અને અગર કોઇ માણસ કહે કે ઇમામ હેયાત અને હાઝર છે. ત્યારે તેનો માર્ગ પકડવો જોઇએ. તો પેલા મુલ્લાઓ એમ કહેનારને બિચારાને કુફનો ફત્વો આપી દ્યે છે અને પછી તેને સંગસાર યાને પથ્થરથી મારવાની સજા કરે છે.

આવા ખુદપરસ્ત મુલ્લાઓથી ખુદા બચાવે. તેઓએ પોતાને માટે વિચિત્ર જાતનો ખ્યાલી ખીચડો પકાવી રાખ્યો છે. અને વિચિત્ર પ્રકારનું પાણી નહેરમાં વહેવડાવી દીધું છે. તેઓએ આ એક જ વાકયથી લોકોની ઝબાન બંધ કરી દીધી છે. હરી ફરીને તેઓ બસ એક જ વાત કરે છે કે બસ તમે કુફના શબ્દો બોલો છો ! વળી તેઓએ કોઇ સામાન્ય અજ્ઞાન શખ્સને પોતાનો પીર બનાવી દીધો છે. માટે દરેક પવિત્ર નેક અને સદચરિત્ર મોમિન શખ્સે એવા ઢોંગી લોકોથી દુર રહેવું જોઇએ.

એ રાજપાટ અને સરદારીના ભૂખ્યા લોકોએ જ્યારે ખુદાના નુરને બુઝાવવાની કોશીશોમાં ઇમામે ઝમાન મૌલાના હાઝર ઇમામ સાહેબને ઇજાઓ પહોંચાડી અને એવણ જનાબ વિરૂધ્ધ લડાઇઓ કરી. પણ દરેક

વખતે એ કાફિરોની કોશીશો નિષ્ફળ ગઇ. છેવટે તેઓએ થાકીને જુઠ, ફરેબ અને અફવાબાજી તથા કુફના ફત્વાનો આશરો લીધો અને કિતાબોમાં લખ્યું કે ઇમામ તો ઠેઠ આખર જમાનામાં જાહેર થશે અને કંઇક કહેશે. આથી ઘણા લોકો ઇમામે ઝમાનના માર્ગથી ભટકી ગયા અને ઘણા લોકોએ તે જુઠી વાત માની લીધી. ત્યાં સુધી કે એ બધા તકલીદ વાળાઓ ઇમામના દીદારથી બેનસીબ થઇ ગયા. જો કે ઇમામે ઝમાન તો સૂરજની પેઠે જગતમાં જાહેર છે પણ જે લોકો ઇમામના દુશ્મન હોવાથી તેઓ તેમની ઝહુરાતની વાટ જોઇ રહ્યા છે. કારણ કે તેઓએ જાહેરી મુલ્લાઓ મૌલવીઓની ફરમાંબરદારી કરી અને તકલીદમાં પોતાની જિંદગી બરબાદ અને ધુળધાણી કરી નાખી.

# સૌથી મોટી દૌલત

ઓ મોમિનો, ઓ સદાકતવાળાઓ હંમેશા શુક્ર કરતા રહો કારણ કે તમને એ ઈમાન તથા દીનની દૌલત મળી છે. અને તમારી ખુશનસીબી છે કે તમને બીજા લોકો ગુમરાહ નથી કરી શકતા. પણ તમે સાવચેત રહેજો અને બહુ સંભાળજો. અમારો ભેદ કોઈ અયોગ્ય અને બિનઅધિકારી લોકોથી છૂપો રાખજો અને એવા આદમીરૂપી જિન્નાતથી દૂર રહેજો. કયાંક એવું ન થાય કે તેઓ તમને હલાક કરી નાખે જેમ તેઓ પોતે ભટકી ગયા છે તેમ તમને પણ ક્યાંક બદબખતીઓના અંધારા ખાડામાં ન ખેંચી જાય.

ઓ મોમિનો ! ખુદાનો પંથ અખત્યાર કરો અને ખુદાના માર્ગમાં ખેરાત તથા ભેટ સોગાદો આપતા રહો અને ગરિયાઝારી તથા અશ્રુપાત અને ઈબાદત કરતા રહો. અને એ ન્યામતની કદરદાની કરતા રહો. હારી ન જતા. તમારે એ બહુમુલ્ય મોતીનું જતન કરવું જોઈએ તમે જુઓ છો કે જે માણસ પાસે કોઈ કિંમતી ચીજ હોય અથવા દૌલત હોય તો તે કેવો સાવચેતી રાખે છે ? તેમ સત્યપંથ તથા ઈમાન અને મૌલાના હાઝર ઈમામની મારેફતથી મોટી કોઈ દૌલત નથી તેને બરાબર સંભાળજો અને તમારા પીરનો દામન મજબુતીથી પકડજો

કે જેથી તમે તોફાનોથી બચી જાઓ અને શયતાનનો હાથ તમારા સુધી પહોંચી ન શકે. વળી હરામ ખોરાકથી પણ બચતા રહેજો કે જેથી તમારું દિલ કાળું ન થઇ જાય. અને જે માણસનું દિલ ઝિકર કરતી વખતે ભારી સખત અને કાળું જણાય તો તે તેનો શોખ ન હોવા તથા તેની સુસ્તીની નિશાની છે. જે હરામખોરી અને માલેવાજબાત ખાઇ જવાથી પેદા થાય છે માટે માલેવાજબાત બરાબર અદા કરતા રહો. અને ઈમામે ઝમાનનો હુકમ કબુલ કરતા રહો. કોઈનું બુરૂં ન કરો, શુભેચ્છા ધારણ કરો, નેક કામો તથા પરહેઝગારીને માટે પરસ્પર સહકાર અને મદદ તથા પ્રોત્સાહન આપો. તાકે પોતાના મૌલાના ઝિકરથી તમારી બધી મુશ્કેલીઓ આસાન થઈ જાય.

# માલેવાજબાત

ઓ મોમિનો, જે માણસ ઈમામે ઝમાનના માલને અટકાવી રાખે છે. અથવા તેને પોતાના માલમાંથી જુદો નથી કરતો અને તેની આંખો તથા દિલને તે માલ સારો લાગે છે તો તેનું દિલ કાળું થઇ જાય છે. અને તે માણસ બદકાર તથા બદઅમલી બની જાય છે અને આખરતમાં પોતાને દોઝખી કરી નાખે છે.

ઓ મોમિનો, સાવધાન રહો, ગફલતી ન કરતા અમારો માલ માલેવાજબાત ખાવો બહુ મુશ્કેલ અને ભારી છે. તે બહુ કઠણ કોળિયો છે. તકલીફ ઉપાડ્યા પછી પણ એ લુકમો હજમ થવાનો નથી. એ બાતીની (રૂહાની) બિમારીઓનું કારણ બની જાય છે. માલેવાજબાત ખાનાર માણસ બન્ને જહાનમાં હલાક થઇ જાય છે. અને આ દસમી પાતીમાં ઘણી હિકમતો અને અસંખ્ય પરિક્ષાઓ અજમાઇશો છુપાએલી છે અને તે ન દેવામાં ઘણી આફતો તથા બલાઓ છુપાએલી છે. અને એ માલ હજમ કરી જવાનું બહુ મુશ્કેલ છે. તમે તેને આસાન ન સમજો કેમ કે એ બહુ ભારી અને સંગીન બોજો છે. માલેવાજબાત આપવા અને લેવાવાળાની ફરજ છે કે તે સચ્ચાઇ અને સંપૂર્ણતાથી મૌલા મુર્તુઝાઅલી અ. ના દરબારમાં પહોંચાડી દો.

# ઈમામની શનાખત

ઓ મોમિનો ખબરદાર થાઓ કે જેથી તમે ભૂલ ન કરી બેસો કેમ કે આ માર્ગ પર બહુ જ વિંટબણાઓ છે. માટે તિક્ષણ નજરે ચાલવાની જરૂર છે. આ એ દુર્લભ ન્યામત છે જે આસાનીથી નથી મળતી. જ્યારે જાહેરી ન્યામત પણ મુશ્કેલીએ મળે છે તો બાતુની નેમત કેમ કરીને સહેલાઈથી મળી જાય ? બાતુની નેમત કે જે ઈમામની શનાખત છે, તેને માટે તો જીવ આપી દેવો પડે તો પણ ઓછું છે. માટે તમો આ અમર અને દૈવી ન્યામતનું મુલ્ય સમજો. અને પોતાના મૌલાના શુક્રાના અદા કરતા રહો કે જેણે તમને આ બક્ષીસ આપી છે. અને પોતાની મારેફતની તાલીમ આપી છે. નહિતર એ જિન્નાતો, આફતો અને બલાઓ, ડાકુઓ અને ધીંગાણાઓ વચ્ચે તમે ક્યાંથી એ ચીજ સુધી તમારી મેળે પહોંચી શકતા હતા ? કે ઈમામને માર્ગે તમે ચઢી શકો ? એ લોકો દીનના દુશ્મનોએ એવી દીવાલો ઉભી કરી દીધી છે કે બિચારા સામાન્ય લોકો એને ઓળંગી શકતા નથી. તેઓએ એક એવી ગાંઠ લગાવી દીધી છે કે જેને સામાન્ય લોકો ખોલી નથી શકતા. તેઓને હેરાન પરેશાન થઈને નિરાશા તથા અરમાન ભરેલાં દિલ સહિત માટીમાં મળી જવું પડશે, તો પણ તેઓને ઈમામના દીદાર નસીબ નહિં થાય.

# નૂરાની દીદાર

હોશિયાર રહો, કે મેં તમને એક સર્વોત્તમ માર્ગ દેખાડયો છે. અને જે કંઇ તમારી નજાત, આખેરતની ભલાઇ અને તમારી દુનિયા તથા આખેરતની ખુશહાલીના સાધનો હતાં તે બધાં મેં તમને દેખાડી દીધાં છે. તમારી અકલ મુજબ અને તમારી સમજબુજ પ્રમાણે મેં તમારી સાથે વાતો કરી અને તમારી શક્તિ મુજબ મેં તમને અમલ કરવાનો આદેશ આપ્યૌ. હવે તમારા પર ફરમાંબરદારી લાઝમ છે. તમને સીધે રસ્તે ચઢાવ્યા જે સિરાતિલમુસ્તકીમ છે માટે તમે પોતાના એ પંથ પર આગળ વધતા રહો. તમારા વખતના ઇમામે હાઝરની પ્રસન્નતાના તલબગાર રહો. તમારા ઇમામને જોયાજ કરો કારણ કે તેઓ સૂરજની માફક પ્રકાશીત અને જાહેર છે. તમે તમારા મૌલાના દિદાર માટે દિલ તથા દિમાગને દુન્યવી ઇર્ષા મોહવાસના અને ગુનાહોની ગંદકીથી પાક અને સાફ રાખ્યા કરો. જેથી તમે મૌલાના હાઝર ઇમામના પવિત્ર નૂરનો દીદાર કરી શકો અને તેમના ગાદીવારસને કે જેઓ ઇમામે ઝમાનના વસી અને આલ છે તેમને કબુલ કરો અને તેમના સંબંધે વાંધો વિરોધ ન ઉઠાવો, જેવું કે ભૂતકાળમાં થયેલું હતું. એ લોકોએ ઇમામ અલયહિસ્સલામને છોડી દીધા અને બીજા કોઇ ભળતા સળતા માણસને ઇમામ ઠેરાવ્યા. છેવટે તેઓ ઇમામ વિહોણા થઇ ગયા.

# બુનિયાદી ગલતી

હઝરત મૌલાના ઈમામ મુસ્તનસિરબિલ્લાહ અ. મે ફરમાવ્યું કે મારા બુઝુર્ગવાર દાદા હઝરત મૌલાના શાહ ઈમામ હુસેન અ.ના જમાનામાં કેટલાય લોકો ઈમામે ઝમાનને મૂકીને મોહમ્મદ હનફિયા તરફ થઇ ગયા. હઝરત મૌલાના શાહ ઈમામ ઝૈનુલ આબેદીન અ.ના જમાનામાં કેટલાક લોકો ઈમામે ઝમાનને છોડીને ઝૈદને માનવા લાગ્યા. મારા બુઝુર્ગવાર દાદા હઝરત મૌલાના શાહ જાફરસાદિક અ.ના જમાના પછી કેટલાય લોકોએ તેમના વસી હઝરત મૌલાના શાહ ઇસમાઈલ અ.ને છોડીને મુસા કાઝિમની પૈરવી કરી, કેટલાકે તેના ભાઈ અબ્દુલ્લાહને માનવા લાગ્યા. એજ પ્રમાણે મારા દાદા હઝરત મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ અ.ના જમાનામાં કેટલાક લોકો તેમના વસી ઈમામ શાહ નિઝાર અ.ને મુકીને મુસ્તેઅલીને માનવા લાગ્યા.

છેવટે એ બધા હેરાન પરેશાન થઇ સાચા ઈમામના દીદારથી વંચીત રહી ગયા. આ બધું તેઓની ગફલતને કારણે અને કંઈક તેઓની ખોટી ચાલચલણથી થયું હતું. તેઓએ પોતાના બાતિન અને દિલને સાફ ન રાખ્યું અને મૌલાનું મુલ્ય ન સમજ્યા. તેથી તેઓ પાસેથી એ ન્યામત ચાલી ગઇ. તેઓને માટે એવાં

કારણો ઉભાં થયાં, કે જેથી તેઓની એવી હાલત થઇ.

તો નાશુક્રીથી ન્યામત હાથમાંથી ચાલી જાય છે માટે કદરદાની કરો. મૌલાના શુક્રાના અદા કરો અને જે કંઇ ફરમાવવામાં આવ્યું છે તેને જવાહિર માફક ગ્રહણ કરો અને જે કંઇ તમને પીર તરફથી આદેશ મળે તેના પર કાયમ રહો અને તમારા શિક્ષકના હુકમનું પાલન કરો અને હાઝર જોમાની તાબેદારી જે ચલણી સિક્કા જેવી છે અને તે શરિયતની રૂએ તથા તાર્કિક દ્રષ્ટિએ તદ્દન યોગ્ય અને વાજબ સમજો.

આ બધી નેક નસિહતો હઝરત મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ અ. એ મજલિસો તથા મહેફિલોમાં જમાતને વાએઝના રૂપમાં બયાન ફરમાવી છે. અને જમાતો, શુભેચ્છકો તથા વિદ્યાર્થીઓને આ નસીહતો વારંવાર વાંચવી, સાંભળવી તથા યાદ રાખવી જોઇએ. અને તેનું મનન કરી અમલ કરવો જોઇએ. તાકે ભૂતકાળના મોમિનોની માફક તેઓ પણ નજાત પામે.

**॥ મોટી પંદિયાત સંપૂર્ણ ॥**

# પંદિયાત નાની

## ફરમાનબરદારીની બરકતો

ખુદાવંદે ઝમાન સાહેબે દોજહાન ઈમામે અશ્ર મૌલાના શાહ હઝરત ઈમામ મુસ્તનસિરબિલ્લાહ હિકમતના ભંડાર અને તાલા શાનાએ અઝીઝે ફરમાવ્યું કે ઓ મોમિનો ઓ સાદિકો! મોમનની ફરજ છે કે હકતઆલાના ફરમાનને તાબે રહે અને જે કંઈ ખુદાના ફરમાન છે તેને બજાવી લાવે અને જે કંઈ ખુદાના ફરમાનો છે તેને આભારવશ થઈને આંખે લગાડી માથા પર ચઢાવે. જે બંદો સાચી વાત સાંભળીને તેના પર અમલ કરે છે તો જુઓ કે તે બંદાને કેવી કેવી ભલાઈઓ આવી મળે છે. તે બંદાની બલા આફતો દફે થઈ જાય છે તેના દુશ્મન આંધળા થઈ જાય છે. તે બંદાને માટે ફત્તેહમંદી અને રોજીના દરવાજા ખુલી જાય છે, ખુદા તરફથી એ બંદાને ફત્તેહ અને મદદ મળતી રહે છે. તેની નેકી અને ઈબાદત તથા બંદગી કબુલ થઈ જાય છે. તેની નેકીમાં બરકત પેદા થઈ જાય છે તેનાં બધાં કામ તેની ઈચ્છા મુજબ પૂરાં થાય છે તેના ફરઝંદો અને સગાં સંબંધીઓ, આફતો, બલાઓ અને મુસીબતોથી સુરક્ષિત સલામત રહી શકે છે. તેનું ઘર આબાદ થાય છે. તે કદી દુઃખી કે

બેઆબરૂ નથી થતો. બધાં કામમાં તેને ફુરસત તથા નિરાંત રહે છે તે હંમેશા પ્રસન્ન અને ખુશમિજાજમાં રહે છે. ખુદાએ મહેરબાન તેનો યાર, મદદગાર અને બેલી હોય છે. તે ખુદાની પનાહમાં હોય છે. હકતઆલા તેનો દસ્તગીર યાને હાથ પકડનાર હોય છે. એ માણસ દુનિયા અને આખેરતમાં બહુ સુખી અને સદભાગી હોય છે. તે જાહેરી અને બાતુની અને દુનિયા તેમજ આખરતની દૌલતથી માલા માલ હોય છે.

આખરતની દોલત કે જે તેને મળે છે એની હકીકત સાંભળો. મોમિનો, આખેરતમાં પરવરદિગારના દીદાર અને તેની મુલાકાતથી તાલેવંત થશે. હકતઆલા મોમિન બંદાને આકાશી રાજ્ય ઇનાયત ફરમાવશે. તે ત્યાં રંગ બેરંગી નૂરાની પોશાક પહેરશે અને જે બંદાએ ઈબાદત અને ખિદમત ઝાઝી કરી હશે અને સવાબ તથા ઇનામનો વધુ હકદાર થયો હશે તો તે સાતમા આસમાનમાં ખુશીઓ મનાવશે અને સહેલ મોજમઝા કરશે. એ બંદો બખ્શીશની પાંખો દ્વારા ઉડ્ડયન કરશે. માથા પર કરામતનો તાજ ધારણ કરીને શાંતિ તથા સુખના લિબાસમાં તે હઝરતે અંબિયા તથા ઓલિયા સાથે સહેલ કરતો રહેશે. સાકીએ કૌસર મુશ્કિલકુશા મૌલા અલીના મુબારક હાથેથી તે શરાબે તહુરનું પાન કરતો રહેશે અને તે ફઝલો કમાલના મહાલયોમાં

તસવ્વુરાતી હુરો સુધી પહોંચી જશે. જન્નતમાં બધા સાફ દિલના અને દિનદાર મોમિનો એક થઇ જશે. ત્યાં વધારો ઘટાડો જરાય નહીં રહે. મોમિનો માટે ત્યાં કોઇ જાતનો શોક સંતાપ કે દુઃખ દરદ ચિંતા તકલીફ કે મોત પણ નહીં રહે.

ઓ મોમિનો ! જે માણસ દુનિયામાં ઇમામના ફરમાન સાંભળે અને સમજે અને તેના પર અમલ કરશે, તેને આખરતમાં એવી એવી ન્યામતો, દૌલતો અને સુખનાં સાધનો મળશે. માટે મોમનોએ હંમેશા ખુદાવંદતઆલાના ફરમાનમાં રહેવું જોઇએ અને જે કંઇ તેને માટે આદેશ હોય તે તાત્કાલિક હોંશે હોંશે અમલમાં મુકવા જોઇએ.

મોમનનું સૌથી પહેલું કામ તો એ છે કે પોતાના ઇમામે વક્તને ઓળખે અને તેની ઇતાઅત, ઇબાદત અને મોહબ્બત કરે.

# હલાલ ભોજન અને લિબાસ

પહેલું ફરમાન જે મોમનને માટે ફરમાવવામાં આવે છે તે એ છે કે પ્રથમ તેનો ખોરાક અને લિબાસ પાક, હલાલ અને જાઇઝ હોય અને એ ચીજોનું હલાલ હોવું એ ઉપરથી છે, કે પ્રથમ તે ઇમાનદારીથી પોતાની તમામ આવક અને નફાનો હિસાબ કરે અને તેનો દશમો ભાગ જે માલેવાજબાત છે તે સચ્ચાઇ, સફાઇ અને સાફદિલથી ઇમામે ઝમાન કે જેઓ દુનિયા અને આખરતના માલિક છે તેમના દરબારમાં પહોંચાડી દો. અને તું અત્યંત કોશીશ કરી લે કે એ હક પૂરે પૂરો અદા થઇ જાય. એ માલમાંથી હરગીઝ, હરગીઝ ન ખાવું જોઇએ કેમ કે એ ફરજની અદાયગીમાં બહુ જ હિકમતો અને બેશુમાર ફાયદાઓ છે. એ દશમો ભાગ દેવાથી તમે મોટા દરજ્જા પર પહોંચશો અને તે ન દેવાથી તમે ગુમરાહીની ખીણમાં રહી જશો અને દશોંદ દેવાથી તમારી ઇબાદતો કબુલ થઇ જશે અને તેના ન દેવાથી કબુલ થતી નથી.

ઇબાદત ત્યારે જ કબુલ થાય છે જ્યારે ખોરાક અને લિબાસ હલાલ પાક અને જાઇઝ હોય. તે એવી રીતે કે તું પોતાના ઝમાનાના ઇમામને ઓળખે અને પોતાના માલમાંથી દશોંદ બરાબર અદા કરતો રહે.

ત્યારે જ તારો ખોરાક અને પોશાક હલાલ અને જાઇઝ થઇ જાય છે અને એ પછી બીજી તમામ ઇબાદતો મકબુલ થઇ જાય છે. તે ઉપરાંત દોસ્તીની પરીક્ષા દૌલતથી થાય છે. નમાઝથી નહીં. નમાઝ તો સહેલી છે. જે દરેક વિધવા ઔરત પણ પઢી શકે છે. માટે નમાઝ પઢવી એ તો ઔરતનું કામ અને લક્ષણ છે અને મર્દની સિફત તથા લક્ષણો એ છે કે તે હકીકી માશુકને માટે માલ અને જાન આપી દેવામાં પાછી પાની ન કરે.. માટે નમાઝ પઢવી એ તો ઔરતનું કામ છે અને માલ આપવો, એ મર્દોનું કામ છે. તેથી ફના થઇ જનારી ચીજોને માટે પણ જ્યાં સુધી તું કિંમત અદા નથી કરતો તો તેને કોઇ ચીજ આપવામાં નથી આવતી, તો પછી સદા બાકી રહેવાવાળી ન્યામતો, વગર કિંમતે કેમ મળી શકે ? માટે માલેવાજબાતને નિયમિત કરો, ન નમાઝને. યાને પહેલાં માલેવાજબાત આપો અને પછી ઇબાદત કરો, કે જેથી તમે કબુલ થઇ જાઓ.

બીજું કે એ પછી તમે લોકોના માલને તમારા માલમાં હરગીઝ શામેલ ન કરો. ગનીમત સમજીને લોકોનો માલ હરગીઝ ન ખાઓ અને ખ્યાનત ન કરો અને લોકોના માલમાંથી એક દોરો પણ પોતાના પોશાકમાં શામેલ ન કરો અને પોતાના માલને કોઇ હરામ ચીજ

મીલાવી નાજાઇઝ ન કરી દ્યો અને દુશ્મની કે દંડ તરીકે પણ કોઇ પાસેથી કોઇ ચીજ લીધા ન કરો. અને પોતાના બદનને કે જે રૂહનો પોશાક છે તેને બાતુની ગંદકીઓથી પાક કરી રાખે જેમ કે તકબ્બુરી, કિન્નો, અદાવત, હસદ, મોહવાસના શયતાની દુર્ગુણો અને લોકોને દુ:ખ પહોંચાડવાની વૃત્તિ વગેરેનો ત્યાગ કરો. કેમ કે એ બધી ગંદકીઓ છે અને તે બાતિનને ગંદું કરી દે છે એ બધી ચીજોથી બચવું અને દૂર રહેવું મોમન પર વાજબ છે.

# નાફરમાનીનું પરિણામ

બીજું એ કે ફરમાનબરદારીમાં ચુસ્ત અને હોંશિયાર રહો. અને ખિદમત બજાવવામાં પણ હાજર અને કાયમ રહો અને ખુદાવંદે વચન આપ્યું છે, કે જે માણસ ખિદમતમાં નિયમિત અને નિસ્વાર્થ રહે છે તે આખેરતમાં અનંત સંપતિ મેળવે છે.

હ. ઈમામ મુસ્તનસિરબિલ્લાહ અ. મે ફરમાવ્યું કે અફસોસ છે એ લોકો પર જેઓ નાફરમાની અને સુસ્તી કરે છે. અને જે કોઈ ફરમાનબરદારીના મામલામાં ત્રાંસા હોય તો એવા શખ્સોને માટે સખત આઝાબ અને દોઝખની આગમાં ઠેકાણું છે. તેઓ અતિ દુઃખદ આઝાબમાં ગિરફતાર કાળા મોઢાના અને બહુ જ શરમીંદા થશે. અને કયામતની સૌથી મોટી ગભરામણમાં તે ગુનેહગાર તરસની પીડાથી રોશે એ વખતે બરબાદી તથા હલાકતના કુવામાંથી, જેમાં દોઝખીઓનાં મેલાં અને પરૂ ભરેલાં હશે તેમાંથી દોઝખનો દારોગો તેઓને પીવા માટે આપશે. જેને માએ હમીન યાને ઉકળતું પાણી કહેવામાં આવે છે, જે દોઝખીઓનાં મેલાં, અને ગંદકી ભરેલું છે. જે દોઝખની અગ્નિથી ઉકળી રહ્યું છે અને જેમાંથી દુર્ગંધ આવે છે તે પાણી પીવા મળશે.

જે કોઈ ઈમામે ઝમાનની ફરમાનબરદારી નહીં કરે તેના માટે ઘણો આઝાબ છે અને તેને કોઈ જાતની ખુશી નસીબ નહીં થાય. માટે નાફરમાની તકબ્બુરી અને ઘમંડથી દુર રહો અને જુઓ. કે તકબ્બુરી અને ઘમંડને કારણે કેવી પડતી દશા, તકલીફો અને ખુવારીઓ તથા મુસીબતો અઝાઝિલ ઉપર આવી ?

જે ખુદાવંદેપાકની દરગાહનો આબરૂદાર અને હુઝુરી ફિરશ્તો હતો અને બધા ફિરશ્તાઓ તેનું સન્માન કરતા હતા અને તે ખુદાની બંદગી તથા ઈબાદતમાં મશ્ગુલ રહેતો હતો અને તે એક ઘડીને માટે પણ ગાફલ નહોતો રહેતો. એ દરમ્યાન એક લાનતનો તોક જોવામાં આવ્યો અને ખુદાવંદ તરફથી બધા ફિરસ્તાઓને અવાજ આવ્યો કે ઓ ફિરશ્તાઓ, આ લાનતનો તોક એ માણસને માટે છે જે ફરમાને ઈલાહીની અવગણના કરશે. આ કલામ સાંભળી બધા ફિરશ્તાઓ ધ્રુજવા લાગ્યા. ત્યારે અઝાઝિલે બધાને આશ્વાસન આપ્યું અને કહ્યું કે તમારામાંથી જેને પણ આવશે તો હું તેને છોડાવી દઈશ. તે પોતાની ઈબાદત અને મારેફત પર એટલો મગરૂર હતો કે પોતાને માટે તો નાફરમાનીની કલ્પના પણ નહોતો કરતો અને એ ન સમજ્યો કે ન ઓળખનાર લોકો જ અજાણપણામાં નાફરમાની કરે છે. ત્યાં સુધી કે હઝરત અહદીતે આદમ અબુલ બશર

અલયહિસ્સલામને પેદા કર્યા અને ફિરશ્તાઓને આદેશ ફરમાવ્યો કે આદમને સિજદો કરો. ત્યારે બધા ફિરસ્તાઓએ સિજદો કર્યો માત્ર ઇબ્લીસે ન કર્યો તેણે સિજદો કરવા માટે ઘમંડથી ઇન્કાર કરી દીધો. ત્યારે ખુદાવંદે ફરમાવ્યું કે તે સિજદો કેમ ન કર્યો ? ત્યારે તેણે અરજ કરી કે તેં પોતેજ મને ફરમાવ્યું હતું કે તારે મારા સિવાય કોઇને સિજદો ન કરવો. વળી એ પણ છે કે આદમથી હું ઉત્તમ છું. કેમ કે એ માટીમાંથી બનેલ છે અને હું આગમાંથી છું. આમ તકબ્બુરી અને નાફરમાનીથી તેના તમામ નેક આમાલ અને ઇબાદત બરબાદ થઇ ગઇ અને પરવરદિગારે આલમના કોપ તથા બેનિયાઝીની આગમાં બળીને તેની નેકીઓ તથા બંદગીઓ નાબુદ થઇ ગઇ.

આ બધું બનવાનું મૂળ કારણ નાફરમાનીને કારણે ન ઓળખવાનું અંધારૂં હતું. તે ઇબાદત જે મારેફત વગરની હોય તે એ આબિદને માટે સજાનું કારણ બને છે અને તેનો કોઇ ખરીદનાર નથી હોતો. તો એ ઇબાદત જે કબુલ થઇ જાય છે તે એવી ઇબાદત છે કે જેમાં તું દીનના માલિકને ઓળખે અને તેના ફરમાન મુજબ ઇબાદત કરે અને જે કંઇ હુકમ થાય તેને કંઇ પણ ચું કે ચાં કર્યા વગર કબુલ કરે. કેમ કે મારફત વગરની ઇબાદત ભૂલ અને પાપનું જ અનુસરણ છે.

દરેક ચીજ અને દરેક શખ્સના (તકલીદ) અનુકરણમાં ભૂલ થાય છે. અને જે માણસ તકલીદમાં રહે તો તે તૌહીદમાં નથી પહોંચી શકતો.

માટે હકીકી મોમન એ જ છે જે પોતાના ઇમામે વક્તની પૈરવી કરે. તેમના હુકમને માટે રાહ જુએ. જે કંઇ જમાનાના તથા અમરના માલિક ફરમાવે તેને જ સાંભળે અને અમલ કરે અને તેણે પોતાનો માલેવાજબાત બરાબર અદા કરવો જોઇએ અને તે દરેક રાત્રે વિચારે કે મારા પર કંઇ માલેવાજબાત બાકી છે કે નથી ? કે મેં બધું દઇને અદા કરી લીધું છે ? અને અગર તેને યાદ આવે કે માલેવાજબાતમાંથી કંઇ તેના માલમાં અને તેના પર બાકી છે તો તેણે તરતજ અદા કરી દેવો જોઇએ અને જ્યારે તમે તમારા માલની દશોંદ આપો છો તો શુક્રગુઝાર રહો અને ખુશીઓ મનાવો કે તમને તૌફીક આપવામાં આવી અને તમે ઇમામે ઝમાનના હકને ઇમામ અ. સુધી પહોંચતો કર્યો.

# આખેરત પર યકીન

ઓ મોમિનો, દુનિયાની ઇતબારી અને બેકદરીના બારામાં જરા વિચારો તો ખરા કે એ કેવી નિરાશાજનક છે તેણે કોઇના દિલની મુરાદ પૂરી કરી નથી બલ્કે તેણે તો પોતાના તલબગારને નિષ્ફળ જ બનાવ્યો છે. તમે હરો ફરો અને જુઓ કે ધરતીના પટ પર કેવા કેવા માણસો હતા જેઓ દુનિયાના તલબગાર થયા અને તેઓએ યુદ્ધો કર્યા પણ છેવટે તેઓ પોતે જ ગુજરી ગયા અને ખતમ થઇ ગયા. પણ અંબિયા અને ઓલિયામાંથી કોઇએ પોતાને દુનિયાથી મેલા ન બનાવ્યા અને (તેનાથી ઉલ્ટું) જાહેરી બાદશાહોએ સત્તા અને સરદારી મેળવવા માટે કેટલી કોશીશો કરી, શું શું ન કર્યું પણ છેવટે કેવા નિરાશ થઇને અફસોસ સહિત મરી ગયા અને ખતમ થઇ ગયા અને તમારા બાપદાદાઓ પણ ચાલ્યા ગયા અને હવે તમારો વારો છે.

ઓ મોમિનો ! તમે કેમ ગમના પ્રસંગે ગમગીની વગરના થઇને બેઠા છો અને દુનિયાની અંદર ગફલતથી નિંદ્રામાં મદહોશ અને આખરતથી બેખબર થઇને બેઠા છો અને બેખબરી તથા નાદાનીને કારણે ખ્યાલ કરતા નથી કે કેટલાય લોકો શરીરની પરવરિશ તથા દેહ બુદ્ધિમાંથી પરવારતા જ નથી અને આખરત તથા

(મહાદનના મહા દુ:ખથી બેખબર છે.) કે એ લોકો છેવટે પોતાને બહુ જાડા તગડા કરી નાખે છે પણ રૂહને કમજોર કરી નાખે છે. પણ હકીકી મોમન તો એ જ છે જે આખેરતની ફિકરમાં રહે છે અને ગમ તથા ગુસ્સો (બરદાસ્ત કરી કરીને) શારીરિક રીતે નિર્બળ અને કમજોર બની જાય છે, તા કે તે બખ્શાઇ જાય અને ધ્યાન રાખજો કે ઇમાનના માર્ગમાં ઘણાં વિઘ્નો અને દુશ્મનો મોજુદ છે. માટે તમારે રાત દિવસ આખેરતની ફિકરમાં રહેવું જોઇએ. જે માણસ આખેરત પર ઇમાન રાખે છે તે કોઇ ગુનો કરી શકતો નથી. તેનું કારણ એ કે તેને કયામત વિષે જરાય શંકા નથી. અને લોકો મોટા કે નાના ગુનાહોથી દૂર નથી રહેતા તો તેનું કારણ એ છે કે તેઓ કયામત વિષે શંકા કરે છે અને ધારે છે કે મરવું અને પાછા સજીવન થવું તે સાચું નથી બલ્કે તેઓ હંમેશને માટે નેસ્તો નાબુત થઇ જવાના છે. તેઓને ખબર નથી કે આઝાદી અને તેના પર યકીન ઇમામ અ.ના પવિત્ર ફરમાનથી જ પ્રાપ્ત થાય છે. જ્યારે કોઇ માણસ ઇબાદત અને પરહેઝગારી તથા વસ્તુ માત્રની ઉત્પતિનું કારણ તથા જ્ઞાન વિજ્ઞાનની હકીકતો જાણવાની કોશીશ કરે ત્યારે ઇમામે વક્તની શનાખત સુધી પહોંચી જઇ શકે છે.

પણ જાહેરી મુલ્લા મૌલવીઓએ તો સદ્દે સિકંદરી

એટલે સિકંદરે ઊભી કરેલી ઈતિહાસિક દિવાલની માફક શરીઅતની જાહેરીયત, પોતાની સરદારી ટકાવી રાખવા માટે દિવાલની માફક ખડી કરી દીધી છે અને બિચારા સામાન્ય લોકો યાજુજ અને માજુજની પેઠે બધી જાતના બગાડ, ગંદકી તથા પશુની માફક આહાર નિંદ્રા ભય અને વિષય વાસનાની સાંકળમાં જકડાઇને રહી ગયા છે. તેઓ આ સિવાય બીજું કંઇ જાણતા નથી. એ લોકો તકલીદ (ગાડરિયા પ્રવાહ)ની જાળમાં ફસાઇ પડયા છે અને મોતના વખત સુધી એ વાતથી બેખબર રહે છે. અને માત્ર તકલીદી રીતે એક બીજાની દેખા દેખીએ આખેરતનો ઇકરાર કરે છે.

ઓ મોમિનો, તમે ખરેખર જાણી લ્યો કે તમે ખુદાની હુઝુરથી પાક પવિત્ર આકાશી દુનિયાથી આ ફાની અને ખાકી જગતમાં આવી પડયા છો અને પછી ખુદાવંદતઆલા તરફ પાછા ફરી જવાના છો. માટે કંઇક એવા કામો કરો કે તે દોસ્ત (ખુદા)ની હુઝુરમાં ખાલી હાથે ન જવું પડે. સદ્ભાગી અને સદ્ગુણી બનીને જાઓ. શરમિંદા બનીને નહિ. માટે દુનિયાની લાલચ છોડો અને આખેરતનાં કામો સંપૂર્ણ કરો.

જ્યારે ખુદાવંદતઆલા પૂછશે કે મેં તમને દુનિયામાં જે જે ન્યામતો ઇનાયત ફરમાવી હતી તેનો તમે કેવો અને કયે રસ્તે ઉપયોગ કર્યો ? મારી શનાખત અને

મારી ઈબાદત કરી ? કે પછી તમે મારી ન્યામતો ખાઈને તમે મારી મખલુકને દુઃખ આપવામાં મશ્ગુલ રહ્યા ? અને શેતાનની તાબેદારી કરતા રહ્યા ? મેં તમને આંખો, અક્કલ, હોશ હવસ અને શરીરનાં સાજાં અંગ ઉપાંગો ઈનાયત ફરમાવ્યાં તો એ બધાંનો તમે શું ઉપયોગ કર્યો? કેવાં કેવાં કામ કર્યા ? શું તમે હાથથી હલાલ કમાણી કરી કે ખોટે રસ્તે ખરચ કરવા માટે ઉપયોગમાં લીધા? કે લોકોના માલ તથા પરાઈ સ્ત્રી તરફ હાથ લાંબો કરતાં રહ્યાં ? કે લોકોને મારપીટ કરતા રહ્યા ? શું તમે કાન દ્વારા સાચી વાતો સાંભળતા રહ્યા હતા કે ગીબત જુઠ અને નિંદાના વાક્યો ? શું તમારી ઝબાન મારા ઝિક્રથી તરબોળ રહેતી હતી કે મારા બંદાઓની બદગોઈથી ? શું તમારું દિલ મારી મોહબ્બતમાં હતું કે દુનિયાની મોહબ્બતમાં ? શું તમારી ઈચ્છા મારા તરફ હતી કે દુનિયાની તરફ ? શું તમારી આંખો સત્ય જોવાવાળી હતી કે જુઠ ? શું તમે તમારા માટે અહીં ખુશનસીબી લઈને આવ્યા છો કે બદબખ્તી ?

તમારે ત્યાં (આ બધા સવાલોના) જવાબ આપવા પડશે અને પવિત્ર દિલ સિવાય ત્યાં બીજી કોઇ ચીજ તમને કામ નહીં આવે માટે દિલને દુન્યવી મોહબ્બતથી પાક કરી નાખો.

# રૂહાની તરક્કીનો ભેદ

ઓ મોમિનો ! યહ્યા પયગમ્બર અ.નો કિસ્સો સાંભળો. તેઓ દિવસ રાત રોયા કરતા હતા અને આરામ લેતા નહીં હતા. એક દિવસ હકતઆલા તરફથી યહ્યા પયગમ્બર પર હઝરત જિબ્રાઈલ અ. નાઝિલ થયા અને કહ્યું કે અય યહ્યા પયગમ્બર, પરવરદિગારે આલમીન ફરમાવે છે કે તમે આમ શા માટે રડયા કરો છો મને તમારા પર બહુ દયા આવે છે. અગર તમે બહેશ્તને માટે રુઓ છો તો મેં તમને એ ઇનાયત કરી દીધી. અગર તમે દોઝખની બીકથી રૂદન કરતા હો તો મેં દોઝખ તમારા પર હરામ કરી દીધી.

એ સાંભળી યહ્યા પયગમ્બરે અરજ કરી હું ન તો બહેશ્તને માટે રડું છું કે ન દોઝખના ડરથી બલ્કે યા બારીતઆલા, હું તો તારા દીદાર માટે રૂદન કરું છું. ત્યારે પરવરદિગાર આલમીને ફરમાવ્યું કે અગર તમે મારા દીદાર માટે આંસુ વહાવી રહ્યા છો, તો હજુ આનાથી પણ વધુ ગિરિયાઝારી વ રૂદન કરો કે જેથી તમારી આશા પૂરી થાય.

ઓ મોમીનો ! જ્યાં સુધી તમે આ દુનિયામાં છો ત્યાં સુધી નિરાંતે ન બેસો પણ બહુ જ ગિરિયાઝારી વ અશ્રુપાત કરતા રહો.

ઓ મોમિનો ! દીદાર અને જલ્વો જોવો એ મુશ્કેલમાં મુશ્કિલ કામ છે. પણ તમો મોમિનોને માટે હાઝર પીર, ઈલાહી દીદાર આસાન કરી દીધા છે. ઓ મોમિનો તેની કદર અને કિંમત સમજો. ગાફલ ન થાઓ અને તમારા હાઝર અલીયુઝઝમાનને યાદ કરો કે જેથી તે તમારો હાથ પકડે અને તમારી હિફાઝતને માટે ખુદાના પાક નામને તમારા દિલ તથા ઝબાનથી સતત સમર્યા કરો, સતત જપ્યા કરો. કે જેથી તમે બધી જાતની બલાઓથી, ખુદાવંદે ઝમાનના અમનો અમાનમાં રહી શકો.

**॥ નાનો પંદિયાત સંપૂર્ણ. ॥**

# બાર જવાંમર્દીઓ

આ બાર જવાંમર્દીઓ, જે હઝરત સાહેબુઝઝમાન મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ અ. પોતાની ઝબાન મુબારકથી ફરમાવી છે તે નીચે મુજબ છે :-

જે માણસ હકીકતી હોય તેના વાણી અને વર્તન સાચાં હોય છે. તેનું ધ્યાન અમારી તરફ રહે છે તે દુનિયામાં જ અમને મારેફતની આંખો વડે જુએ છે અને તે આખરતમાં પણ પોતાના પરવરદિગારનો જલ્વો જોવા ભાગ્યશાળી થશે. જે માણસ મને દોસ્ત રાખે છે તેણે આ બાર જવાંમર્દીઓ અપનાવવી જોઇએ કે જેથી આકેબતમાં તેને ભલાઇઓ અને બરકતો હાંસિલ થાય અને તેના દિલની મુરાદો પૂરી થાય.

## ૧. દિલની પવિત્રતા

પહેલી જવાંમર્દીની નસીહત એ છે કે પ્રથમ તે માણસે પોતાના દીન દુનિયાના માલિક ઇમામે ઝમાન અ.ની ફરમાંબરદારીમાં પુરા રહેવું જોઇએ. મૌલાએ વક્તની દોસ્તીમાં સાબિત કદમ મક્કમ અને મજબુત રહેવું જોઇએ. હકતઆલાના હુકમ પર અમલ કરવો જોઇએ. દિલ સાફ અને પાક રાખવું જોઇએ તેમ કંજુસ કે

તંગદિલ ન બનવું જોઇએ. કિન્ના અને અદાવતને દિલમાંથી કાઢી નાખવા જોઇએ કેમ કે ઇમામે ઝમાન જેઓ કલમ, રૂહ અને ઝાહિર તેમજ બાતિનના સ્વામી છે તેઓ બધું જુએ છે. માટે તમે કોઇ એવું કામ હરગીઝ ન કરો કે જેથી તમારા અંતરાત્માને નુકશાન થાય. દરેક જાતના ગંદા વિચારો તથા ફિત્નાના ખ્યાલોથી દૂર રહો. તમે પોતાના દિલને શયતાનનું ઘર બનાવી ન દ્યો બલ્કે તેને હકીકી ઇલ્મના પાણીથી ધોઇને પાક કરી દયો કે જેથી રહેમાનની જગ્યા થઇ શકે. જે દિલમાં રહેમ છે ત્યાં રહેમાનનું સ્થાનક છે અને બેરહેમ તથા કાળું દિલ એ શયતાન તથા ભૂતપ્રેતનું ઠેકાણું છે.

## ૨. દશોંદ

બીજી જવાંમર્દીનો મતલબ એ છે કે જે કામમાં હકતઆલા રાજી હોય એવાં જ કામ તથા એવી જ પ્રવૃત્તિ કરતા રહો. ખુદાના હુકમનો ભંગ ન કરો અને જે કંઇ તમારી આવક હોય તેમાંથી દશોંદ માલેવાજબાત કાઢી હ. મૌલાના મુર્તુઝાઅલી અ. જેઓ દુનિયા તથા આખેરતના માલિક છે તેમના દરબારમાં જરા પણ ઓછું કર્યા વગર બરાબર પહોંચાડતા રહો. અત્યંત સાચા પ્યાર અને મોહબ્બતથી અને હસ્તે મુખડે ઉલ્લાસ

તથા અકીદતથી એ માલ મૌલાની હુઝુપૂરનુરમાં પેશ કરવો જોઈએ, કે અમે મૌલાનો હક માલેવાજબાત અદા કરી શકયા, મૌલા મુર્તુઝાઅલીની હુઝુરપુરનુરમાં પહોંચાડવા ભાગ્યશાળી થયા અને મૌલાએ અતિ મહેરબાનીની રાહે કબુલ ફરમાવ્યો. આમ કરવાથી તમારી આવકનો બીજો બાકીનો ભાગ તમારો હલાલ થાય છે અને તેમાં તમને ભલાઈ, સુખ, ખુશહાલી અને બરકત નસીબ થશે. દુનિયા તથા આખરેતમાં તમે માલા માલ થશો.

અગર તમે માલેવાજબાત નહીં અદા કરો તો તમારી મિસાલ એક એવા માણસ જેવી થશે જે ખેતરમાં હળ તો ચલાવે છે પણ બીજ વાવતો નથી.

તમારા પર લાઝમ અને વાજબ છે કે માલેવાજબાત તરત જ તમારા હાથે જ મૌલાના હાઝર ઈમામના દરબારમાં પહોંચાડી દ્યો અગર કોઈ માણસ દશોંદનો ભાગ પોતાના માલમાંથી નથી કાઢતો તો તે માલ એક એવા ઘેટા માફક છે જેને ઝબ્હે કરીને લોહી વહાવ્યા વગર જ હરામ મુરદાર તથા નાપાક તેનું ગોશ્ત ખાવામાં આવે. માટે જો તમે દશોંદ આપશો તો તમારો માલ હલાલ થશે અગર નહીં આપો તો તે દશોંદનો માલ આગ બનીને તમારા બધા માલને બાળીને ભસ્મ કરી

દેશે અને તમારા માલમાંથી ખેર બરકત શાંતિ અને સલામતિ ચાલી જશે. હકતઆલાનો હુકમ છે કે હમેશાં બંદાઓએ ગાફલ થયા વગર, પોતાની હક કમાઈમાંથી હિસાબ કરીને દશોંદનો હક અદા કરવો જોઇએ કે જેથી તેઓ હલાલ ખાવાવાળા કહેવાય. આ દશોંદનો સિદ્ધાંત હઝરત શાહેમર્દાન મૌલા મુર્તુઝાઅલી એ નક્કી કર્યો છે અને હકીકતી મોમિનોને માટે ફરમાવ્યું છે કે જે માણસ હકીકતી હોય અને મારા દીદારની આરઝુ રાખતો હોય તે પોતાના માલમાંથી મારો દશોંદનો ભાગ બરાબર અદા કરતો રહે અને મને પહોંચાડતો રહે, કે જેથી એ મારા દીદારને પહોંચી શકે. શરીઅતવાળાઓ આ રહસ્ય તથા આ હુકમથી બેખબર છે. માટે દરેક જમાનામાં જે માણસને ઈમામે ઝમાનનો પંથ નસીબ થાય તો તેના પર વાજબ તથા લાઝમ છે કે ઈમામે ઝમાનનો હક માલેવાજબાત બરાબર અદા કરતો રહે એટલું જ નહીં પણ ઈમામે ઝમાનના ફરમાન પર પોતાનો માલ જાન કુરબાન કરી દે.

ખુદાવંદતઆલા ફરમાવે છે કે મારા બંદાઓ મને જેવી રીતે અને જે કંઇ આપે છે તો હું કે જે પાક પરવરદિગાર છું તેને એકના સવા લાખ આપીશ અને મારા દીદાર પણ ઈનાયત કરીશ અને તેમને આકાશોમાં મહેલાત મકાનો, સહેલગાહો, સુંદર દ્રશ્યો તથા ખુબસુરત

ઈમારતો ઈનાયત કરીશ અને એ માણસ આ દુનિયાથી ગુજરી જાય છે તે માણસ હકીકતમાં પુલસિરાત પરથી પસાર થઈ ગયાં ગણાય છે. જે માણસ હકતઆલાને માટે કામ કરતો હોય, તે હકીકતમાં પોતાને માટે જ કરતો હોય છે અને જે માણસ પોતાને માટે કામ કરે છે તે હકીકતમાં બેકાર છે અને તેનું કંઈ મૂલ્ય નથી. કારણ કે લોકોની ખુદી (હું પણું) અને તેની દરેક ચીજનો સાચો માલિક ખુદા છે. અગર બંદાએ દશોંદ અદા કરી દીધી તો તેની આવકનો બાકીનો ભાગ તેના પર હલાલ થઈ જાય છે અગર દશોંદ નથી આપતો તો તેનો તમામ માલ તેને માટે હરામ થઈ જાય છે.

હકીકતનાં બધાં કામો ગુપ્ત રહસ્યો જેવાં છે જે પયગમ્બર અ. વહેદત પસંદ એટલે (અલ્લાહની એકતામાં શ્રદ્ધા ધરાવનાર) મોમિનોને માટે મએરાજથી તોહફા તરીકે લાવ્યા હતા. આ અર્થો પેલાં હજાર ન વર્ણવાયેલાં એવા રહસ્યોમાંથી છે કે જેને માટે હકતઆલાએ રસુલિલ્લાહ અ.ને ફરમાવ્યું કે તમે અમારાં રહસ્યોને બિનઅધિકારી લોકો પાસે જાહેર ન કરજો અને આ તે નસીહતો છે કે જે પયગમ્બર અ. હકીકતીઓને માટે મએરાજથી લઈ આવ્યા છે અને મોમિનો સિવાય બીજા કોઈને તેની સમજ નથી. પયગમ્બર અ. આ રહસ્યો મોમિનોને હવાલે કરી દીધાં અને તાકીદ પણ ફરમાવી કે આને અયોગ્ય શખ્સોથી ગુપ્ત રાખજો

આ વાતો પણ તે ગુપ્ત રહસ્યોમાંથી છે કે હકીકતીઓની મિજલસોમાં શામેલ થતા રહેજો અને આ હકીકતી દીન ખુદાવંદતઆલાએ પવિત્ર સદ્‌ગુણી લોકોને માટે ઉતાર્યો છે. જે માણસને આ દીનની તૌફીક આપવામાં આવી છે તો તેણે તેની કદર અને કિંમત સમજવાની કોશીશ કરવી જોઇએ અને તમે પીરનો દામન પકડી રાખજો અને દીનના હુકમોનું બરાબર પાલન કરતા રહેજો.

## ૩. કબુલાત અને પ્રસન્નતા

ત્રીજી જવાંમર્દીનો મતલબ એ છે કે ભલી બતાવનાર અને બુરી તજાવનાર મૌલાની ઇચ્છાને આધીન થવું અને હકતઆલા તરફથી જે કંઇ આગળ આવે તેમાં રાજી રહેવું. જે કામમાં ખુદા રાજી થાય એ કામથી બંદાએ પણ રાજી રહેવું જોઇએ અને જે ચીજથી ખુદા રાજી નથી તો બંદાએ પણ એવી ચીજથી દુર રહેવું જોઇએ. ઇમામે ઝમાનની ફરમાનબરદારીમાં રહેવું જોઇએ અને પોતાના દિલને ઇમામે ઝમાનના ઇશ્કમાં જીવતું કરી દેવું જોઇએ કે જેથી તે બન્ને જહાનમાં અમર જીવન પ્રાપ્ત કરી શકે.

## ૪. હકને જોવાવાળી આંખ

ચોથી જવાંમર્દીનો અર્થ એ છે કે બંદાએ દરેક જગ્યાએ ખુદાવંદ કરીમને હાજર નાજર જોવા જોઈએ. અને કોઈની પણ બુરાઈ કરવી ન જોઈએ જે લોકો કોઈ ચીજ અથવા કોઈ માણસની બુરાઈ કરતા હોય છે. તો તેનું કારણ એ છે કે તેઓ અંધારામાં છે અને તેઓ પર અજ્ઞાનતાનું આવરણ છવાઈ ગયું હોય છે અને તેઓ તે હકીકતથી બેખબર છે. તો ઓ હકીકતી મોમનો ! ખુદાને દરેક જગ્યાએ હાજર અને નાજર સમજો. ખુદાની સૃષ્ટીને સારી સમજો. બધી ચીજોને સાચી નજરથી જોવાની ટેવ પાડો. પોતાની જાતમાં ખુદાને જોવાવાળી આંખ પેદા કરો અને અસત્ય જોવાવાળા ન થાઓ. પોતાના દિલમાં ખુદાવંદની તારીફ અને સ્તુતિ કરતા રહો અને તમારા પર જે કંઈ પ્રસંગો બને તે અગર સારા હોય તો ખુદા તરફથી સમજો અને જે તમારી ટુંકી બુદ્ધિથી ઉપજાવેલા હોય તેથી તે પ્રસંગ ખરાબ થાય તો તે તમારા નફસના અંધકારથી પેદા થયેલો સમજવો. જે કંઈ તકલીફ તમારા ઉપર આવે તો તે તમારા બૂરા આમાલથી સજા સમજવી માટે હમેશા નેક આમાલ કરો અને સજાથી તથા બુરાઈઓથી તમારી જાતને બચાવો કે જેથી આખરતની ભલાઈ તરફ આગળ વધો. ઓ મોમિનો, તમારા દિલને

પાક અને સાફ રાખો અને મહેરબાન ખુદાવંદે કરીમ સાથે મોહબ્બત કરતા રહો કે જેથી એ મૌલા પણ તમારી સાથે દોસ્તી રાખે અને હંમેશા તમારા ઝમાનાના ઈમામની પ્રીત કાયમ રાખો કે જેથી તમારું દિલ મૌલાના નૂરથી પ્રકાશીત રહે.

## ૫. ન્યામત અને તેની પડતી

પાંચમી જવાંમર્દીનો મતલબ એ છે કે તમારે દુન્યવી લાભથી બહુ ખુશી ન થવું જોઇએ અને નુકશાનથી નારાજ ન થવું જોઇએ. પણ તમારા દિલની હાલત એક સરખી જ હોવી જોઇએ. અગર તમને કોઇ તકલીફ પહોંચે તો પણ શુકર કરવું કેમ કે એ મુસીબત તમારી ભુલના બદલામાં છે અને તમારાં પાપો દુર થવાનું સાધન છે. તે ખુદાવંદતઆલા તરફથી તેના બંદાઓ પર ઉતરેલી નથી પણ ખુદ તરફથી જ છે. ખુદાવંદતઆલા જ્યારે કોઇ ન્યામત ઇનાયત ફરમાવે તો એને હડસેલવી અથવા એળે જવા દેવી ન જોઇએ કારણ કે એમ કરવાથી અને નાશુકરી કરવાથી ન્યામત છીનવાઇ જાય છે.

જે માણસ સતપંથનો પ્રવાસી છે તેને ઇમામની શનાખત કે જે સૌથી મોટી ન્યામત છે તે હાંસિલ થઇ

શકે છે. તો તેની કદરદાની કરવી જોઇએ કે જેથી તેને કોઇ હરાવી ન શકે. યાને બધા મેદાનમાં તેને ફતેહ મળે. અને જે કંઇ સુખ કે દુઃખ આવે તો તેમાં તમારે સબર અને શુકરનો સાથ લઇને સાચા યાર મૌલાના હાઝર ઇમામની નઝદીકી હાંસિલ કરવાનો પ્રયાસ કરવો જોઇએ. દુનિયાની ભલાઇ કે બુરાઇ તરફ ધ્યાન ન આપો કેમ કે જ્યારે ખુદાવંદતઆલા તમામ બંદાઓની હાલતથી વાકેફ છે તો જે કંઇ તમારી આખરતની ભલાઇનું કામ હોય છે એ જ તમને ઇનાયત કરતો રહે છે તે એવી રીતે કે તમે આખેરતમાં રાજી થઇ જાવ.

## ૬. ખુદાની પ્રસન્નતા

છઠ્ઠી જવાંમર્દી એ છે કે અગર તમે હકતઆલાના તલબગાર હો. તો બુઝુર્ગોના તલબગાર રહો કેમ કે ખુદા પોતાના વહાલા બંદાઓના પવિત્ર દિલમાં બિરાજમાન છે. તમારે કોઇનું દિલ ન દુખાવવું કોઇનું દિલ ન તોડો અને કોઇને નારાજ કે દુઃખી ન કરો કેમ કે મોમિનનું દિલ ખુદાનું ઘર છે. અને નાદાન લોકો આ હકીકતથી અજાણ છે. અગર તમે પોતાની તરફથી ખુદાને રાજી કરવા માગતા હો તો તમારે મોમિનને રાજી કરવા જોઇએ કે મોમિનની પ્રસન્નતા એ ખુદાની

પ્રસન્નતા છે. અગર મોમિનને કોઇ તકલીફ પહોંચાડે છે તો ખુદા એ માણસથી રાજી નથી. હકતઆલા એવા ઝાલિમથી કેમ અને ક્યારે રાજી હોઇ શકે ? કે જેણે મોમન બંદાને તકલીફ પહોંચાડી હોય. માટે તમારાથી બની શકે ત્યાં સુધી મોમનોને રાજી કરતા રહો કે જેથી તમને ભલાઇઓ તથા બરકતો પ્રાપ્ત થાય.

## ૭. દીની તથા નૈતિક માતાઓ અને બહેનો

સાતવી જવાંમર્દી એ છે કે તમારે પરાઇ ઔરતોને તમારી બહેનો સમજવી જોઇએ અને જો કોઇ પરાઇ સ્ત્રી તમારી પાસે આવે તો તમારી હાલત હાલક ડોલક ન થવી જોઇએ. તમારે એમજ સમજવું કે જાણે તમારી માતા અથવા બહેન તમારી પાસે આવી છે. અને અગર કોઇ પુરૂષ તમારી પાસે કોઇ સ્ત્રીનું નામ લઇને તમને કંઇ કહે તો તમારા દિલમાં ખરાબ ખ્યાલો આવવા ન જોઇએ અને તમારા દિલમાં કંઇ ફેરફાર ન થવો જોઇએ. અગર કોઇ જંગલમાં અથવા કોઇ એકાંત મકાનમાં તમે કોઇ પરસ્ત્રીને જોઇ હોય તો એ વખતે પણ તમારા દિલમાં ખરાબ ખ્યાલ ન આવવો જોઇએ. જો કે ત્યાં બીજું કોઇ હોતું નથી પણ ખુદા તો દરેક જગ્યાએ હાજર નાજર છે. માટે તમારે એમ સમજવું કે

એ તમારી મા અથવા બહેન છે અને પોતાના દિલને પવિત્ર તથા વશ રાખવું. તેમાં વસવસા પેદા થવા ન દેવા જોઇએ. એમ કરવાથી તમારા ઉપર ખુદાની ઇનાયત અને મહેરબાની ઉતરશે અને તમારું દિલ હકતઆલાની વહી ઉતરવાનું ઠેકાણું બની જશે.

## ૮. ગીબતની દુર્ગંધ

આઠવી જવાંમર્દી એ છે કે બધી જાતના ગુનાહોથી દૂર રહેવું જોઇએ અને કોઇની ગીબત કરવી ન જોઇએ. ખાસ કરીને મોમિનની ગીબતથી દૂર રહેવું જોઇએ. જે માણસ મોમિનની ગીબત કરે છે તે જાણે મૈયતનું ગોશ્ત ખાય છે. જે માણસ ગીબત કરે છે તેના ઉકરડા જેવા મોઢામાંથી એવી ભયંકર દુર્ગંધ વછુટે છે કે જેથી ફિરસ્તાઓને ત્રાસ છુટે છે અને એ બદબોથી શયતાનના દિલને કુવ્વત મળે છે એવા માણસોનો આખરેતમાં બહુ બુરો અંજામ આવે છે. તેના મોઢામાંથી દુર્ગંધ અને ગંદકી જાહેર થાય છે બધા નેક લોકો તેનાથી બેઝાર હોય છે. કોઇ તેને નજીક આવવા નથી દેતું. પછી તો એ માણસ પોતે પણ પોતાના મોઢાની દુર્ગંધથી ત્રાસી ઉઠે છે.

જ્યારે કોઇ માણસ બીજાની નિંદા કરે છે ત્યારે સમજે છે કે ફલાણો માણસ ખરાબ છે, પણ બધા લોકોના બાતુનની ખબરતો માત્ર ખુદાને જ છે અને જેની નિંદા કરવામાં આવી તે જો બાતુનમાં સારો હોય તો નિંદા કરનાર પર બમણા ગુનાહોનો બોજ પડે છે કે તેણે ખોટું આળ ચઢાવ્યું અને નિંદા પણ કરી ! એવા માણસ પર અફસોસ છે.

તમારે મોમિનોને માટે સારી જ વાત કરવી જોઇએ અને તેને પોતાની તરફથી રાજી કરી દેવો જોઇએ અને તમારે પોતાના દિલની હિફાઝત અને સબર કરવી જોઇએ. આમ કરવાથી છેવટે તમે બહુ સુખી થઇ શકશો. આખરતમાં તમને ખબર પડશે કે જે કામ વિષે દુનિયામાં તમારી એવી ધારણા હતી કે એ કામ થઇ જાત અથવા તો તમે એને કરી શકત તો સારૂં હતું, પણ તેનાથી ઉલ્ટું આખરતમાં તમે કહેશો કે બહુ સારૂં થયું કે ફલાણું કામ ન બન્યું અથવા હું ન કરી શક્યો. માટે તમે સમજી લ્યો કે ખુદાવંદતઆલા તમારી ભલાઇ અને બેહબુદીને તમારા કરતાં વધારે જાણે છે. તમારે પોતાના દિલમાંથી નકામા ખોટા વસવસા કાઢી નાખવા જોઇએ.

## ૯. બાતુની રોઝા

નવમી જવાંમર્દી એ છે કે તમારે આખા વરસના રોઝા રાખવા જોઇએ જેવી રીતે જાહેર શરિયતી લોકો એક મહીનાના રોઝા રાખે છે.

રોઝાનો ભાવાર્થ રિયાઝત છે એટલે કે બૂરાં કામથી બચવાનો છે. માટે તમારે પોતાની જાત પર ચાંપતી નજર રાખવી જોઇએ. દુર્ગુણો તથા ખરાબ કામોથી બચતા રહેવું જોઇએ અસભ્યતા તથા નીચતાથી પણ દૂર રહેવું જોઇએ કે જેથી ધીમે ધીમે તમારું દિલ પાક અને સાફ થઇ શકે.

બીજું જાણી લ્યો કે જાહેર શરિયતી લોકો જે ત્રીસ દિવસના રોઝા રાખે છે પણ એમાં સાચો રોઝો તો એકજ દિવસનો છે જેમાં શબે કદ્ર છુપાયેલી છે. લોકો તે એક દિવસને માટે ત્રીસ દિવસના રોઝા રાખે છે અને તે દિવસ પણ એક રહસ્ય અને ઇશારો છે. જેમ માણસો એ એક દિવસને હાથ કરવા માટે ૩૦ દિવસના રોઝા રાખે છે એવી જ રીતે તમારે પણ ખુદાના દીદાર મેળવવા માટે જીંદગીભર મહેનત અને તકલીફ ભરેલી કોશીશો કરવી જોઇએ. સબ્ર અને રિયાઝત કરવી અને પોતાના બાતિનને જીંદગીભર રોઝાથી રાખવું જોઇએ.

બાતુની રોઝાનો ભાવાર્થ એ છે. માથાનો રોઝો એ છે કે પોતાના માથાને લોકોના પગ સમાન ગણવાનું છે અને પોતાના માથામાંથી વડાઇ, ઘમંડ અને તકબ્બુરીની તમન્ના કાઢી નાખવી જોઇએ કેમ કે મોટાઇ અને અભિમાન માત્ર હકતઆલાની પવિત્ર જાતને જ છાજે છે. કારણ કે ખુદા કાયમ અને બાદશ્નાહીનો માલિક છે.

આંખનો રોઝો એ છે કે પરાઇ સ્ત્રી તરફ બદનજર ન કરવામાં આવે.

કાનનો રોઝો એ છે કે કાનને નીંદા સાંભળવાથી બચાવવામાં આવે.

જીભનો રોઝો એ છે કે ઝબાનને જુઠ તથા ગીબતથી રોકવામાં આવે.

દિલનો રોઝો એ છે કે દિલને શંકા કુશંકાથી બચાવવું જોઇએ.

પગનો રોઝો એ છે કે પગને અયોગ્ય જગ્યાએ જવાથી અટકાવવામાં આવે.

હાથનો રોઝો એ છે કે તેને પરાયા માલ તરફ આગળ વધવા ન દેવામાં આવે.

મોમનને પોતાનાં બધાં અવયવોને રોઝાથી રાખવા જોઇએ કે જેથી તે જાલિમ ન થાય.

ખાસ કરીને ઝબાનને જુઠું બોલવાથી બચાવવી જોઇએ અને ઇમામની શાનનો ઇન્કાર કરવાથી વધારે જુઠ બીજું એક પણ નથી કે જે દુનિયા પરસ્ત ઝાલિમોએ બે દિવસની બાદશાહી માટે ઇમામનો હક ગસબ કરીને એ જુઠની પૈરવી કરી છે.

## ૧૦. હકીકી ઈશ્કની હિકમત

દસમી જવાંમર્દી એ છે કે તમે પરહેઝગાર રહો, ગુનાહોથી તૌબા કરતા રહો અને કોઇ દુન્યવી ચીજ પર ભરોસો કે દારો મદાર ન રાખો તેમજ તેના પર ફખ્ર ન કરો પરંતુ પોતાના ઇમામની કૃપાદ્રષ્ટિ પર આધાર રાખો અને ફખ્ર કરો કેમ કે બધી ચીજો તેમને જ આધારે છે. વસ્તુ માત્રને એ મૌલાનો જ આધાર છે અને એ આધાર જ સાચો છે બીજી બધી વસ્તુઓ ફના થઇ જનાર છે. માત્ર ઇમામે ઝમાનની ઝાત જ બાકી રહેનાર છે. જે હયાત અને કાયમ યાને હૈયુલ-કૈયુમ છે.

તમને ઇમામે ઝમાન મળ્યા પછી બીજી કોઇ ચીજની તમન્ના ન રાખવી જોઇએ. દુનિયા પર મગરૂર થવું એ અત્યંત બેવકુફી છે. તમે દુનિયાની ચીજો પર મોહબ્બત ધરાવો છો પણ મોત આવશે તો તમારે દુનિયાથી

નિરાશ થઇને ખાલી હાથે જવું પડશે. માટે તમારે એવી ઝાત પર પ્રેમ તથા આધાર રાખવો જોઇએ જે દુનિયા અને આખેરતમાં તમારી સાથે રહી શકે જેનો કદી નાશ થઇ ન શકે વળી જે તમારાથી સૌથી વધારે નઝદીક હોય જે તમારી પોતાની ખુદીથી પણ વધુ નજીક હોય અને વળી જે તમારા પર સૌથી વધારે મહેરબાન હોય તે તમારા ઝમાનાના ઈમામ જ છે. માટે તેમના પર ભરપૂર મોહબ્બત રાખો અને તેમને પળવારને માટે પણ ન વિસારો.

## ૧૧. કઈ ચીજ ફખ્ર કરવાને યોગ્ય છે ?

અગિયારમી જવાંમર્દી એ છે કે અગર તમને ઈમામનો પંથ મળી ગયો અને તેમની બંદગી તથા મોહબ્બતમાં તમે મશગુલ રહેતા હો તો તમે વાજબી ફખ્ર તથા આનંદના હકદાર છો. એ સિવાય દુનિયાની કોઇ ચીજ પર ફખ્ર નહીં કરશો કેમ કે છેવટે દુનિયાની દરેક ચીજનો નાશ થઇ જનાર છે અને તે તમારે માટે દુઃખનું કારણ બનનાર છે.

## ૧૨. બાતુની પવિત્રતા

બારમી જવાંમર્દીનો મતલબ એ છે કે જે કોઇ મોમન છે તેણે પોતાના જાહેર તેમજ બાતુનને પાક અને સાફ રાખવું જોઇએ કે જેથી તેની સાથે ફિરશ્તાઓ રહી શકે. જો તેનું જાહેર તેમજ બાતુન નાપાક અને ગંદુ હશે તો તેની સાથે જાગૃત તેમજ નિંદ્રાની હાલતમાં જિન્નાત અને શયતાનો રહે છે. અને તેના દિલમાં ભૂત પ્રેતનો વાસો થાય છે માટે તમારે અંદર બહાર બધી રીતે સાફ તથા પવિત્રતાથી રહેવું જરૂરી છે.

જેવી રીતે જાહેરી શરિયતી લોકો, જાહેરી ઇબાદતને માટે પોતાની જાહેરી પાકીઝગી મેળવવા વઝુ કરે છે એવી રીતે હકીકતી મોમનોએ બાતુની પાકીઝગી કરવા માટે બાતુની વઝુ કરવું જોઇએ. મોમનને બાતુની પવિત્રતા તથા વઝુ કરતાં શીખી લેવું જોઇએ અને તેના પર અમલ કરવો જોઇએ.

ઈમામે ઝમાનની ફરમાનબરદારીમાં માથું ઝુકાવવું, મૌલાની બયઅતમાં હાથ દેવો, મૌલાની રાહમાં તથા આજ્ઞામાં ચાલવું, ઇમામની મોહબ્બત દિલમાં રાખવી ઇમામના પાક નામના રટણમાં ઝબાન સતત ચાલતી રાખવી, ઇમામની તારીફ તથા સ્તુતિ પ્રેમથી સાંભળવી અને ઇમામના દીદાર કરવા એ ક્રિયાઓ અનુક્રમે માથાની,

હાથની, પગની, દિલની, ઝબાનની, કાનની અને આંખની પવિત્રતાનાં સાધનો છે. યાને તે હકીકી મોમનના બાતુનને સાફ કરનાર રૂહાની વઝુ છે.

જે માણસ ઈમામના ફરમાન તથા કલામને તાબે થાય છે, તેનાં દરેક અવયવ પાક અને સાફ થઇ જાય છે.

જે માણસ ઈમામે ઝમાનથી બેખબર હોય છે તે મુન્કર હોય છે અને ઈમામની ઈમામતને કબુલ નથી કરતો, યા તેમની ઈમામત અને સરદારીમાં શંકા આણે છે તો તેની મિસાલ એક ગંદા અને મેલા ઘેલા માણસ જેવી છે. માટે એવા મુન્કર મુનાફીકોથી ખુદાની પનાહ માગો જેમણે શરીઅતને માત્ર જાહેરી પાકીઝગીમાં જ મર્યાદિત કરી દીધી છે. તેઓ બાતુની પવિત્રતા વિશે કંઇ જાણતા નથી. જો કે તેમણે જાહેરની સાથો સાથ બાતુનમાં પણ પાક અને સાફ રહેવું જોઇએ.

ઉચ્ચ જવાંમર્દીના બાર સિદ્ધાંતોનું વર્ણન સમાપ્ત થયું. જે માણસ આ સદ્‌ગુણોને અપનાવશે તો તે દીનના શહેનશાહનો ખાસ બંદો બની શકશે અને તે હકીકી દરગાહનો હકીકતી મોમન હશે.

આ એજ રહસ્યો છે જે જનાબ પયગમ્બરે ખુદા મોમિનોને માટે મએરાજથી લાવેલા હતા અને તેમના આદેશ મુજબ શાહે ઔલિયા મૌલા મુર્તઝાઅલી એ જાહેર કર્યા હતા, કે તમારા જમાનાના ઈમામ જે હાજર જમાનાના ધણી છે તેમને ઓળખો.

જે માણસ પોતાના હાઝર ઈમામને ઓળખે છે તે જ સાચો વહેદત શનાશ મોમિન છે.

ઓ મોમિનો, મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ અ. ફરમાવે છે કે જે કોઈ માણસ દુનિયામાં પોતાને કંઈ અથવા કોઈ પણ વ્યક્તિ સમજે છે તો તે નાશ પામી જનાર છે અને તે હસ્તીથી તદ્દન બેખબર છે ઈન્સાનને ન તો કોઈ હસ્તી (being) કહી શકાય કે ન તો નેસ્તી (nothing) કહી શકાય છે, ન તો નૂર છે, ન અંધકાર. ઈમામ કે જે સાહેબે વિલાયત છે તેવણ ખુદાવંદ અગર માણસનો હાથ પકડે તો જ તેને હસ્તી અથવા અમર જીવનના નૂરથી પ્રકાશીત થઈ શકે. અગર એ માણસ ઈમામનો મુન્કર હોય અને તેણે પોતાના ઝમાનાના ઈમામને બયઅતનો હાથ ન આપ્યો હોય તો તે નેસ્તી યાને નાશવંત તથા અંધકારમય થઈ જાય છે.

ઓ મોમિનો, જે માણસે દુનિયામાં અમારા પંથની હિદાયત પ્રાપ્ત કરી હોય અને એ કારણે તેને દીનના

દુશ્મનો તરફથી તકલીફ પહોંચી હોય, દીનની સેવામાં તે મહેનત અને મુસીબત ઉઠાવતો હોય અને અમારી મોહબ્બતમાં સાચો, નિખાલસ, પ્રમાણિક અને સાફદિલ હોય તો તેને આખરતમાં અમર શાંતિ અને સુખ નસીબ થશે અને તે પોતાના પરવરદિગારના દીદારમાં મસ્ત, પ્રફુલ્લ અને આનંદિત રહેશે.

જે માણસ દુનિયામાં સતપંથીઓની મિજલસમાં બેસીને દીનનું ઇલ્મ ગ્રહણ કરી તે પ્રમાણે ચાલે તો એ બંદા પર અમારી રહેમતની નજર થાય છે અને મરણ પછી તેનો રૂહ સલામતી અને શાંતિથી અલ્લાહના નૂરમાં મળી જાય છે.

# રૂહાની દીદારની શરતો

ઓ મોમિનો, હઝરત મૌલાના શાહ ઈમામ મુસ્તનસિરબિલ્લાહ અ. ફરમાવે છે કે હકીકતી મોમન તે જ છે, જે દ્વેષ દુશ્મની વગરનો અને સાફ હૃદયવાળો હોય છે. માટે જે માણસ દુનિયા અને આખેરતમાં અમારા દિદાર કરવા માગતો હોય તો તેણે દરેક જાતના દુર્ગુણ, દુશ્મની અને બુરાઈઓથી બચતા રહેવું જોઈએ. આ પ્રમાણે જેનું દિલ તદ્દન નિષ્પાપ અને નિર્દોષ તેમજ પાક થયું હોય તે જ દુનિયામાં અને આખેરતમાં પોતાના પરવરદિગારના દીદાર કરી શકશે. મોમન પર વાજબ અને લાઝમ છે કે તેનો પરવરદિગાર, જે દુનિયામાં જાહેર છે અને મનુષ્યના રૂપમાં છે તેને ઓળખે અને તેને જુએ કે જેથી તે આખેરતમાં પણ દીદાર કરી શકે.

બધા દુર્ગુણો અને ખરાબ કામોથી દુર રહો કેમ કે તમે અહીં જે સ્વભાવ અને જે ચીજની આદતો અપનાવી હશે તો તમારા મરણ પછી તમને એવા આકારમાં ઉઠાડવામાં આવશે.

# ફિંદીઆતે જવાંમર્દી

હઝરત મૌલાના શાહ ઈમામ મુસ્તનસિરબિલ્લાહ અ. ફરમાવે છે કે :

હાઝર ઈમામના ફરમાનમાં રહો જેથી આખરતમાં આઝાદ થશો.

જે કોઈ દુનિયામાં પોતાને કાંઈ નહિ લેખે તો તે આખરતમાં આબાદ થયો હશે અને સાતમા આસમાનમાં હશે.

## ફિંદીઆત નાનો બીજો

આખરતની દૌલતની વાત સાંભળો. મોમનને આખરતમાં હઝરત ખુદાવંદનો દીદાર ને મુલાકાત નશીબ થશે ને મુલકો બક્ષીસ કરશે ને મુલકોની જગ્યા સાતમા આસમાનમાં હશે. તરહ તરહનાં કપડાં પહેરશે તરહ તરહના ઘોડા પર સવારી કરશે ને "શરાબે અત" ને "શરાબે તહુરા" પીશે તે તહુરા શરાબનો પ્યાલો મુર્તઝાઅલીના હાથથી હોઝે-કઉશરમાં પીશે પચાસ હુરાઓ મોમનની નજદીક હશે. મોમન તે ઈમારતમાં મજા ખુશી ને ખુશાલી કરશે તે મોમનની ઈમારતમાં ઈબાદતના ઘર તરહ તરહના હશે એક. લીલા ઝમરૂદના

મોતીનો બીજો લાલયાકુત અને સોનાનો ત્રીજો માણેક ચોથો રૂપાનો હશે ત્યાં દિગગીરી અને ગુસ્સો નથી દુશ્મની અને અદેખાઈ અને વેરભાવના નથી ત્યાં થોડું ને વધારે ને નાનો કે મોટો નથી બધા મોમન એક રીતના હશે.

એલમના રસ્તે મારફતમાં ચાલ્યા જાવ પીરે ફરમાવ્યું છે કે એલમથી "ઈમામ"ને ઓળખો.

અઝાઝીલ ફિરસ્તો ખુદાની દરગાહમાં ઘણો પ્યારો હતો ને ખુદાની ઈબાદત બંદગી રાત અને દિવસ કરતો હતો એક ઘડી પણ ઈબાદત બંદગીથી ગાફલ નહી રહેતો હતો. તે વખતમાં લાનતનો તોક ખુદાના હુકમથી પેદા થયો ને ખુદાનું ફરમાન થયું કે આ લાનતનો તોક નાફરમાની માટે છે. તે વખતે બધા મલાએક ડરતા હતા ત્યારે અઝાઝીલ બધાને સમજુતી દેતો હત્તો કે અગર તોકની આફત તમારામાંથી કોઈની પણ એક જણ માથે આવશે તો હું છોડાવીશ તે એટલી મગરૂરી પોતાની ઈબાદત માથે કરતો હતો. એટલામાં હકસુબહાનહુતઆલાએ આદમ સફીઅલ્લાહને ખાકમાંથી પેદા કર્યો ને ઈન્સાન, જીન ને મલાએક પર ખુદાનું ફરમાન થયું કે આદમ ને સુજદો કરો. ત્યારે ખુદાના ફરમાન પર જીન, ઈન્સાન અને મલાએકે આદમને તુરત સુજદો કર્યો પણ તેજ એક શેતાન

મલઉને હકના ફરમાનમાંથી માથુ બહાર કાઢયું ને ઈલાહી ફરમાનમાંથી બહાર નીકળ્યો ને શેતાને બધા મલાયકોને ભેગા કર્યા ને કહ્યું કે મને ખબર છે કે ખુદાવંદતઆલાનું આ ફરમાન આવ્યું છે કે આદમના પુતલાને સુજદો કરો અને ખુદાના ફરમાનથી તમોએ સુજીદો કર્યો છે. પછી શેતાને કહ્યું કે મારી પૈદાશ અગ્નીની છે ને મારી હૈયાતી નુરની છે. ને આદમની પૈદાશ માટીની છે. ને પોતાની મગરૂરીથી કહ્યું કે આવી તેની ફરમાબરદારી હું નહીં કરૂં એવી રીતે નકામી મગરૂરી કરી, ત્યારે તેજ વખતે ખુદાની જુલ્મની નજરથી જે કાંઇ શેતાને ઈબાદત બંદગી કરી હતી શું જાહેર ને શું ગુપ્ત હતી તે બધી માથેથી પગ સુધી બળી ગઇ ને તાબડતોબ તેની બધી મહેનત બરબાદ થઇ ગઇ ને શેતાનનું નામ ખરાબ કરનાર અણ સમજુમાં લખાણું ને જે કાંઇ નેકીના કામો કર્યા હતા તે બધાં ગુનેહગારની બદીમાં હીસાબ કર્યો ને લાનતનો તોક શેતાનની ગરદનમાં નાખ્યો તે ઘણીજ મહેનત ખેંચે છે. ને કયામતના દિવસ સુધી ખુવાર ને રોતો રહેશે.

મૌલાના મુસ્તનસિરબિલ્લાહ (અ.સ.)

॥ સમાપ્ત ॥

# અમુલ્ય ભેટ

લેખક : બરકતઅલી નથુભાઇ

સંકલન : મીશનરી નશરૂદ્દીન હુંઝાઇ

મારા વહાલા રૂહાની ભાઇ બહેનો, યા અલી મદદ !

આજે હું આપની સમક્ષ એક બહુ મોંઘી કિંમતની બલ્કે અમુલ્ય ભેટ સંબંધે થોડું કહેવા માગું છું. એક એવી ભેટ કે જેને માટે તમારો પ્રાણપ્યારો મઝહબ હંમેશાં તમારી માગણી કરતો રહ્યો છે. ખાસ કરીને આ ભૌતિક પ્રગતિના જમાનામાં જ્યારે કે દીનના મુકાબલામાં દુનિયા બહુ ઠાઠ અને ઠસ્સાથી બની ઠનીને તમારી તરફ આગળ વધી રહી છે.

પણ સાચી રીતે જોવામાં આવે તો તમારી આ મોંઘી કિંમતની ભેટ દીનને માટે લોહીદાનથી કોઇ પણ રીતે ઓછી નથી. અલબત્ત એ વાતની જરાય ના નથી કે તમે ભાઇઓ અને બહેનોની દીની ખિદમતો પોત પોતાની જગ્યાએ પ્રશંશનિય અને ધન્યવાદને પાત્ર છે પણ તમારો પ્રાણપ્યારો મઝહબ તમારી પાસેથી એક વધુ કિંમતી અને જરૂરી નજરાણું માગી રહ્યો છે. એ અમૂલ્ય અને દુર્લભ વસ્તુ છે ઇલ્મનો પ્રચાર, ઇલ્મી ખિદમત.

મઝહબે ઇસમાઇલીયાને એ ખિદમતની એ વસ્તુની

અત્યંત જરૂરી છે. એની ખિદમત વગર તમારા દીનની મજબુતી અને પ્રગતિ અશકય છે.

હવે સવાલ એ પેદા થાય છે કે ઇલ્મની ખિદમત અણમોલ કેવી રીતે છે અને આપણે કેવી રીતે એ ખિદમત બજાવી શકીએ ? તો એ ખિદમત અણમોલ કેવી રીતે છે, કે આપણે માત્ર ઇલ્મની આંખ વડે જ આપણા ઇમામે બરહકને સાચા અર્થમાં ઓળખી શકીએ છીએ અને ઇલ્મ તથા ઓળખાણ ન હોય, તો કોઇ પણ માણસ ઇમામે ઝમાનના પંથથી ભૂલો પડી જાય છે. જેમ કે પીર સાહેબે ગિનાનમાં ફરમાવ્યું છે કે,

ગિનાન માંહે તો સાહેબ છે

યાને ઇલ્મ (જ્ઞાન)માં મૌલા પોતે જ બિરાજમાન છે તો આપણે પાક મઝહબી ઇલ્મની ખિદમત આ રીતે બજાવી શકીએ છીએ.

(૧) આપણાં શિક્ષિત ભાઇ બહેનો, દીની ઇલ્મની સંસ્થાઓ તેમ જ મઝહબી શાળાઓમાં શામેલ થઇને આ ખિદમત બજાવી શકે છે.

(૨) આપણે આપણાં ઘરોમાં તેમજ મોટા ભાગની મજલિસોમાં ઇલ્મના વિષયો પર ચર્ચા વિચારણા અને વાર્તાલાપ કરીને આપણા બાળકો, સ્વજનો અને મિત્રોને કંઇ ને કંઇ ઇલ્મના રંગે રંગી શકીએ છીએ.

(૩) આજકાલ આપણે સામાન્ય રીતે સારા પ્રસંગે

એક બીજાને ભેટ સોગાદો આપીએ છીએ તેમાં આપણે મઝહબી પુસ્તકોની આપલેના પણ ઉમેરો કરીએ તો એ જરૂર એક મહાન ઈલ્મની ખિદમત લેખાય.

(૪) જે ભાઈ બહેનોની મદદ આપણે કોઈ દુન્યવી ચીજો દ્વારા કરીએ છીએ તેમાં મઝહબી પુસ્તકોને પણ શામેલ કરી તેઓને વધુમાં વધુ ધર્મલાભ પહોંચાડી શકીએ છીએ.

(૫) અગર આપની નાણાંકિય હાલત સારી હોય, તો આપ દીની વિદ્યાકેન્દ્રો દા. ત. નાઈટસ્કૂલો અને બોર્ડીંગો વગેરેમાં વિદ્યાર્થી બાળબાળાઓને મઝહબી પુસ્તકો ભેટ આપીને પણ ઈલ્મી ખિદમત બજાવી શકો છો.

અંતમાં આ શબ્દોની સાથે મારી આ વિનંતી પૂરી કરું છું અગર આપ ઉપરોક્ત રીતોમાંથી કોઈ પણ એકને અમલમાં મુકશો તો ખાતરી રાખજો કે તમે આપણા પાક મઝહબે ઈસમાઈલીયાની ખિદમતમાં લોહીનું દાન આપ્યું એમ ગણાશે કેમ કે મઝહબ જે વસ્તુની ઓછપથી કમજોર અને વધારાથી શક્તિશાળી થાય છે તેની મિસાલ એવી છે કે જેવી માણસના શરીરમાં લોહી અને એવી ઈલ્મી ખિદમતો દ્વારા એક અનુપ ઈલ્મી ઈન્કલાબ લાવીને ઈસમાઈલી વાવટાને

ઊંચો ને ઊંચો ફરકાવી શકાય છે.

ખુદાવંદે આલમીન આપ સહુને ખિદમતો આપવાની તૌફિક અને હિમ્મત ઇનાયત ફરમાવે.

આમીન.

**॥ સમાપ્ત ॥**